યોજના
ISSN-0971-8400
# આયોજન અને વિકાસને સમર્પિત
વર્ષ : ૩૫ અંક : ૨ મે-૨૦૦૮ સળંગ અંક : ૬૮૯

Vol. XXXV No. II
મુખ્ય તંત્રી અનુરાગ મિશ્રા
ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા
તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મનીઓર્ડરથી પણ મોકલી શકાશે. મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**
અંબિકા કોમ્પ્લેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

| | | |
|---|---|---|
| (૧) બાળકના કોમળ હાથમાં પુસ્તક શોભે, ઓજાર નહિ | કૈલાશ સત્યાર્થી | ૦૨ |
| (૨) મજબુરીના મજુરોને કોણ છોડાવશે ? | પ્રા.મેઘનાદ દેસાઇ | ૦૪ |
| (૩) બાળમજૂરી પ્રત્યેની નૈતિક બાધ્યતા | શિરીન મિલર | ૦૬ |
| (૪) પરિવર્તન પ્રક્રિયામાં બાળકોની મહત્વની ભૂમિકા | કિરણ શર્મા | ૦૯ |
| (૫) રાષ્ટ્રીય સુરક્ષા પંચના અધ્યક્ષ શાંતા સિંહાની મુલાકાત | - | ૧૦ |
| (૬) બાળમજૂરીનું સામાજિક આર્થિક વિશ્લેષણ | ડો. મહેશ સોનારા | ૧૩ |
| (૭) બાળમજૂરોના માનવ અધિકારો | પ્રા. કામીની દશોરા | ૧૭ |
| (૮) બાળમજૂરી એક અભિશાપ | દર્શના જમીનદાર | ૨૦ |
| (૯) બાળમજૂરીનો ઉકેલ જરૂરી | ડો. રમેશકુમાર સોઢા | ૨૨ |
| (૧૦) બાળમજૂરીની સમસ્યા | પ્રા. કે. ડી. ઓઝા | ૨૪ |
| (૧૧) બાળમજૂરી : સામાજિક બદી | પ્રા. નિલેશભાઇ પટેલ | ૨૯ |
| (૧૨) બાળમજૂરીને ડામવા આવશ્કતા છે સહિયારા સંકલ્પની | હર્ષલ પંડ્યા | ૩૨ |
| (૧૩) ભારતીય બંધારણમાં બાળકોને મળતા અધિકારો | જ્યોત્સના પટેલ | ૩૫ |
| (૧૪) બાળમજૂરી : એક વિકટ પ્રશ્ન | વિપુલ વાળંદ | ૩૯ |
| (૧૫) બાળમજૂરી : શૈક્ષણિક અભિગમ | સ્મિતા વ્યાસ | ૪૩ |
| (૧૬) રાષ્ટ્રિય બાળ શ્રમ નીતિ અને નિયમો | ભરતકુમાર ઠાકર | ૪૫ |
| (૧૭) ભારતમાં બાળમજૂરીનું કારણ ગરીબી | રામેશ્વરી વાઘેલા | ૪૭ |
| (૧૮) રાષ્ટ્રીય સંપત્તિનું અવમૂલ્યનઃ બાળશ્રમ | ડો. હિંમત સેજલિયા | ૪૯ |
| (૧૯) બાળપણનો બચાવઃ માત્ર કાયદાથી નહીં | - | ૫૧ |
| (૨૦) જેલમાં જન્મ્યા અને જેલમાંજ ઉછરતા હજારો બાળકો | યશવંત કડીકર | ૫૨ |
| (૨૧) પોલીયો શું છે ? | - | ૫૪ |
| (૨૨) કૃષિ ઉપર કરવેરા શા માટે લેવાનું જરૂરી છે. | બી.ડી. વરૂ | ૫૬ |
| (૨૩) કૌટુંબિક હિંસા અધિનિયમ - ૨૦૦૫ | પ્રો. મુકેશ જોષી | ૫૮ |

## ટાઇટલ

| | | |
|---|---|---|
| ● આવરણ ડિઝાઇન | — | ૧ |
| ● યોજના જૂન ૨૦૦૮ | — | ૨ |
| ● યોજના જાહેરાત | — | ૩ |
| ● પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | — | ૪ |

**Website Address** : **www.publicationsdivision.nic.in**
**E-mail Address** : **(a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in**

# બાળકના કોમળ હાથમાં પુસ્તક શોભે, ઓજાર નહિ

કૈલાશ સત્યાર્થી

*બાળકના માતા પિતાની આવક અપર્યાપ્ત હોય ત્યાં બાળમજૂરી નો જન્મ આપો આપ થાય છે. સામે શાળાએ જવાને બદલે કારખાનામાં જતું બાળક શિક્ષણના અભાવે કદી પ્રગતિ કરી શકશે નહીં, માત્ર મજૂર બની રહેશે, આવતી કાલના યુવાનો પાસે ઝડપથી આર્થિક વિકાસ કરી રહેલા રાષ્ટ્રને ઘણી બધી અપેક્ષાઓ હોય છે. ત્યારે બાળકોને મજુરીમાં જોડાતા રોકી સર્વાંગી માનવમૂડી વિકાસની નીતિ અપનાવવામાં શાણપણ છે. દુર્ભાગ્યે, ભારતમાં નીતિ ઘડતરના દાયરામાં ગરીબી નાબુદી, શિક્ષણ તથા બાળ મજુરી જેવી ત્રણ બાબતોમાં બાળ મજૂરી છેલ્લા ક્રમે રહે છે. કેન્દ્ર દ્વારા કાયદો ઘડાયા બાદ તેના અમલનો બોજ સ્થાનિક સ્વરાજની સંસ્થા ઉપર નાંખી દેવાયો છે, જ્યારે બેકારી નિવારણ તથા શિક્ષણ પ્રસાર સરકારના સીધા અંકુશ હેઠળ ચાલતા કાર્યક્રમો છે.*



**ભા**રતમાંથી બાળ મજૂરી સમાપ્ત કરવા માટે ૧૯૯૬માં બાળ મજૂરી (નિયંત્રણ અને નિયમન) કાયદો ઘડાયા પછી આજે ૧૧ વર્ષ થઇ ગયા હોવા છતાં બાળકોને મજૂરીમાં ધકેલાતા રોકી શકાયા નથી. ભારત સરકારે પ્રસિધ્ધ કરેલા અંતિમ જાહેરનામાં પ્રમાણે આપણા દેશમાં ૧૨૬.૭૦ લાખ બાળકો મજૂરો હતા, જેને કાયદાના આગમન બાદ ઘટાડવામાં સફળતા મળી છે. છતાં હાલ ૬૬૬૯ બાળકો ક્યાંક ને ક્યાંક મજૂરી કરી રહ્યા છે. ઓછા ભાવે શ્રમિકો મળતા હોવાથી કારખાનેદારો કાયદાનો ડર રાખ્યા વગર બાળકોને કામે રાખે છે. કાઇપણ બાળકના જીવનનો સુવર્ણકાળ કહેવાય તેવા બાળપણના દિવસોમાં કારખાને જતા બાળકને રોકવાની જવાબદારી કોની ? બાળમજૂરીની સમસ્યાનો તાગ મેળવવા માટે ગરીબી કાયદાનો અમલ તથા બાળ શોષણ વચ્ચે રહેલા મજબૂરી ભરેલા આંતર સબંધને તપાસવો પડે. સખ્ત કાયદો ઘડવા છતાં બાળકોનું શ્રમિક તરીકે થતું શોષણ શા માટે ભારતમાં અટકતું નથી તે વિશે જાગૃત નાગરિકોએ વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

આખી દુનિયામાં બાળમજુરો માટે સૌથી સલામત સ્થળ ભારત ગણાય છે. કારણ કે અહીં બાળમજૂરીને ગરીબીના દ્રષ્ટિકોણને વાજબી ઠેરવવાની પ્રથા છે. આપણે ત્યાં એવી ખોટી માન્યતા ઘર કરી ગઇ છે કે ગરીબ પરિવારનું બાળક મજુરી કરીને ઘરખર્ચમાં ટેકો આપે તે અનિવાર્ય છે, કારણકે બે ટંક ભોજનનો પ્રબંધ કરવાની બાબત ગરીબો માટે સૌથી પહેલી અગ્રતા છે. જે સંતોષાયા પહેલા શિક્ષણ જેવી બાબતે કોઇ વિચાર કરે નહીં. બાળકોના વેતન દર ઓછા હોવાથી કારખાનેદારોને પણ અનુકુળ રહે છે. થોડા ઊંડા ઉતરો તો જાણશો કે આવી દલીલમાં કોઇ વજુદ નથી. ઉત્તર પ્રદેશ તથા કેરળ એવા રાજ્યો છે જેમાં ગરીબોની ટકાવારી સમાન છે. છતાં કારણે ૧૦૦ ટકા સાક્ષર છે. એક અંદાજ પ્રમાણે પ્રતિદિન રૂા.૧૦ મજુરી કમાતા ૬ કરોડ બાળ મજૂરો રૂા.૬૦ કરોડ જેટલો ફાળો કાચી ઘરગથ્થુ પેદાશમાં આપે છે. પરંતુ પુખ્ત મજુરનો પગાર ૭ થી ૮ ગણો વધુ હોય તેમ સમજી ફક્ત ૬ કરોડ મજૂરોને યોગ્ય વળતર છુટે તેવી રોજગારી આપવાનો પ્રબંધ થાય તો તેમના બાળકો શાળાએ જતા થાય અને બાળમજૂરીનો અંત આવે. પરિવારના પુખ્ત સભ્યની આવક વૃધ્ધિનો મોટો આધાર બાળકને કારખાને જતો રોકવામાં છે. બેકારી, નિરક્ષરતા અને ગરીબી જેવી ત્રણ સમસ્યાનો ઉકેલ આવો એક ઉપાય

(લેખક બચપન બચાવો આંદોલનના પ્રમુખ છે.)

કરવાથી આવી શકે.

આપણે ત્યાં એક વર્ગ એવો પણ છે જેની દલીલ છે કે બાળકોને ઊંચું વળતર અપાય અને જોખમી વ્યવસાયમાંથી બાકાત રખાય. તો પછી મજુરી રળવાના તેમના અધિકારનું રક્ષણ કરવામાં વાંધો શું છે ? દેશ માટે શ્રમિક બળ ઉભુ કરી શકાય આવો મત ગરીબી અને બાળ મજુરી વચ્ચેનું વિષચક્ર ખતમ કરવાને બદલે તેને સ્વીકૃતિ આપતો હોય તેવું લાગે છે. બાળકના માતા પિતાની આવક અપર્યાપ્ત હોય ત્યાં બાળમજુરી નો જન્મ આપો આપ થાય છે. સામે શાળાએ જવાને બદલે કારખાનામાં જતું બાળક શિક્ષણના અભાવે કદી પ્રગતિ કરી શકશે નહીં, માત્ર મજુર બની રહેશે, આવતી કાલના યુવાનો પાસે ઝડપથી આર્થિક વિકાસ કરી રહેલા રાષ્ટ્રને ઘણી બધી અપેક્ષાઓ હોય છે. ત્યારે બાળકોને મજુરીમાં જોડાતા રોકી સર્વાંગી માનવમૂડી વિકાસની નીતિ અપનાવવામાં શાણપણ છે. દુર્ભાગ્યે, ભારતમાં નીતિ ઘડતરના દાયરામાં ગરીબી નાબુદી, શિક્ષણ તથા બાળ મજુરી જેવી ત્રણ બાબતોમાં બાળ મજુરી છેલ્લા ક્રમે રહે છે. કેન્દ્ર દ્વારા કાયદો ઘડાયા બાદ તેના અમલનો બોજ સ્થાનિક સ્વરાજની સંસ્થા ઉપર નાંખી દેવાયો છે, જ્યારે બેકારી નિવારણ તથા શિક્ષણ પ્રસાર સરકારના સીધા અંકુશ હેઠળ ચાલતા કાર્યક્રમો છે.

આખી દુનિયામાંથી ગરીબી નાબુદ કરી નાંખવા માટે માનવ સ્ત્રોત વિકાસનું ધ્યેય યુ.એન ડેવલપમેન્ટ પ્રોગ્રામ તથા વિશ્વ બેંક દ્વારા નિર્ધારીત થયું છે. જેને પૂર્ણ કરવા માટે ભારત સહિતના ગરીબ નાગરીકોની મોટી સંખ્યા ધરાવતા દેશો કમર કસી રહ્યા છે. "સર્વ માટે શિક્ષણ"નું ધ્યેય હાંસલ કરવા માટે વિકાસશીલ રાષ્ટ્રોને પુરતું ભંડોળ ઊપલબ્ધ કરાવવા વિશ્વબેંક તૈયાર રહે છે. તો બીજી બાજુ ડકાર ધોષણાપત્ર હેઠળ "સર્વ માટે શિક્ષણ" નું લક્ષ્યાંક રખાયું છે તેને સાર્થક કરવા માટે યુનિસેફ શાળામાં છોકરીઓની સંખ્યા વધારવા માટે સઘન ઝુંબેશ ચલાવે છે. વિશ્વ શ્રમ સંસ્થા પણ કરાર કલમ ૧૮૨ હેઠળ બાળ મજૂરીના તમામ સ્વરૂપનો અંત લાવી દેવા તનતોડ મહેનત કરી રહ્યું છે. વિશ્વ સંસ્થાઓના ઉમદા ઉદ્દેશ અને કામગીરીની પ્રશંસા થવી ઘટે, પરંતુ તેમના કામ વચ્ચે કોઇ સંકલન નથી. પ્રત્યેક સભ્ય રાષ્ટ્ર દ્વારા આ સંસ્થાને દર વર્ષે ગરીબી નિવારણ વ્યુહરચના અંગે પેપર તૈયાર કરી જમા કરાવવું ફરજિયાત છે. પરંતુ આવા મહત્વના દસ્તાવેજમાં બાળ મજુરીની સમસ્યાનો ઉલ્લેખ જવલ્લે જ હોય છે. સન ૨૦૧૫ સુધીમા નિરક્ષરતા તથા ગરીબી નિવારણનો વિશ્વ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે આટલી જહેમત સભ્ય દેશો ઉઠાવી રહ્યા છે. છતાં તેમની ગરીબી નિવારણ વ્યુહરચનામાં શિક્ષણ પ્રસારને જોડવામાં આવતું નથી.

બાળમજૂરોની ઉત્પત્તિના કારણોની આવગણના આંતરરાષ્ટ્રીય સ્તરે ઘડાતી નીતિઓમાં જોવા મળે છે. તેમ આ સમસ્યા માટે કાર્યરત સંસ્થાઓ પણ ટૂંકી દ્રષ્ટિ ધરાવે છે. બાળમજુરોને છોડાવવાનું કામ કરતી સંસ્થાને બાળમજુરી નિવારણનું શ્રેય ન અપાય. સમગ્ર સમાજના આર્થિક ઢાંચાને અસર કરતા પરિબળો જેવાકે આવક સર્જનનું સ્તર, વેતનના દર, રોજગારીની સ્થિતિ, ઉદારીકરણને પગલે થયેલું ખાનગીકરણ તથા પ્રજા વિકાસ પ્રત્યે સરકારની જવાબદારી વગેરેનો અભ્યાસ કર્યા વગર બાળ મજુરી રોકવાનો ઉપાય જડે નહીં. મફત તથા ફરજિયાત શિક્ષણનો સાર્થક અમલ બાળ મજુરી નાબુદી માટે પુર્વ શરત છે. માટે તમામ સરકારી એજન્સીઓ દ્વારા ગરીબી, શિક્ષણ તથા બાળમજુરીને એક સાથે ત્રિવિધ વ્યુહરચના વડે સાંકળી લેવા રહ્યા. બાળ ગુનેગારો તથા અધુરા ભણતરે શાળા છોડતા ગરીબ બાળકોનો સીધો સબંધ ગરીબી નિવારણ કામગીરી સાથે છે તે સ્વીકારવું રહ્યું.

સન ૧૯૮૦માં શરૂ થયેલી બચપન બચાવો આંદોલન સંસ્થાએ ૭૫ હજાર થી વધુ બાળકો તથા ખંડીયા મજુરોને જીવલેણ તથા ઘાતક ઔદ્યોગિક પ્રક્રિયા ધરાવતા કારખાનાઓમાંથી છોડાવ્યા છે. આજે પણ આ સંસ્થા લાખો બાળકો સાથે જીવંત સંપર્ક ધરાવે છે. જેમના પરિવારો બાળમજુરીને તિલાંજલી આપવા કટિબધ્ધ છે. બિહારના માધેપુરા જિલ્લામાં આવેલી તિરાસી ગામે ઇંટોના ભઠ્ઠામાં મજુરી કરતા ૭ વર્ષના બાળક બન્ટીને આ સંસ્થાના કાર્યકરોએ ૨૦૦૧ માં છોડાવ્યા બાદ તેનું પુનર્વસન કરાયું હતું. તાજેતરમાં ફિલ્મ અભિનેતા આમીરખાનના હસ્તે પોગો અમેઝીંગ કિડ્સ લીડરશીપ એવોર્ડ-૨૦૦૭ એનાયત થયો હતો. બાલઆશ્રમમાં થોડો સમય રોકાઇને માધેપુરા ગામ પાછા ફરેલા બન્ટીએ સ્થાનિક શાળામાં ૬૦ બાળકોને દાખલ થવા માટે પ્રેરણા આપી મદદ કરી હતી. જેની કદર તરીકે તેને રૂા. ૫ લાખનું રોકડ ઇનામ પોગો એવોર્ડ અન્વયે પ્રાપ્ત થયું છે. સન્માન સમારંભમાં ઝળકેલા આ બાળકે પોતાની ભાષામાં કહેલું કે... "માબાપ જન્મ આપે છે, પરંતુ સારા કર્મ અને મહેનત વડે આપણે આ દુનિયામાં આપણું સ્થાન બનાવવું પડે છે." આપણે વિકાસ એવી દિશામાં કરવાનો છે જ્યાં પ્રત્યેક બાળકને શાંતિ, સન્માન, સહિષ્ણુતા, સમાનતા અને બંધુત્વનો અહેસાસ થાય.

# મજબુરીના મજુરોને કોણ છોડાવશે ?

પ્રો. મેઘનાદ દેસાઇ

*ભારતીય સમાજરચના જે આર્થિક ઢાંચામાં હાલ કાર્યરત છે તેમાં બાળમજુરી સમાપ્ત કરવી હાલ પુરતી મુશ્કેલ લાગતી હોવાથી એક પ્રશ્ન સૌએ સમજવો પડશે. શું મજુરી કામે જતું બાળક શિક્ષણ અને આરોગ્યના ભોગે નોકરી કરવા જાય છે ? તો અટકાવો. નાની વયે મજૂરી કરી આરોગ્ય બગાડતું બાળકી કદી તંદુરસ્ત નાગરિક બની શકશે નહી. સામે શિક્ષણથી વંચિત રહી તે ઉત્તમ જિંદગી જીવી શકાય તેટલો વિકાસ કરી શકશે નહીં. પરિણામે તેને આજીવન ગરીબ રહ્યા વગર છુટકો નથી. બાળ મજુરો એટલે ભવિષ્યના ગરીબ નાગરિકો. મધ્યમ માર્ગ તરીકે બાળકોને કામે રાખતા એકમોએ સસ્તા શ્રમબળનો લાભ લેવાની સાથે તેમના શિક્ષણ તથા આરોગ્ય તપાસની ખેવના કરવી જોઈએ. સરકાર તરફથી આવી કાળજી લેવા બદલ થનાર ખર્ચને ભરપાઈ કરી આપવાની વ્યવસ્થા થઈ શકે. કાર્યસ્થળે અક્ષરજ્ઞાનની વ્યવસ્થા કરનારને પ્રત્યેક મજુર-વિદ્યાર્થી બદલ સબસિડી પણ ચુકવી શકાય.*

**ભા**રત માટે બાળ મજુરીનો પ્રશ્ન અત્યંત જટીલ છે. શાળાએ જઇ મિત્રો સાથે આનંદ કિલ્લોલ કરવાનો માબાપની નજીક રહેવાના દિવસોમાં બાળકને કોઇ કારખાને મજુરી કરવા જવું પડે તે સ્થિતિને કોઇ હિસાબે વાજબી ઠેરવી શકાય નહીં. તમામ બાળકો બાળપણના શ્રેષ્ઠ દિવસો ભોગવી શકે તેવું આર્થિક સામાજિક વાતાવરણ ઉભુ કરવામાં ભારત નિષ્ફળ રહ્યું છે તે હકિકત છે.

બાળમજુરી પ્રત્યેના વિરોધને પશ્ચિમના દેશોની ફેશન ગણાતા કેટલાક લોકો માને છે કે બાળકો કામકાજ કરે, બે પૈસા રળે તેમાં વાંધો શું છે ? પશ્ચિમમાં વિકાસ પ્રક્રિયા ચાલુ હતી ત્યારે સસ્તી બાળ મજુરીનો ફાયદો ભોગવી લીધા બાદ હવે વિકસિત રાષ્ટ્ર બની ગયા બાદ દુનિયાને બાળમજુરીનો નિષેધ કરવાની સલાહ આપવા લાગ્યા છે તેવી પણ એક દલીલ છે. શિક્ષણના ભોગે બાળકોને મજુરીએ જવા દેવાય નહીં. મહાત્મા ગાંધીજીએ શિક્ષણને બદલે ચલણી બનાવેલા પર્યાય શબ્દ કેળવણી પણ ભણતરની સાથે ગણતરની વાત કરે છે.



ઘણી વખત સમૃધ્ધ રાષ્ટ્રો બાળમજુરી જેવો મુદ્દો ઊભો કરી અમુક દેશોના માલને વિશ્વ બજારમાં ઠલવાતો અટકાવવાનું અર્થ કપટ કરતા જોવા મળ્યા છે. બાળ મજુરીના દુષણ માટે એક વાત બહુ સ્પષ્ટ થવી જોઇએ કે આપણે બાળકોને કમાણી માટે કારખાને જવાનું સ્વાતંત્ર્ય કે વિકલ્પ આપી શકીએ છીએ કે નહીં, કારણ કે દારૂણ ગરીબીને કારણે જ નાની વયે કુટુંબ માટે પૂરક આવક રળવાની મજબુરી તેમને શ્રમિક બનાવે છે, તેમાં વિકલ્પ ક્યાં છે ? ઘણી વખત જરી કામ, બીડી વણાટ કે કારપેટ વણાટ કારીગરો પોતાના બાળકોને ઘરના ધંધામાં ટેકો કરવા કામે વળગાડે છે. માનવ શરીર માટે જોખમી હોય તેવા કામમાં પણ અજ્ઞાની માબાપ સ્વંય પોતાના બાળકોને ધકેલતા જોવા મળે છે. બુધ્ધિ પુષ્પ બનવી બાકી હોય તેવી અવસ્થા જ બાળપણ કહેવાતું હોય તે કારખાને જતો બાળક સ્વેચ્છાએ શિક્ષણને બદલે કમાણીનો વિકલ્પ પસંદ કરી રહ્યો છે તેવું કેમ મનાય? બાળકોને કામે રાખવાનો નિષેધ ફરમાવતા કાયદાઓ ઘડાયા હોવા છતાં બાળ મજુરી ચાલુ જ છે તે બાબત પુર્નવિચાર માટે કહે છે. ઘરકામ માટે બાળકોને કામે રાખી થોડી બક્ષિસ, થોડો પગાર આપી અને તેને ભુખમરામાં

(લેખક લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં પ્રોફેસર છે.)

ધકેલાતો પોતે અટકાવ્યાનો સંતોષ માણતા પરિવારોની સંખ્યા ભારતમાં ઓછી નથી. બાળમજૂરી ગેરકાનુની કે અનૈતિક છે તેવી માન્યતાનો સમાજમાં બિલ્કુલ અભાવ હોવાથી કોઇને બાળકો પાસેથી નજીવી રકમ ચુકવીને કામ લેતા શરમ આવતી નથી. ગરીબીને કારણે મજુરી કરવી અનિવાર્ય હોવાથી સરકારના આટલા પ્રયત્નો છતાં તે બાબત અટકતી નથી.

ભારતીય સમાજરચના જે આર્થિક ઢાંચામાં હાલ કાર્યરત છે તેમાં બાળમજુરી સમાપ્ત કરવી હાલ પુરતી મુશ્કેલ લાગતી હોવાથી એક પ્રશ્ન સૌએ સમજવો પડશે. શું મજુરી કામે જતું બાળક શિક્ષણ અને આરોગ્યના ભોગે નોકરી કરવા જાય છે ? તો અટકાવો. નાની વયે મજૂરી કરી આરોગ્ય બગાડતું બાળકી કદી તંદુરસ્ત નાગરિક બની શકશે નહી. સામે શિક્ષણથી વંચિત રહી તે ઉત્તમ જિંદગી જીવી શકાય તેટલો વિકાસ કરી શકશે નહીં. પરિણામે તેને આજીવન ગરીબ રહ્યા વગર છુટકો નથી. બાળ મજુરો એટલે ભવિષ્યના ગરીબ નાગરિકો. મધ્યમ માર્ગ તરીકે બાળકોને કામે રાખતા એકમોએ સસ્તા શ્રમબળનો લાભ લેવાની સાથે તેમના શિક્ષણ તથા આરોગ્ય તપાસની ખેવના કરવી જોઇએ. સરકાર તરફથી આવી કાળજી લેવા બદલ થનાર ખર્ચને ભરપાઇ કરી આપવાની વ્યવસ્થા થઇ શકે. કાર્યસ્થળે અક્ષરજ્ઞાનની વ્યવસ્થા કરનારને પ્રત્યેક મજુર-વિદ્યાર્થી બદલ સબસિડી પણ ચુકવી શકાય.

બાળકોને મજુરીએ રાખનાર એકમ કે પેઢીને સબસિડી આપવાનું સૂચન આંચકો આપશે. પણ આ રકમ બાળકને નોકરીએ રાખવા બદલ નહીં, પરંતુ બાળકના વિકાસમાં ખૂટતી કડી જોડવા માટે ઓપવાનું મારું સૂચન છે. બાળ મજૂરના ભવિષ્યની સંભાળ લેવી હોય તો આ વ્યવહારૂ ઉકેલ છે. બાળ મજુરોના આરોગ્ય તથા શિક્ષણની કાળજી લેવા માટે મોબાઇલ નોકરી કરતા શિક્ષકો તથા આરોગ્ય કર્મચારીઓની કેડર ઉભી કરવાનું પણ સરકાર વિચારી શકે. મજબુરીથી મજુરીએ આવતા બાળકના ભવિષ્યનો વિચાર કરી કાર્યસ્થળે આ બંને સેવાનો બંદોબસ્ત કરવો પડશે.

બીજો વિકલ્પ મજુરી કરતા બાળકોના માતાપિતાને સબસિડી દ્વારા શિક્ષણ તથા આરોગ્ય ખર્ચ ભરપાઇ કરી આપવાની વ્યવસ્થા ગોઠવવાનો છે. માતાપિતાના કારીગરીના વ્યવસાયમાં ઘેરબેઠા મદદ કરતા બાળકોને પણ આ વિકલ્પથી લાભ મળશે. વધુ એક વિકલ્પ "ચાઇલ્ડ બેનિફીટ" તરીકે નાણાકીય લાભ પ્રત્યેક પરિવારને સરકાર તરફથી આપવાનો છે. બાળકના શિક્ષણ તથા આરોગ્ય અંગે અદાજિત અને આદર્શ અંકનો આંકડો કાઢી પરિવારોને આપી શકાય. કદાચ સુખી પરિવાર આવો લાભ નહીં લે, મધ્યમ વર્ગ તો લઇ શકે. બાળક પ્રત્યે ફરજ અદા કરવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે.

દુનિયામાં કશે ભોજન મફત મળતું નથી. તે અર્થશાસ્ત્રના અર્ક જેવી કહેવત વારંવાર ટાંકતા નિષ્ણાતો થાકતા નથી. સબસિડી મળવાની સાથે કારખાનામાં આરોગ્ય તથા શિક્ષણની વ્યવસ્થા ગોઠવવાની બાબત ઉત્પાદન ખર્ચમાં વૃધ્ધિ કરશે. પરિણામે આપોઆપ બાળમજુરો રાખવાનું ચલણ ઘટતું જશે. બીજા વિકલ્પ પ્રમાણે જો માબાપને સબસિડી આપવી શરૂ થાય તો પણ ગરીબ પરિવારો બાળકોને કામે મોકલતા અટકશે. આર્થિક સહાય આપતા પગલાની રૂપરેખા દુરૂપયોગને રોકવા જેટલી મજબુત રાખવી પડે. બાળકોને ઓછું વેતન ચુકવી શકાતું હોવાથી ખર્ચ બચાવવા માટે નોકરીદાતા તેમને રાખે છે. પરંતુ સબસિડીનો લાભ મળ્યા પછીની સ્થિતિ ભારતીય પરિપ્રેક્ષ્યમાં વિચારવી રહી.

વાસ્તવમાં બાળમજુરી સ્વયં ગરીબીનો એક પ્રકાર છે. માટે ગરીબી નિવારણ માટેના પ્રયાસોમાં બાળકોના શોષણનો મુદ્દો કેન્દ્ર સ્થાને રાખી શકાય. ગરીબી હટે નહીં. ત્યાં સુધી બાળ મજુરી ઉપર પ્રતિબંધ મુકીને આપણે કદાચ બાળકોની અવદશામાં વધારો કરી રહ્યા છીએ. બાળકોનું શોષણ શિક્ષણની વ્યવસ્થા કર્યા વગર સમાપ્ત થવાનું નથી.

● ● ●

## ગ્રાહકોને વિનંતી

**યોજના અંક આપને મળે ત્યારે સરનામાં ઉપર ગ્રાહક નંબર તેમજ લવાજમ પૂરુ થવાની તારીખ લખેલી છે. તે તારીખે લવાજમ પૂરુ થાય તે પહેલા રીન્યુ કરાવી લેવા વિનંતી છે.**

**ટપાલ દ્વારા મોકલવામાં આવતા તમામ અંકો કાળજીપૂર્વક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જેથી સામાન્ય રીતે પાંચ દિવસ સુધીમાં તમામ ગ્રાહકોને અંક મળી રહે છે. આમ છતાં જો અંક ન મળે તો સંબંધિત ટપાલ કચેરીનો સંપર્ક કરવા વિનંતી. સરનામુ બદલાયું હોય તો તેની જાણ પણ કાર્યાલયને સમયસર કરી લેવા વિનંતી.**

- સંપાદક

# બાળમજૂરી પ્રત્યેની નૈતિક બાધ્યતા ? આજે નહીં તો પછી ક્યારે ?

શિરીન મિલર

*સોનાલી બે વર્ષ બાદ પશ્ચિમ બંગાળના તેના વતન સંદેશકુલી ખાતે પાછી ફરી છે. તે ૧૨ વર્ષની છે. છેલ્લા બે વર્ષ તે કોલકાતામાં ત્રીજા માળે આવેલા મકાનની સાફસુફી અને કુટુંબના પાંચ સભ્યો માટે રસોઈ બનાવવા જેવું ઘરઘાટીનું કામ કરી રહી હતી. એક દિવસ રસોઈ બનાવવામાં મોડું થતાં ઘરમાલિકે તેના હાથ પર બળબળતી દાળ રેડી દીધી હતી. આજે પણ એ બળેલા હાથ જોઈને તેની આંખમાં આંસુ આવી જાય છે. સોનાલી મહિને રૂપિયા ૪૦૦નું વેતન મેળવતી હતી. એક પડોશીની મદદથી માલિકને ત્યાંથી નાસીને તે ઘેર પહોંચી હતી.*

ભારતમાં બાળ મજૂરી વિરુદ્ધ કાર્યકર્તાઓને ઘણીવાર સ્વપ્નદ્રષ્ટા કહેવામાં આવે છે. તેમના પર પશ્ચિમના દ્રષ્ટિકોણને ભારતમાં આયાત કરવાના આક્ષેપ કરવામાં આવે છે. ભારત જેવા દેશમાં આપણે બાળમજૂરી નાબુદી સંભવ છે એવું સૂચવી જ કઇ રીતે શકીએ ?

એમની સમક્ષ દલીલ કરવામાં આવે છે કે બાળકો કામ નહીં કરે તો ભૂખે મરશે, અને ભૂખમરા કરતાં મજૂરી સારી.

તો બીજા પક્ષે આપણા જેવા લોકોને આશ્ચર્ય થાય કે સુમાહિતગાર, શિક્ષીત લોકો ૨૧ મી સદીમાં પણ બાળમજૂરીના મુદ્દે ગલ્લાતલ્લા કરે છે.

અને અહીંજ બુનિયાદી પ્રશ્ન છુપાયેલો છે. હા ભારત કડક કહી શકાય તેવા નહીં પરંતુ બાળમજૂરીના નિયમન માટે પૂરતા કહી શકાય તેવા કાયદા તો ધરાવે જ છે. અને છતાં લોકો બાળમજૂરીને ન્યાયી ઠેરવે છે, સહે છે અને તેનો સ્વીકાર પણ કરે છે. કોઇ પણ પ્રકારની કાનૂની જોગવાઇથી ફરક નથીજ પડતો. વાસ્તવમાં બાળમજૂરી અંગેના જાહેર મતને બદલીને, સહિષ્ણુતા અને સ્વીકૃતીનો ભંગ કરવાની આપણને તાતી જરૂરત છે. બુનિયાદી પણ બાળકોનુ આ શોષણ જ છે.

### બાળકો મજૂરી શા માટે કરે છે ?

ગરીબીની પ્રાર્શ્વભૂમિકામાં બાળકો કામ કરે છે.પરંતુ જે દેશ ૯ ટકાનો વિકાસદર ધરાવતો હોય એ દેશમાં બાળમજૂરી માટે ગરીબી એ ન્યાયી કારણ નથી જ. ખાસ કરીને ભારતના ઉત્તરપ્રદેશ, પશ્ચિમબંગાળ અને બિહાર જેવા ગરીબ વિસ્તારો અને તેમાંય નીચલી જાતિ અને આદિવાસી વિસ્તારના ગરીબ અને વંચિત બાળકોજ મોટેભાગે બાળમજૂર હોય છે.આપણે એ પણ જાણીએ છીએ કે પૂર અને દુષ્કાળ જેવી કુદરતી હોનારત બાદ પોતાનું સર્વસ્વ ગુમાવી ચૂકેલા પરિવારોના બાળકોને મજૂરી કરવાની ફરજ પડતી હોય છે. ઘણીવાર બાળકોને તેમના સગા કે પછી વચેટીયા શહેરોમાં કામ પર લઇ જતા હોય છે. અને જ્યાં તેમના પાસે વર્ષો સુધી વેઠિયાની જેમ કામ લેવાનું હોય છે. જો કે થયેલા સંશોધન અને અનુભવે એવું પુરવાર કરે છે કે આવા બાળકો ખૂબ જ જૂજ કે પછી ના બરોબર કમાણી જ કરતા હોય છે. ગરીબ માતાપિતા કાયદાથી અજાણ હોય છે. એટલું જ નહીં પરંતુ બાળકની ભલાઇના અપાતા વચનોથી દોરવાઇ પણ જતા હોય છે. સરકારની ગરીબી નાબુદી યોજનાઓ (હાલમાં ૨૮ છે) થી પણ તેઓ અજાણ હોય છે. બાળમજૂરીમાં જોડાતાં બાળકોના વિકાસને થતા નુકસાન કે પછી ભવિષ્યમાં સારી રોજગારી મળવાની શક્યતાઓથી પણ તેઓ અજાણ હોય છે. પરંતુ હા, એકવાર આ બધા લાભો જાણી ગયા બાદ, આપણે પણ જોઇએ છીએ કે એક મામુલી રીક્ષાચાલક પણ પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે જરૂરી બની રહેતા બલિદાનો આપતા ખચકાતો નથી. તો કેટલાક કિસ્સામાં તેનાથી વિપરીતપણે

(લેખિકા 'સેવ ધ ચિલ્ડ્રન' સંગઠન સાથે સંકળાયેલ છે.)

કપાસ પકવતો ખેડૂત પણ પોતાના સંતાનને મજૂરીએ મોકલતો હોય છે. કેટલાક કિસ્સામાં કુટુંબનો મોભી બિમાર હોવાથી કે પછી શરાબની ભારે લત ધરાવતો હોવાથી પણ બાળકોને મજૂરીએ જવા મજબૂર બનવું પડે છે.

વેઠિયા બની ચૂકેલા બિન્દેશ્વરની દાસ્તાન હૃદયદ્રાવક છે મધુલતી જિલ્લાના મધેપુર તાલુકાના જંગત મંડલે ગામના જ રહીશ શિવકાન્ત ઝા પાસેથી ૨૦ વીઘા જમીન ગિરવે મૂકીને રૂપિયા ૨૬,૦૦૦/- ઉધાર લીધા હતા. જગત મંડલે રીક્ષા ખેંચીને ભારે મજૂરી કરીને શિવકાન્ત ઝાને હપ્તામાં રૂપિયા ૨૬,૦૦૦/- ભરપાઇ કર્યા હતા. પરંતુ ઝાએ તેને જમીન પાછી આપવાનો ઇન્કાર કરી દીધો હતો. શિવકાન્ત ઝાએ એ જમીન લાલેશ્વરસિંહને આપી દીધી એટલું જ નહીં પરંતુ પૂરેપૂરી રકમ ના મળે ત્યાં સુધી જગત મંડલના પુત્ર બિન્દેશ્વરને વેઠિયાના રૂપમાં ઘરનું કામ કરવા રાખી લેવાની માંગણી કરી. બાળક બિન્દેશ્વર કામમાં કોઇ ભૂલ કરે તો જીતેન્દ્ર ઝા અને તેની પત્ની તેને બેરહેમીથી માર પણ મારતા હતા. જીતેન્દ્ર ઝા શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. અને કાયદાની જોગવાઇ મુજબ કોઇપણ સરકારી કર્મચરી ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને મજૂરીએ રાખે તો તેને સસ્પેન્ડ કરી શકાય છે.

બાળ મજૂરી પાછળનું બીજું કારણ તે શિક્ષણનો અભાવ છે. સર્વ શિક્ષા અભિયાન છેડયા બાદ સરકારે એક કિ.મી.ની ત્રિજયામાં શાળા આપવાનું વચન આપ્યું છે એટંલું જ નહીં ૬ થી ૧૪ વર્ષની ઉંરમના બાળકો માટે વિનામૂલ્ય અને ફરજીયાત કરવામાં આવ્યું છે. આવી સ્થિતિ હોવા છતાં બધાજ બાળકો શા માટે શાળામાં જતા નથી અને મજૂરી પણ કરે છે.

આંધ્રપ્રદેશની સરકાર દાવો કરે છે કે શિક્ષણ પ્રસારના માધ્યમથી તેને રાજયમાં ૧૯૯૧માં પ્રવર્તી રહેલા ૧૬.૬ લાખ બાળમજૂરોના પ્રમાણમાં ઘટાડો કરીને વર્ષ ૨૦૦૭માં ૨.૪૮ લાખની સપાટીએ લાવવામાં સફળતા મળી છે.

ચાર લાખ જેટલા બાળકોને મજૂરીથી મુક્ત બનાવીને શાળામાં પ્રવેશ મેળવવાની દિશામાં મહત્વની ભૂમિકા અદા કરી ચૂકેલા એમવી ફાઉન્ડેશનના જણાવ્યા મુજબ સામુદાયિક પ્રયાસનું આ ફળ છે. આ હેતુસર પરિવારોને પ્રત્યેક બાળકના શિક્ષણના અધિકાર અને તેમના કલ્યાણ માટે ઉપલબ્ધ સરકારની વિવિધ યોજનાથી વાકેફ કરવમાં આવ્યા હતા.

સ્થિતિ એટલી જટિલ છે કે બાળ મજૂરી ગરીબીના વમળમાંથી ફંગોળાઇને બહાર નથી આવી જતી પરંતુ ગરીબીના વમળનેજ ઊંડા બનાવે છે.

આમ આપણે જોઇએ તો બાળ મજૂરી નાબુદીની દિશામાં ગરીબી એ કોઇ મોટો અવરોધ નથી. પરંતુ બાળમજૂરીની સ્વીકૃતી, શિક્ષણ, યોગ્ય વિકલ્પનો અભાવ વગેરે બાબતો બાળકોને મજૂરી તરફ ધકેલે છે. હવે પ્રશ્ન એ થાય છે કે બાળકોએ તેમના માતાપિતાની ગરીબીનો બોજ કે પછી કમાવાની અણઆવડત કે અનિચ્છાનો બોજ ઉઠાવવો જોઇએ ? આપણા બાળકો પાસેથી આપણી આવી અપેક્ષા છે ?

### અર્થશાસ્ત્રનો પ્રશ્ન : લોકો બાળકોને કેમ મજૂરીએ રાખે છે ?

આપણે જાણીએ છીએ કે વયસ્ક શ્રમિકોના મુકાબલે બાળકોને અડધું વેતન અપાય છે અને ક્યારેક તો વેતનજ નથી અપાતું. તેમની પાસેથી ૧૨ થી ૧૫ કલાક કામ લેવામાં આવે છે. ક્યારેક શારીરિક અને જાતીય શોષણ પણ થાય છે. અર્થાત બાળમજૂરી સૌથી સસ્તાં છે. એટલું જ નહીં પરંતુ આસાનીથી શોષણ થઇ શકે છે. આ બાળકો અને તેમના પરિવારોનું શોષણ એટલા માટે થઇ શકે છે કારણકે તેઓ ગરીબ હોય છે. શહેરીકરણ અને સસ્તાં મજૂરોની માંગમાં થયેલા વધારાએ પણ બળતામાં ઘી હોમ્યું છે.

કેટલાક રાજ્યોમાં વેઠિયા મજૂરોનું અસ્તિત્વ નહીં હોય પરંતુ ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં વેઠિયા મજૂરોનું પ્રમાણ છે જ. કોન્ટ્રાકટર કયારેક માતાપિતાને ઉધાર રકમ આપતા હોય છે અને પછી આગળપાછળ કશું જોતા જ નથી. આ રકમની ચૂકવણીના રૂપમાં માતાપિતા જ બાળકોને મજૂરીએ મૂકી દેતા હોય છે.

### બાળકોનું બાળપણ છીનવી લેવું કેટલું ન્યાયી ?

સંશોધનો બતાવે છે કે બાળકો બાળપણ ભોગવવાનો અધિકાર મેળવી શકે તે હેતુસર સામુહિક પ્રતિબધ્ધતાની જરૂર છે. બાળપણ તે શિક્ષણ મેળવવાનો અને આનંદ કિલ્લોલ કરવાનો અધિકાર છે. બાળકને આ માટેની તક આપવી તે મોટેરાઓની જવાબદારી છે. બાળમજૂરી અંગેની સાંસ્કૃતિક અસ્વીકૃતી, રાજકીય પ્રતિબધ્ધતા અને ભંડોળની મદદથી જ આ સંભવ બની શકે.

### બાળમજૂરી એટલે શું ?

બાળકની શારીરિક, માનસિક, શૈક્ષણિક અથવા સામાજિક વિકાસ પ્રક્રિયાને કુંઠિત કરતી કોઇપણ સ્વરૂપમાં બાળક દ્વારા થતી મજૂરી, એટલે બાળ મજૂરી. આ બાળમજૂરી નાબુદી થવી જોઇએ. આવા બાળકોનું આર્થિક,

શારિરિક, અને જાતિય શોષણ પણ થતું હોય છે. તેઓને સખત શ્રમ કરવાની ફરજ પાડવામાં આવતી હોય છે. દિવસમાં ૧૨ થી ૧૫ કલાક કામ લેવાતું હોય છે. ક્યારેક તો ખોરાક, આરામ અને શિક્ષણથી પણ વંચિત રખાતા હોય છે. જે દેશની વાર્ષિક માથાદીઠ આવક ૩૬૦૦ છે તેવા દેશમાં કેટલાક બાળકો તો મહિને સરેરાશ ૧૫ ડોલર જેટલું જ કમાતા હોય છે.

**કાયદોનો અમલ**

બાળમજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ ૧૯૮૬માં લાગુ કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ હેઠળ ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને ૭૦ જેટલા જોખમી વ્યવસાયિક કામોમાં જોતરવા સામે પ્રતિબંધ લાદવામાં આવ્યોહતો. જો કે સત્તાવાર આંકડા મુજબ ભારતમાં હજુ ૧.૩ કરોડ બાળકો મજૂરી કરે છે. તો સ્વૈચ્છિક સંગઠનોના અંદાજ મુજબ તો આ આંકડો ૬ કરોડનો છે. અને છતાં કાયદો અમલમાં આવ્યાથી આજદિન સુધીમાં માત્ર ૬૦,૦૦૦ ફરિયાદ જ થઇ છે.

શ્રમ એ રાજ્યનો વિષય છે અને તેથી અધિનિયમના અમલની કામગીરી પણ રાજ્યે નિભાવવાની રહે છે. પ્રત્યેક રાજ્ય અધિનિયમના અમલ હેતુ પગલાં કાર્યક્રમ ઘડી કાઢે તે આવશ્યક છે. શ્રમ મંત્રાલયે તો બાળમજૂરોના બચાવ અને પુનઃવસન કામગીરી માટેની ફાળવણી ૧૭ કરોડ ડોલરથી વધારીને એક અબજ ડોલર સુધીની કરી દીધી છે. આથી કરીને હવે રાજ્ય સરકાર શાળા છોડી ગયેલા બાળકોના પુનઃશાળાપ્રવેશ, બાળમજૂરીમાં જોતરાયેલા બાળકોને મુક્ત કરીને, તેમના પુનઃવસનની કામગીરી વગેરે રસપૂર્વક નિભાવે તે જરૂરી બની રહ્યું છે.

આ હેતુસર બાળ મજૂરી અધિનિયમના અમલની સાથોસાથ જુવેનાઇલ જસ્ટિસ કેર એન્ડ પ્રોટેક્શન એક્ટ (૨૦૦૦), ઓફેન્સિસ એગેન્સ્ટ ચિલ્ડ્રન એક્ટ એન્ડ ધ ઇમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્સન એક્ટનો પણ અમલ કરવામાં આવે તે જરૂરી બની રહ્યું છે. શહેરમાં ટ્રાફિકિંગ કરતી એજન્સીઓને નિયંત્રીત કરવા રાજ્ય સરકાર પણ કાયદો ઘડી શકે છે. આ સમગ્ર બાબતોનો ભોગ બાળકો બનતા હોય છે. આ સંજોગોમાં સમસ્યાના ઉપાય શોધવા માટે પણ તેમના મંતવ્ય જાણવા જોઇએ.

**આપણે શું કરી શકીએ ?**

બાળમજૂરી તે જટિલ સમસ્યા છે. આ સમસ્યાના સમાધાન માટે લાંબાગાળાના પ્રયાસ જરૂરી છે. બાળ મજૂરી નાબુદીને સર્વશિક્ષા અભિયાન પ્રતિની વચનબધ્ધતાના સંદર્ભમાં મુલવવાની જરૂરી છે. દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે પણ આ જરૂરી છે.

આ હેતુસર કાયદાના અમલ કર્તાઓ, શ્રમિકોને રોજગારી આપનારી કોર્પોરેટ અને ખાનગી કંપનીઓ ઉપરાંત મુલ્કી સમાજે પણ પગલાં લેવાની જરૂર છે. આ માટે પ્રથમ તે બાબતને માન્યતા આપવી રહી કે તમામ બાળકો સારૂ આરોગ્ય અને શિક્ષણ ધરાવતા હોવા જોઇએ. બાળ મજૂરી સ્વીકૃત બાબત નથી અને તે બાળકોનું બાળપણ ચોરી લે છે.

બાળકોના હિતોને ધ્યાને રાખીને બાળમજૂરી અટકાવતી તમામ જોગવાઇનો અમલ થવો જોઇએ. બાળક એક મજૂરીમાંથી બીજા પ્રકારની મજૂરીમાં જોતરાય એવું ના બનતાં તેના પુનઃવસન, શિક્ષણ અને વિકાસની વ્યવસ્થા થવી જોઇએ.

**કોર્પોરેટ જગત શું કરી શકે ?**

કોર્પોરેટ જગતે સ્પષ્ટ ઘોષણા કરવી જોઇએ કે તેને બાળમજૂરી સ્વીકાર્ય નથી. પોતાના તમામ પુરવઠા અને ઉત્પાદક એકમોને પણ આચારસંહિતા રૂપે આ નિયમ પાળવા સુચના આપવી જોઇએ. ક્વોલિટી કંટ્રોલની જેમ આ નિયમનું પણ ચુસ્તતાથી પાલન થાય તેવી તકેદારી રાખવી જોઇએ.

**પરિવારોને સાચી સમજ**

વાસ્તવમાં ગરીબ પરીવારોને બાળ અધિકારોનો ભંગ બાળકોને દુઃખમાં ધકેલે છે અને બાળમજૂરીના લાભો તો ટૂંકાગાળાના છે એ વાત ગળે ઉતારવી એજ નિર્ણાયક કામગીરી છે. પરિવારો એ બાબતથી જાગૃત બને કે બાળકો માટે અનેક શૈક્ષણિક યોજનાઓ અને કાર્યક્રમો ઉપલબ્ધ છે અને બાળકોને શિક્ષણ મેળવવામાં ટેકારૂપ બને એની ખાસ જરૂર છે.

ગરીબી અને ખાસ કરીને દુર્ઘટનાનો ભોગ બનેલા વિસ્તારોમાં ગરીબી નાબુદી કાર્યક્રમો પહોંચે તે જરૂરી છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને બાળમજૂરીમાં જોતરાતા અટકાવવા માટેનું તંત્ર સુદઢ બનાવવાની પણ જરૂરીયાત છે.

**નાગરિક તરીકે સાચી દિશામાં પ્રયાણ**

આપણે આવું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ. આપણાં બંધારણમાં અપાયેલા 'સમાનતા'ના અધિકારનો સાચો અર્થ એ છે કે આપણા તમામ બાળકોને શિક્ષણ પણ મળવું જોઇએ. આપણે એવી પ્રથમ પેઢી બનવાની સ્થિતિમાં છીએ કે જે પેઢી બાળ મજૂરીને સ્પષ્ટ પણે નકારીને બાળકોને શોષણમુક્ત કરીને ભૂખમરાથી મરતા અટકાવી શકે.

# પરિવર્તન પ્રક્રિયામાં બાળકોની મહત્વની ભૂમિકા

કિરણ શર્મા

પરભણી જિલ્લા (મહારાષ્ટ્ર)ના ગંગખેડ બ્લોકના ચિંચતકલી ગામના ૧૨ વર્ષના દીપકને પારિવારિક ગરીબીને કારણે શાળા છોડવી પડી. દીપકના પિતાએ બહેનના લગ્ન માટે લોન લેતા કુટુંબ દેવાની ખાઈમાં ફસડાઇ પડ્યું હતું. પરિવાર માટે વધુ આવક લાવવામાં મદદરૂપ થવાની દીપકને ફરજ પડતા કુટુંબની બકરીઓની સાથે અન્ય પરિવારોની બકરીઓ ચરાવવાની જવાબદારી માથે લઈને કમાણી શરૂ કરી. આ કામ માટે તેને પ્રતિમાસ રૂપિયા ૫૦૦ મળવા લાગ્યા.

વર્ષ ૨૦૦૭ના આરંભકાળમાં આ વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંગઠન સામાજિક-આર્થિક વિકાસ ટ્રસ્ટના કાર્યકર્તા દત્તા જાદવના ધ્યાને દીપકની દાસ્તાન આવી. આ સંગઠન છેલ્લા ૨૫ વર્ષથી બાળકોની સમસ્યાઓના મુદ્દે કાર્યરત છે. સંગઠનની કાર્યશૈલી જરા હટીને છે. દત્તા જાદવે દીપકના માતાપિતાને તેને ફરીથી શાળામાં મૂકવા માટે સીધી અપીલ ના જ કરી.

આવી સીધી અપીલ કરવાને બદલે સંગઠને ગામમાં આવેલી બાળપંચાયતના યુવાન સભ્યોની મદદથી અભિયાન છેડ્યું. બાળપંચાયતના બાળસભ્યોએ જ દીપકને શાળામાં ભણવાની કેવી મજા પડે છે તે સમજાવવાની શરૂઆત કરી. તેમણે દીપકને જીવનમાં શિક્ષણના મહત્વ વિષે પણ સમજાવ્યું. આ વાતોથી પ્રોત્સાહિત થઈ દિપકે પણ અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો બાળકો પાસેથી માંગીને બકરીઓ ચરાવતાં ચરાવતાં વાંચવાનું શરૂ કર્યું.

સંગઠનની બાળપંચાયતે ત્યારબાદ ગામમાં શાળા પ્રવેશ કાર્યક્રમનું આયોજન કર્યું. દીપકને પણ આ હેતુસરની રેલીમાં હાજર રહેવા સમજાવવામાં આવ્યું. આગળ જતાં તેને અને તેના માતાપિતાને જૂન-૨૦૦૭ માં તાલુકા સ્તરે યોજાનારી રેલીમાં હાજરી આપવા માટે પણ સમજાવવામાં આવ્યું.

આ સમગ્ર પ્રક્રિયાની દીપકના પિતા પર ઈચ્છીત અસર થઈ. દીપકના પિતાએ નિર્ણય લીધો કે દીપકને કામે ચઢાવવાના બદલે તેના માટે લાંબાગાળાનું રોકાણ વધુ હિતકર છે. અને આજે દીપક પોતાના મિત્રો સાથે છઠ્ઠા ધોરણમાં ભણી રહ્યો છે.

આ જ રીતે પરભણી જિલ્લાના સંખ્યાબંધ ગામોમાં બાળપંચાયતો શાળા છોડી ગયેલા બાળકોને પાછા શાળામાં લાવવા ખૂબ જ મદદરૂપ બની. સામાજિક-આર્થિક વિકાસ ટ્રસ્ટના માધ્યમથી બાળપંચાયતો મારફતે થયેલી પહેલને પગલે પુઅરેસ્ટ એરિયા સિવિલ સોસાયટી કાર્યક્રમ હેઠળ પરભણીની જિલ્લાના ૨૨૦ ગામોના તમામ બાળકો શાળામાં દાખલ થાય અને બાળમજૂરીથી સદંતર મુક્ત રહે એ પ્રકારે "શાળા બહાર મુક્ત" ઝુંબેશ ચલાવવામાં આવી.

પ્રત્યેક બાળપંચાયતમાં પાંચમાંથી સાતમાં ધોરણમાં અભ્યાસ કરતા ૨૦ થી ૩૦ ઉત્સાહી બાળકો છેકે જે સ્વૈચ્છિક રીતે ગ્રામોત્થાન માટે કાર્યરત છે. બાળકો સાથે વાતચીત કર્યા બાદ પધ્ધતિસરના પ્રશિક્ષણ કાર્યક્રમનું પણ આયોજન થયું. બાળકોને શિક્ષણ અને રમવાના અધિકારની પણ સમજ આપવામાં આવી. શાળા અને બાળકો ગ્રામ વિકાસનું કેન્દ્ર બની રહે એ દિશાના સઘન પ્રયાસો તરફ પણ બધાનું ધ્યાન ગયું.

બાળપંચાયતોએ ગામની જ અન્ય સામાજિક સંસ્થાઓ જેમ કે મહિલા જૂથ, ગ્રામ શિક્ષણ સમિતિ અને યુવા જુથો સાથે મળીને બાળકોને શાળામાં પાછા લાવવાનું અભિયાન છેડ્યું. વાલીઓને સમજાવવા પ્રયાસ થયો કે બાળકો કામ પર જશે તો રોજના માત્ર રૂપિયા પચીસેક કમાશે. પરંતુ તેમને શાળામાં મોકલવામાં આવશે તો તેનો સંપર્ક વિશ્વ સાથે થશે. ભવિષ્ય સુરક્ષિત બનશે.

ગામની અન્ય સામાજિક સંસ્થાની મદદથી બાળપંચાયતોએ એ વાતનું પણ ધ્યાન રાખ્યું કે શાળામાં દાખલો મેળવી ચૂકેલા બાળકો શાળા છોડી ના જાય. આ હેતુસર શાળાના વાતાવરણને આકર્ષણ બનાવવા પ્રયાસ થયા. સરકાર તરફથી મળતી સહાયથી શાળાને સુંદર બનાવવામાં આવી. આ પ્રદેશને સત્તાવાર રીતે પછાત જાહેર કરવામાં આવેલ છે. પ્રદેશમાં બાળ પંચાયતોની મદદથી પર્યાવરણ, આરોગ્ય, સ્ત્રી-પરુષ સમાનતા જેવા મુદ્દે સમાજમાં સંદેશો આપવા પણ પ્રયાસ થઈ રહ્યો છે.

• • •

(લેખિકા પુવરેસ્ટ એરિયાઝ સિવિલ સોસાયટી પ્રોગ્રામના નિયામક છે)

# "અને બાળ મજૂરીને દઢ પણે ના કહો"

મુલાકાત

*મેગ્સાયસાય એવોર્ડ વિજેતા અને* **બાળ અધિકાર સુરક્ષા રાષ્ટ્રીય પંચના અધ્યક્ષ** ***શાંતા સિંહા****ને લાગે છે કે બાળકને શાળાએ મોકલવાના ગંભીર પ્રયાસ થયા જ નથી. બાળકોના અધિકારોની રક્ષા માટે પોષક આહાર અને શિક્ષણ કોઈ પણ સરકારની નીતિના મુખ્ય મુદ્દા હોવા જોઈએ.* **મુખ્ય સંપાદક (યોજના)** ***અનુરાગ મિશ્રા*** *ને ખાસ મુલાકાત આપતાં તેઓએ "નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ" (એનસીપીસીઆર) વિશેની પોતાની ચિંતાઓ અને અગ્રિમતાને વાચા આપી છે.*

- ***ભારતમાં કુપોષણપીડિત બાળકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં છે. આ સંખ્યા આફ્રિકાના સહરા પ્રદેશમાં વસી રહેલા આ પ્રકારના બાળકોથી પણ વધુ છે. આ મુદ્દે "એનસીપીસીઆર"નો વ્યૂહ શું છે?***

પ્રથમ તો કુપોષણપીડિત બાળકોની સંખ્યા ભારતમાં આટલી હદે છે તે વાત ગળે ઉતરતી નથી. પીડીત લોકોને તેમની સૌથી નબળી પળોમાં મદદરૂપ થવાની પ્રક્રિયા ચાલી રહી છે, અર્થાત કુપોષણ પીડિત બાળકો એ તો લોકશાહીની કસોટી છે. આ દિશામાં મળતી અવિરત નિષ્ફળતા રાષ્ટ્રની પ્રગતિ માટે વાંધારૂપ છે. બાળકોને ભૂખમરા અને કુપોષણથી બહાર લાવવા માટે જાહેર દબાણ અને વ્યવસ્થાની નિષ્ફળતા સામે અવાજ ઉઠાવવાના માર્ગે જ લડત આપી શકાય. સરકારે પણ બાળકોને આહાર પુરી પાડતી આઈસીડીએસ તેમજ મધ્યાહન ભોજન જેવા કાર્યક્રમોના માળખાને સુદઢ બનાવવા જોઇએ અને કુપોષણ માટે સરકારને જવાદદાર પણ રાખવી જોઇએ.

એનસીપીસીઆર તે બાળકોને પોષક આહારના અધિકારના ભંગના પ્રશ્ને જાહેર જાગૃતિનું વાતાવરણ સર્જે છે. બાળકોના કુપોષણ અંગેની ફરિયાદ મેળવે છે અને રાજ્ય સરકારને તે દિશામાં કામ કરવા બાધ્ય કરે છે. આ પ્રશ્ને જાહેર સુનાવણી રાખીને ઝડપી પગલાં લેવા રાજયને સૂચના આપે છે. આઈસીડીએસના માધ્યમથી છ વર્ષથી નીચેના તમામ બાળકોને આવરી લેવાના સર્વોચ્ચ અદાલતના આદેશના નિયમન અને સમર્થનની ભૂમિકા અદા કરવા ઉપરાંત આંગણવાડીના બે કાર્યકરો, ગરમ રાંધેલા ખોરાકની જોગવાઇ વગેરે માટે ભલામણ કરે છે. પ્રાથમિક શાળામાં જતા તમામ બાળકો માટેના મધ્યાહન ભોજનના મુદ્દે જાહેર સુનવણીની કામગીરી કરે છે અને બાળકોને આહારનો અધિકાર મળી રહે તે રીતના કાનૂની માળખાની દિશામાં કામ કરે છે.

- ***તમે બાળ મજૂરી સામે વિરોધ નોંધાવો છો અને પ્રત્યેક બાળકને શાળાએ મોકલવાની તરફેણ કરો છો, આ બાબતને કઈ રીતે હાથ ધરી શકાય?***

ભારતમાં શાળાએ ના જતાં બાળકોની સંખ્યા ખુબજ મોટા પ્રમાણમાં છે. બાળકો મોટી સંખ્યમાં મજૂરી પણ કરતા હોય છે. લોકો એ પણ જાણે છે કે આ કાંઈ જોગાનુજોગ નથી. દેખીતી રીતે જ આ સ્થિતિ એટલા માટે છે કે શિક્ષણ નીતિ અંગેના તમામ દસ્તાવેજોમાં બાળ મજૂરીનો ઉલ્લેખ કર્યા સિવાય કશું જ નથી.

સૌથી મહત્વની બાબત એ છે કે આપણે બાળ મજૂરી નાબુદ કરી શકીએ તેમ છીએ એમ માનવા જ તૈયાર નથી. આપણે માની લીધું છે કે લોકો ગરીબ છે અને બાળકોની મજૂરી દ્વારા તેમને આવકની જરૂર છે. બાળ મજૂરી નાબુદી માટે તમારે ગરીબી દૂર કરવી પડે. અન્યથા લોકો ભૂખે મરતા જ રહેશે બાળ

મજૂરીના મૂળમાં ગરીબી છે. આ વાત ગળે ઉતરે તેવી છે.

પ્રત્યેક ગામમાં સંખ્યાબંધ ગરીબ માબાપ એવા પણ છે કે જેઓ પોતાના બાળકોને શાળાએ મોકલે છે જ્યારે તેમના કરતા સારી સ્થિતિ ધરાવતા માબાપ કદાચ બાળકોને મજૂરીએ મોકલતા હોય છે. આ વલણની સ્પષ્ટતા કઇ રીતે કરી શકાય ? વાસ્તવમાં ગરીબીની રેખાની આસપાસ સર્જાયેલી આ દંતકથા છે. માતાપિતામાં જો પોતાના સંતાનોના બહેતર ભાવિ નિર્માણની ભૂખ જાગે તો બાળકો ગરીબીના ઉંબરે જતા બચે. આપણે કલ્પી પણ ના શકીએ એટલા નીચા સ્તરની રોજગારી માટે તેઓ પોતાના બાળકોને મજૂરીએ મોકલતાં હોય છે. આ બાબત જ આપણને એ બાબતની સાચી સમજદારી આપે છે કે ગરીબ માબાપ પણ આજે પોતાના બાળકોને શાળાએ શા માટે મોકલતા હોય છે. બાળ મજૂરી અને શિક્ષણનો પ્રશ્ન સમજવા માટે આપણે બાળકો શાળાએ કેમ નથી જતા એ નહીં પરંતુ ગરીબ માબાપના સંતાનો પણ શાળાએ કઇ રીતે પહોંચતા હોય છે તે સમજવાની જરૂર છે.

આપણે ગરીબી અંગેની દલીલમાં માનતા આવ્યા હોવાથી આપણે વિચારીએ છીએ કે પ્રત્યેક બાળક ગરીબીને કારણેજ મજૂરી કરતો હોય છે. વાસ્તવમાં બંને વચ્ચે ખૂબ જ ઓછો સબંધ છે. એવા કેટલાય ઉદાહરણ છે કે આ દલીલ સ્વીકારવા કોઇ તૈયાર નથી.

તો પછી આટલા બધા બાળકો શાળામાંથી બહાર રહીને શા માટે મજૂરી કરી રહ્યા છે ? આપણે બુનિયાદી કારણો સમજવા પ્રયાસ જ નથી કર્યો.

- કોઇએ ગરીબ માબાપને એ સમજાવવાની દરકાર નથી કરી કે શાળાઓ તેમના માટે જ બનેલી છે અને બાળકોને શાળાએ મોકલવાના પ્રયાસમાં સમૂચૂ વહીવટી તંત્ર તેમને મદદરૂપ બનશે તેમને કોઇએ એવું પણ સમજાવ્યું નથી કે બાળકને શાળામાં મોકલવું એ જ સાચું પગલું છે. અને બાળકને મજૂરીએ મોકલવું ખોટું પગલું છે.
- પેઢીઓથી ગરીબોને કહેવામાં આવ્યું છે કે એમના જૂથે મજૂરી કરવાની છે. બાળકો શિક્ષણ મેળવશે તો મજૂરી પણ નહીં કરી શકે અને બીજું કાંઇપણ નહીં કરી શકે.
- ગામમાં રહેતા જમીનવિહોણા ખેતમજૂરો અને નિરક્ષરોને બાળકને શાળાએ મોકલવા કરતાં બાળકને મજૂર કે વેઠીયા બનાવવું વધુ આસન લાગે છે.
- બાળક પહેલીવાર શાળાએ આવે છે ત્યારે શાળાએ આવવાનો પ્રયાસ કરનાર પ્રથમ સભ્ય હોય છે. શું શિક્ષક તેના પ્રત્યે સંવેદનશીલ હોય છે ? તંત્ર તેના પ્રત્યે સંવેદનશીલ હોય છે ?
- આનાથી પણ ખરાબ સ્થિતિ એ છે કે ૧૦ વર્ષની ઉંમર સુધી બાળક શાળાએ ગયું નથી અને હવે શાળામાં જવા માંગે છે. વર્ગખંડમાં પાંચ વર્ષના બાળકની સાથે તેને બેસાડવાની કોઇ વ્યવસ્થા છે ?

વાસ્તવમાં આપણે માતાપિતા પોતાના બાળકને શાળાએ મોકલી શકે તે માટેના આસાન રસ્તા ક્યારેય ખોલ્યા જ નથી. આપણે તો આપણી સગવડ મુજબ ધારી લીધું છે કે તેઓ શાળામાં પોતાના બાળકોને મોકલવા માંગતા નથી.

"એનસીપીસીઆર"એ બાળકોના અધિકારની જાળવણીના દ્રષ્ટિકોણ સાથે બાળમજૂરી નાબુદી અને બાળકોના શિક્ષણના અધિકારના મુદ્દે કાનૂની અને નીતિવિષયક માળખાની ચકાસણી કરવા એક કાર્યકારી જૂથની રચના કરી છે. આ જૂથના અહેવાલને પગલે દેશમાં તમામ સ્વરૂપની બાળમજૂરી સદંતર પણે નાબુદ કરવાના પ્રશ્ને જાહેર ચર્ચાનો આરંભ થશે તેને પગલે બાળમજૂરીની વિરુધ્ધમાં તેમજ બાળકોના શિક્ષણના અધિકારની તરફેણમાં રાજય અને પ્રદેશ સ્તરે પરામર્શક વાતાવરણ સર્જાશે.

"એ ન સી પી સી આ ર"

રાજસ્થાન, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં હાઇબ્રિડ કપાસના બિયારણના ઉત્પાદન ક્ષેત્રે જોતરાયેલા સેકંડો નહીં પરંતુ હજારો બાળમજૂરોના પ્રશ્ન જેવી વિશિષ્ટ ફરિયાદોમાં પણ રૂચિ લે છે. સંગઠન સંબંધિત રાજયો સાથે બાળમજૂરી અટકાવવાના મુદ્દે ચર્ચા વિચારણા પણ કરે છે. વિવિધ રાજ્યોમાં બાળમજૂરોને શોધીને તેના પુનઃવસનની દિશામાં થતી કામગીરી પર પણ સંગઠન નજર રાખે છે.

શિક્ષણ મોરચે "એનસીપીસીઆર" શાળામાં માળખાકીય સુવિધાના અભાવ, શાળામાં થતી મારપીટની સજા જેવા મુદ્દે મળતી ફરિયાદ પણ સાંભળે છે. સંગઠન એવો મત ધરાવે છે કે શાળાઓ જો બાળકોની સમસ્યા અને અવરોધો દૂર કરનારા સાચા ધોરણો અપનાવાશે તો બાળકો શાળામાં જ રહેશે અને મજૂર તરીકે નહીં જ જોડાય.

- ***ઘરેલુ નોકર તરીકે બાળકોને રાખવા પર પ્રતિબંધ હોવા છતાં આ સમસ્યાનું હજુ સમાધાન નથી જ સધાયું. તમને લાગે છે કે તેમના પરિવારોને વૈકલ્પિક આજીવિકા પૂરી પાડવાથી આ પ્રશ્નનું સમાધાન આવી જશે ? કે પછી કઇ રીતે આ પ્રશ્ન હલ કરી શકાશે ?***

ઘરેલુ નોકર તરીકે બાળકને રાખવા પર કાનૂની પ્રતિબંધ છે અને એ

સજાપાત્ર ગુનો બની રહે છે પરંતુ કમનસીબે મધ્યમવર્ગ હજુ પણ બાળકોને આ રીતે નોકરીએ રાખવાનો આગ્રહ રાખે છે. આવા બાળકો મોભા અને મુક્તતાહીન એકલવાયી જિંદગી જીવતા હોય છે.

એવું માનીને સંતોષ માનવામાં આવે છે કે બાળકોને આવકની જરૂર હોવાથી તેઓ ઘરઘાટી તરીકે નોકરી કરે છે. અને ગરીબી અને ભૂખમરામાં સબડવાને બદલે ઘરઘાટી તરીકે તેઓ બહેતર ગુણવત્તાનું જીવન જીવી શકે છે. આ માન્યતા સચ્ચાઇથી ખુબજ દૂર છે. બાળકોને ઘરઘાટી તરીકે એટલા માટે રાખવામાં આવે છે કે તેઓ સસ્તા મજૂર હોય છે. અને વળી લાંબો સમય કામ કરતા રહેવા દબાણ પણ કરી શકાય છે. કાયદાનું પાલન કરતા નાગરિક બનીને મધ્યમવર્ગે પણ બાળમજૂરોને દૂર કરીને તેના સ્થાને વયસ્ક મજૂરોને કામ લગાડવા જોઇએ.

- ***આ પ્રશ્ને "એનસીપીસીઆર"ની ભૂમિકા શી રહેશે ?***

એનસીપીસીઆર બાળઅધિકાર ભંગની ફરિયાદનોનું નિરાકરણ કરવા ઉપરાંત સંબંધિત વિભાગો પર બાળ મજૂરોને મુક્ત કરવા ઘડાયેલા કાયદાનો અમલ કરવા દબાણ કરવાની ભૂમિકા નિભાવે છે. રોજગારીના સ્થળે બાળકોના થતા શોષણના મુદ્દે જાહેર સુનાવણી યોજે છે. સરકારને આવા મુદ્દે પગલાં લેવા અને મુક્ત થયેલા બાળકોને શિક્ષણ પૂરૂ પાડવા ફરજ પાડે છે.

બાળમજૂરોને શોધી કાઢીને તેમને મુક્ત કરાવવાના મુદ્દે ધારાધોરણો પણ આ સંગઠન ઘડે છે. વર્તમાનમાં બાળમજૂરોને મુક્ત કરાવવાના મુદ્દે શ્રમ, પોલીસ,શિક્ષણ, કલ્યાણ અને આરોગ્ય જેવા વિભાગો વચ્ચે જૂજ સંકલન જ પ્રવર્તી રહેલ છે. અને તેથી પ્રત્યેક બચાવ કામગીરી હંગામી ધોરણે થાય છે. સંગઠને તેથી જ વર્તમાન વ્યવસ્થામાં પ્રવર્તી રહેલા છીંડા પુરવાની કામગીરી ઉપાડી લીધી છે. આ હેતુસર વર્તમાનમાં ચર્ચાવિચારણા ચાલી રહી છે અને તે પછી બાળમજૂરોને મુક્ત કરીને તેઓ શાળાએ જતાં થાય ત્યાં સુધીની પ્રક્રિયા હાથ ધરવા માટે રાજ્ય સરકારોને માર્ગદર્શક સિધ્ધાંતો પણ સુચવશે.

*અનુ. પાનાનં ૨૧ થી શરૂ*

કામ કરાવવું તે ગુનો બને છે. કામે રાખનાર સજાને પાત્ર ઠરે છે. આ સિવાય બીજા કાર્યોમાં સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો નથી પરંતુ તેમાં બાળમજૂરને પૂરતું સંરક્ષણ અને સુવિધાઓ આપવાનું અનિવાર્ય બનાવ્યું છે.

- બાળમજૂર પાસે સળંગ ત્રણ કલાકથી વધુ કામ લઇ શકાય નહિં. ત્રણ કલાકને અંતે એક કલાકનો વિરામ ફરજિયાત છે.
- બાળકો પાસે સાંજના સાતથી સવારના ૮-૦૦ દરમિયાન કોઇ કામ કરાવી શકાય નહિ.

આ પ્રકારની સૂચનાનો અમલ અને રેકોર્ડ રાખવાનું અનિવાર્ય છે. આ કાયદાના ઉલ્લંઘન માટે બે વર્ષની સજા તથા દંડની જોગવાઇ છે.

**જુવેનાઇલ જસ્ટિસ એક્ટ**

આ કાયદો રખડતા, ભટકતા, નિરાધાર અને મા-બાપ વિનાના બાળકોને રક્ષણનું છત્ર પુરું પાડવા અને તેમને સ્થાપિત કરવા અંગેનો છે. આ કાયદામાં બાળગુનેગારોને પણ નવજીવનની તક મળે તેવી જોગવાઇ છે. આ કાયદામાં બાળકો સાથે અયોગ્ય વ્યવહાર કરનારને પોલીસને સજા પણ કરવાની જોગવાઇ છે.

આ ઉપરાંત બીડી અને સીગરેટ કામદારોનો કાયદો, વેતન ચૂકવણી ધારો, ઔદ્યોગીક વિવાદ ધારો, માલિકીની જવાબદારીનો ધારો, વગેરે કાનૂનોમાં પણ બાળકોને રક્ષણ પુરું પાડવામાં આવ્યું છે.

- બાળમજૂરી સમાજમાટે ક્યારેક ઘાતક પૂરવાર થઇ શકે છે.
- બાળક પરિપક્વ ઉંમરે કમાતો થઇ જાય છે ત્યારે તે ઘણીવાર તેની આવકના કારણે બીડી, તમાકુ જેવા વ્યસનો કરતો પણ થઇ જાય છે.
- તો વળી કોઇ વખત માલિકોના ત્રાસને શોષણને કારણે તેનામાં બદલો લેવાની ભાવના ઉભી થાય છે.
- બીજી તરફ પૈસાની તંગીમાં જીવતા પરિવારને જોતાં ક્યારેક થોડાક સમયમાં વધારે પૈસા કમાવવાની લાલચમાં ગુનેગારી તરફ વળી જતો હોય છે.
- કેટલાંક ગૂનેગારોના હાથમાં આવી જતાં તેનું માનસ બદલાતા સમાજે શું આપ્યું છે તને ? એવી ભાવના ઊભી થતાં વેરની આગમાં તે સમાજ વિરૂધ્ધ કાર્ય કરતાં અચકાતો નથી.
- પ્રાથમિક શિક્ષણ પુરુ મેળવેલ ન હોય કે અધવચ્ચે શાળા છોડી દેવાના કારણે ભવિષ્યમાં કોઇ સારી નોકરી કે ધંધા માટેના દ્વાર બંધ થઇ જાય છે. ત્યારે તેનું માનસ ગુનાખોરી તરફ વળી જતું હોય છે. તો બીજી તરફ જેમને ભણવું છે અને ઘરની આર્થિક પરિસ્થિતી કામ કરવા મજબૂર કરે છે. તેવા કુટુંબો તેમજ બાળકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઇએ. જેમકે સરકાર અને રાજય સરકાર દ્વારા અનેક પ્રયત્નો તેમના માટેના કાયદા અને યોજના દ્વારા કરવામાં આવી રહ્યા છે. પરંતુ સમાજે તેને અમલ કરાવવા માટે પૂરતો સહયોગ આપવો જરૂરી છે.

# બાળમજૂરીનું સામાજિક આર્થિક વિશ્લેષણ

ડો. મહેશ સોનારા

*ભારતમાં શાળાએ નહિ જતા અને કામ કરતા બાળકોની સંખ્યા ઘણી ઉંચી છે. ગરીબ મા-બાપ એવું માનતા હોય છે કે બાળકો શાળાએ જઈ કશું શીખશે નહિ. અને તેમની પુખ્ત વયે આ શિક્ષણ તેમને રોજગારી આપવામાં મદદ કરશે નહિ. મા-બાપ એવું વિચારતા હોય છે કે ભવિષ્યમાં જો તેણે કામજ કરવાનું છે તો તે કામ વહેલા શરૂ કરી દેવું જોઈએ જેનાથી તે વધુ કમાશે અને આવડત પણ વધારશે.*

*બાળકો શાળાએ જાય અને કામ કરવા ના જાય એ પ્રકારની વ્યૂહરચના એટલા માટે સફળ નથી થતી કે બાળકની આર્થિક સામાજીક સ્થિતિ જ તેને કામ કરવા મજબૂર કરે છે. શાળા માત્ર બાળકની શિક્ષણની જરૂરિયાત પુરી કરી શકે છે પરંતુ અન્ય સામાજીક-આર્થિક પ્રશ્નો ઉકેલી શકશે નહી.*

કોઈપણ સમાજનું ભવિષ્ય તેના બાળકો છે. તેમને વિકાસની પુરતી તક આપવી એ રાષ્ટ્રના વિકાસ માટે જરૂરી છે.

બાળમજૂરો જ્યાંથી આવે છે ત્યાં હજુ સુધી વિકાસના ફળ પહોંચ્યા નથી. જે છે - ગ્રામીણ વિસ્તારો, અંતરિયાળ વિસ્તારો, જંગલ વિસ્તારો, પછાતવર્ગો. બાળમજૂરી માટે જ્ઞાતિપ્રતા, સ્ત્રી પુરુષ ભેદભાવ ઉપરાંત સામાજિક કારણો પણ જવાબદાર છે. આ પરિબળોની અસરો ગરીબી, બેકારી અને અજ્ઞાનતા કરતા પણ વધારે છે. ભારતમાં ૯૦% થી વધારે બાળમજૂરો અસ્પૃશ્ય જાતિઓ અને જનજાતિઓમાંથી આવે છે.

બાળમજૂરીથી બાળકની બાકીની જિંદગીમાં શારીરિક, માનસિક, સામાજિક અનેક પ્રકારની વિપરીત અસરો થાય છે. બાળક તેનું બાળપણ, રમતો, આનંદ શિક્ષણ બધું ગુમાવે છે.

ભારત જેવા વિકસતા દેશમાં બાળકો જીવવા માટે કે ગુજરાન ચલાવવા માટે કામ કરે છે. જ્યારે વિકસિત દેશોમાં બાળકો કામ કરે છે પોતાની વધારાની જરૂરિયાતો સંતોષવા કે મોજશોખ પુરા કરવા. જો બાળકો શિક્ષણ મેળવે તો ભવિષ્યમાં સારું કામ મેળવી શકે પરંતુ તેઓ કામમાં જોડાય તો શિક્ષણના મૂળભૂત અધિકારથી વંચિત રહી જાય છે.

ભારતના બંધારણમાં મૂળભૂત અધિકાર હેઠળ કલમ-૨૪ અન્વયે ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકને નોકરીએ રાખી શકાય નહિ. બંધારણની કલમ-૪૫ મુજબ ૧૪ વર્ષની ઉમર સુધીના બાળકને મફત અને ફરજીયાત શિક્ષણ રાજ્યએ આપવું જોઈએ.

આઈ.એલ.ઓ સર્વે (૨૦૦૩) માં બતાવ્યા મુજબ દુનિયામાં ૨૪૬ મીલીયન બાળમજૂરો (૧૪ વર્ષથી નીચેની ઉંમર) છે. જેમાંથી ૧૮૦ મીલીયન તો જોખમી કામોમાં રોકાયેલા છે. દુનિયામાં બાળમજૂરોની સૌથી વધુ સંખ્યા ભારતમાં છે. એવું અનુમાન છે કે ભારતમાં બાળમજૂરોની સંખ્યા ૩૫ મીલીયન કરતા વધારે છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાના અહેવાલ (૧૯૮૮) મુજબ ભારતમાં કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં બાળમજૂરીની સંખ્યામાં વધારો થયો છે. ભારતમાં ૪૪ મિલિયન કરતા વધારે કામ કરતા બાળકો છે.

બાળમજૂરોનો ચોક્કસ દર શોધવાનું મુશ્કેલ છે કેમકે,

(૧) બાળમજૂરો અસંગઠિત ક્ષેત્રોમાં અને વિખરાયેલા જોવા મળે છે.
(૨) ઘણા દેશો ૦-૧૪ વર્ષના શ્રમિકોને બાળમજૂરો ગણતા નથી.
(૩) શાળા સમય બાદ કામ કરતા બાળમજૂરોને ગણવાનું મુશ્કેલ છે.
(૪) કામ પર રાખનારા કાયદાકીય મુશ્કેલીઓ ટાળવા બાળમજુરીની વિગતો આપતા નથી.

(લેખક એચ.એ.કોલેજ ઓફ કોમર્સ અમદાવાદમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે.)

(૫) ચોક્કસ સર્વે મેથોડોલોજીના અભાવે બાળમજૂરોના ચોક્કસ આંકડા મળતા નથી.

સંશોધનો જણાવે છે કે બાળમજૂરી માટે જવાબદાર પરિબળ ગરીબી અને વાલીઓનું નબળું શિક્ષણ છે. ગરીબ કુટુંબો બાળકોને એટલા માટે મજુરીએ મોકલે છે કે તેનાથી કુટુંબની આવક વધે. આવકની અનિશ્ચિતતા સામે સંરક્ષણ મળે. કુદરતી આફતો (પૂર, દુષ્કાળ, રોગચાળો વગેરે) ની ઘટનામાં મદદ મળે, ખેતીમા પાક નિષ્ફળ જાય ત્યારે રાહત રહે કે કુટુંબના કોઇ વ્યક્તિની લાંબી બિમારી વખતે ઉપયોગી થાય.

ભારતમાં લગભગ અડધા જેટલા બાળમજૂરો ખેતી ક્ષેત્રમાં રોકાયેલા છે. બાકીનામાંથી મોટાભાગના અનૌપચારિક અથવા સેવા ક્ષેત્રમાં અને નાના ગૃહ અને કુટીર ઉદ્યોગમાં રોકાયેલા છે.

૪ થી મહિલાઓ માટેની વૈશ્વિક કોન્ફરન્સ બેઇજીંગ (૧૯૯૫)ના અહેવાલ મુજબ બાળમજુરો સામાન્ય રીતે જે ક્ષેત્રમાં કામ કરે છે. તેમાં છે હોટલ, રેસ્ટોરન્ટ, પાનના ગલ્લા, ચાની કીટલી, માચીસ, કારપેટ, બંગડી, પિત્તળ અને સ્લેટ ઉદ્યોગ, હીરા ઘસવાના તથા ચાના બગીચામાં દર ૧૦માંથી ૯ બાળકો અસંગઠિત ક્ષેત્રે કામ કરે છે.

ભારતમાં આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં બીજા રાજ્યો કરતાં બાળમજુરોની સંખ્યા વધારે છે.

**ગરીબી**

બાળમજૂરી માટે પાયાનું જવાબદાર પરિબળ ગરીબી છે. માતાપિતા પોતાની આર્થિક જરૂરિયાતો પૂર્ણ કરવા બાળકોને મજુરી કરવા પ્રેરે છે. ગરીબ કુટુંબના માતાપિતા માટે એ પ્રશ્ન હોય છે કે તેમના બાળકોને શાળાએ મોકલે જેથી તે સારું ભણીને ભવિષ્યમાં સારું કમાય કે અત્યારે જ મજુરીએ મોકલે કે જેથી તેમના કુટુંબને આવક થાય આ આવક બાળક સહિત તેના કુટુંબના અસ્તિત્વ સાટે જરૂરી હોય છે.

**બેકારી**

બાળમજૂરીનું બીજું જવાબદાર પરિબળ બેકારી છે. કામ કરતી કોઇ વ્યક્તિને ઓછું વેતન મળે તો તે વ્યક્તિને વધુ ગરીબ બનાવે છે પણ જો તેને કામ જ ન મળે અને બેકાર રહે તો તે ભૂખે મરે. આથી કુટુંબમાં જો પુખ્ત વ્યક્તિ બેકાર હોય તો બાળકને મજુરી માટે દબાણ કરે છે.

**કુટુંબની ઓછી આવક**

કુટુંબની પુખ્ત વ્યક્તિ કે કમાનાર વ્યક્તિને પુરતું વેતન મળતું હોય કે જેનાથી તેના કુટુંબનું ભરણપોષણ થાય તો તે પોતાના બાળકોને મજુરીએ મોકલશે નહિં. પરંતુ જો કુટુંબની કમાનાર વ્યક્તિ લઘુત્તમ વેતન કે કુટુંબની જરૂરિયાત જેટલું વેતન ન મેળવી શકે તો બાળકોને મજુરીએ મોકલવાની શક્યતા વધુ રહે છે.

**વાલીનું મૃત્યુ**

ઘણા બાળકો પોતાની માતા કે પિતા કે બંનેના મૃત્યુના કારણે નાની ઉમરે કામમાં જોડાય છે. કુટુંબમાં કમાનાર વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે પોતાના અને કુટુંબના ભરણપોષણ માટેના દબાણથી અનિચ્છાએ બાળકે કામમાં જોડાવું પડે છે. ભારતમાં આવા કુટુંબને મદદ મળે તેવી કોઇ યોજના નહિ હોવાથી બાળકે પોતે કામ કરીને કુટુંબનું રક્ષણ કરવું પડે છે.

**પરંપરાગત વ્યવસાય**

ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને પરંપરાગત વ્યવસાય જાળવી રાખવા આગ્રહ કરવામાં આવે છે. આ કારણથી બાળકો શાળામાં અભ્યાસ કરી શકતા નથી. ગ્રામીણ કારીગરોના બાળકો નાનપણથીજ પૂર્ણ રીતે કે અર્ધ રીતે કુટુંબના વ્યવસાયમાં મદદ કરે છે. અને પાછળથી તે જ ધંધો અપનાવી લે છે. કુટુંબના લોકો શાળા કરતા ધંધામાં સુઝ કે કુનેહ વધારવાને વધુ મહત્વ આપે છે.

**શિક્ષણ**

ભારતમાં શાળાએ નહિ જતા અને કામ કરતા બાળકોની સંખ્યા ઘણી ઉંચી છે. ગરીબ મા-બાપ એવું માનતા હોય છે કે બાળકો શાળાએ જઇ કશું શીખશે નહિ. અને તેમની પુખ્ત વયે આ શિક્ષણ તેમને રોજગારી આપવામાં મદદ કરશે નહિ. મા-બાપ એવું વિચારતા હોય છે કે ભવિષ્યમાં જો તેણે કામજ કરવાનું છે તો તે કામ વહેલા શરૂ કરી દેવું જોઇએ જેનાથી તે વધુ કમાશે અને આવડત પણ વધારશે.

બાળકો શાળાએ જાય અને કામ કરવા ના જાય એ પ્રકારની વ્યૂહરચના એટલા માટે સફળ નથી થતી કે બાળકની આર્થિક સામાજીક સ્થિતિ જ તેને કામ કરવા મજબૂર કરે છે. શાળા માત્ર બાળકની શિક્ષણની જરૂરિયાત પુરી કરી શકે છે પરંતુ અન્ય સામાજીક-આર્થિક પ્રશ્નો ઉકેલી શકશે નહી.

ઘરથી શાળાનું દૂર હોવું, મોંઘુ અને ખર્ચાળ શિક્ષણ, છોકરીઓ માટે અલગ

શિક્ષણ વ્યવસ્થાનો અભાવ જેવા કારણો પણ બાળકને શાળાએ જતા રોકે છે. ઘણીવાર બાળકને શિક્ષણમાં રુચિ ન હોવાથી, જીવનમાં શિક્ષણ જરૂરી ન લાગે તથા શરૂઆતના શિક્ષણમાંજ ખરાબ અનુભવો થવાથી પણ તેઓ શાળાએ જવાના બદલે કામ પર જવાનું પસંદ કરે છે.

**વિશાળ અને અશિક્ષીત કુટુંબ**

કુટુંબ વિશાળ અને અશિક્ષિત હોય એ પણ બાળમજૂરી માટે જવાબદાર પરિબળ છે. કુટુંબ વિશાળ હોવાથી બાળકોના શિક્ષણ પર પુરતું ધ્યાન અપાતું નથી. વિશાળ કુટુંબની જરૂરીયાતોને પહોંચી વળવા બાળકોને મજુરીએ મોકલાય છે. માબાપ શિક્ષણમાં રોકાણનું મહત્વ સમજતા નથી. સમજામાં ગરીબ અને અશિક્ષિત કુટુંબો એવું માને છે કે બાળકોની સંખ્યા વધારે હશે તો તેઓ કુટુંબની આવક વધારવામાં મદદરૂપ બનશે. તેમના મતે કુટુંબની આવકમાં વધારો, શિક્ષણ કરતા મહત્વ ધરાવે છે, જે બાળમજૂરો વધારવામાં પરિણમે છે.

**બાળમજૂર એટલે સસ્તો શ્રમ**

પૈસા બચાવવાના ઈરાદાથી શ્રમિક રાખનાર બાળમજૂરોને પસંદ કરે છે. બાળમજૂર સસ્તો પડે છે અને અન્ય મજુરોને આપવા પડતા કાયદાકીય લાભોમાંથી બચી શકાય છે. બાળમજૂરોની પ્રતિકાર અને સોદાશક્તિ ઓછી હોય છે. તે કામ પ્રમાણે તૈયાર કરી શકાય છે. આથી ઉપલબ્ધ શ્રમમાં બાળમજૂર પર પસંદગી ઉતારાય છે.

**સ્થળાંતર નું પરિબળ**

ગ્રામીણ વિસ્તારો કે જયાં હજુ સુધી વિકાસના ફળ પહોંચ્યા નથી અને ખેતીક્ષેત્ર પણ અત્યંત પછાત અવસ્થામાં છે ત્યાંના બેરોજગાર લોકો આજિવિકા માટે વેતનવાળી નોકરી મેળવવા શહેરોમાં આવે છે. આવા ગરીબ જરૂરિયાતવાળા કુટુંબના બાળકો પણ કુટુંબને મદદ કરવા વ્યક્તિગત રીતે કે કૌટુંબિક રીતે શ્રમબજારમાં જોતરાય છે.

**સામાજિક સુરક્ષાનો અભાવ**

ભારતમાં સામાજિક સલામતી કે સુરક્ષાનો અભાવછે. જેનાથી વૃધ્ધ, બિમાર, અશક્ત વ્યક્તિઓના બાળકોએ મજબૂરીથી કામ કરવા જવું પડે છે. હાલમાં જે થોડીગણી સામાજિક સુરક્ષા ઉપલબ્ધ છે તે તદ્દન અપૂરતી છે જેનું પરિણામ બાળકોએ બાળમજૂરીના સ્વરૂપે ભોગવવું પડે છે.

**દેખાદેખીની અસર**

શહેરોમાં ગીચ વિસ્તારો અને ચાલીઓ, મહોલ્લામાં રહેતા ગરીબ કુટુંબોમાંથી અમૂક કુટુંબના બાળકો કામ કરવા જતા હોય અને કમાતા હોય તો બીજા માબાપો પણ દેખાદેખીની અસરના કારણે પોતાના બાળકોને આંશિક રીતે કે પૂર્ણ રીતે કામ કરવા પ્રેરે છે. આ રીતે આવા વિસ્તારોમાંથી બાળમજૂરોનો પુરવઠો ધીરે ધીરે વધે છે. અને શાળાઓમાંથી બાળકોની સંખ્યા ઘટે છે.

આ પરિબળો એવા છે જેના કારણે બાળકોએ બળજબરીથી નાની ઉંમરથી જ કામ કરવા જવું પડે છે. જેનાથી તેમના ભવિષ્ય પર પ્રશ્નાર્થ મૂકાય છે.

- **બાળમજૂરો સાથે સંકળાયેલા મહત્વના પ્રશ્નો**

**આરોગ્ય**

બાળમજૂરો જે જગ્યાઓ પર કામ કરતા હોય છે ત્યાં આરોગ્યના પ્રશ્નો પણ ખૂબજ ગંભીર હોય છે. ખાસ કરીને જોખમકારક કારખાના જેવાકે માચીસ, ફટાકડા, પ્લાસ્ટીક વગેરેમાં મોટા મશીનોમાં અકસ્માતથી ક્યારેક આજીવન ખોડખાપણ પણ આવી જાય છે. હોટલ-રેસ્ટોરન્ટ કે ચાની લારી પર અત્યંત ગંદી જગ્યાએ કામ કરવું પડે છે. બાળમજૂરો સાથે અકસ્માતના નાના-મોટા બનાવો અવારનવાર બનતા હોય છે. બાળમજૂરોની ઉંમર વધવાની સાથે તેમની સમક્ષ આરોગ્યના ગંભીર પ્રશ્નો ઉભા થાય છે.

**સ્ત્રી બાળ મજૂર**

ઘણા માબાપ છોકરીઓ બાળપણથી જ કામ કરવા જાય અને તેનાથી તેને પોતાને અને કુટુંબને મદદ કરે તેમ ઈચ્છતા હોય છે. છોકરીઓએ પણ ઘરની ઘણી મોટી જવાબદારીઓ નિભાવવી પડતી હોય છે. આથી પોતાના કુટુંબના ભરણપોષણ માટે છોકરીઓ શિક્ષણ છોડી કે શાળાએ ગયા વગરજ કામ કરવા માંડે છે. સ્ત્રી બાળ મજૂરો ખાસ કરીને ખેતીક્ષેત્રમાં, બાંધકામ ઉદ્યોગમાં, બીડી અગરબત્તી ઉદ્યોગમાં જોવા મળે છે. ઘણી મોટી સંખ્યામાં છોકરીઓ બિન આર્થિક ઘરેલું કામમાં કે આર્થિક ઘરેલુ કામમાં જોવા મળે છે. સ્ત્રી બાળ મજુરોનું કારણ તેમની સામાજીક-આર્થિક સ્થિતી છે. તેઓ તેમના હક્કાથી માહિતગાર હોતા નથી.

છોકરીઓએ પણ નાની ઉમરથી કામ

કરવા જવું પડે તે સમાજ માટે અત્યંત શરમજનક કહેવાય. તેઓ જ્યાં કામ કરે છે ત્યાં પણ કામની સ્થિતિ અને આરોગ્યની સ્થિતિ પ્રતિકુળ હોય છે.

**ચાલીઓના બાળકો**

ભારતના બાળમજૂરો કામના જુલ્મ, જાતિગત પ્રશ્નો, શારીરિક ભૂખ, દમન તથા શોષણના પ્રશ્નોથી પીડાય છે. શહેરોના ચાલીઓના બાળમજૂરોને બળજબરીથી રેસ્ટોરન્ટની બહાર રહેલી કચરાટોપલીના ખોરકને પોતાની ભૂખ સંતોષવા ખાવા ફરજ પડાય છે. ઘણીવાર આ બાળકો પોલીસના જુલ્મનો પણ શિકાર બને છે. ચાલીઓના બાળકો મોટાભાગે વિવિધ સામાન ઉંચકવામાં કે કચરો વીણવા જેવા કામમાં જોવા મળે છે. ચાલીઓના બાળકોને ઘણીવાર શાળાઓમાંથી કાઢી મૂકાયા હોય છે અથવા તેઓ શાળાએ ગયા જ નથી હોતા. તેઓ જે કમાય છે તે ખૂબજ ઓછું હોય છે પરંતુ તેમના અસ્તિત્વ ટકાવવા તે ખૂબ જરૂરી હોય છે.

**ફિલ્મો અને ટીવી સિરિયલોમાં કામ કરતા બાળકો**

હાલમાં ફિલ્મો અને ટીવી સિરોયલોમાં ઘણી મોટી સંખ્યામાં બાળકો નાના મોટા રોલ કરતા હોય છે. અનુભવીઓ આને બાળમજૂર કહેવાય કે કેમ તે બાબતે દ્વિધા અનુભવે છે. આવા બાળકો રમવાની ભણવાની ઉમરે કામ કરતા હોય છે. ક્યારેક લોકપ્રિયતા કે પૈસાની લાલચમાં માતાપિતા આ ક્ષેત્રે કામ કરવા દબાણ કરતા હોય છે. આ ક્ષેત્રે કામ કરતા બાળકોએ પણ શિક્ષણના બદલે કામ કરીને વિવિધ પ્રશ્નો અને શોષણનો સામનો કરવો પડતો હોય છે.

ભારતમાં બાળમજૂરીના પ્રશ્ને સમાજના તમામ વર્ગે સહાનુભૂતિપૂર્વક વિચારવાનો સમય પાકી ગયો છે. સરકાર અને બિનસરકારી સંસ્થાઓ બાળમજૂરી નાબુદી કરવાની સ્થિતિમાં સુધારો અને તેમની આર્થિક સ્થિતીમાં સુધારો એ બાળમજૂરી નાબુદી માટે અનિવાર્ય છે. સરકારના ગ્રામીણવિકાસ, શહેરી વિકાસ, મહિલા અને બાળવિકાસના ખાતા આ પ્રશ્ને ઘણું કરી શકે તેમ છે.

વર્તમાન સમયમાં સંપૂર્ણ બાળમજૂરી નાબુદી શક્ય નથી.સામાજિક જાગૃતી, બાળમજૂરો પ્રત્યે સંવેદનશીલતા, વાલીઓ, શિક્ષકો, પ્રચાર માધ્યમો, બિનસરકારી સંસ્થાઓ વગેરે પરિબળો બાળમજૂરોની સંખ્યા ઘટાડવામાં અવશ્ય મદદરૂપ થઇ શકે. અનેક દિશાઓથી અસરકારક વ્યૂહરચનાના પરિણામે શિક્ષણની તકોમાં વધારો, રોજગારીની તકોમાં વધારો તથા વાલીઓની અજ્ઞાનતા દૂર કરવાનું કામ થઇ શકે. સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહન ભોજન, યુનિફોર્મની વહેંચણી, સ્કોલરશીપ વગેરે દ્વારા ગરીબ બાળકો શાળાએ જાય અને શિક્ષણ મેળવે તેવા પ્રયત્નો સરકાર કક્ષાએથી થાય છે. માઇક્રોક્રેડીટ યોજનાથી પણ ગ્રામીણ ગરીબોને ફાયદો થાય છે. તેનાથી ગરીબો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય રીતે શક્તિશાળી બને છે. બાળકોને યોગ્ય સ્વરૂપે ખોરાક, આરોગ્ય અને શિક્ષણ મળે અને તેમના માતા પિતાને જમીન, મકાન, નાણાની મદદ, શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં અપાય તો ભવિષ્યમાં તેમના બાળકોને કામના બદલે શાળાએ મોકલે, પ્રામાણિક અને પારદર્શી, બિનસરકારી અને સેવાભાવી સંસ્થાઓએ ગરીબી નિર્મૂલન માટે યુધ્ધ છેડવાની જરૂર છે.

તમામ દિશાઓથી સહિયારા પ્રયાસો થાય અને આ પ્રશ્ને વધુ સહાનુભૂતિ દર્શાવવામાં આવે તો બાળમજૂરોને તેમનું બાળપણ અવશ્ય પાછું આપી શકાય તથા ભારત વિશ્વની મહાસત્તા બને ત્યારે આ સામાજીક આર્થિક શરમથી બચી શકાય

**સંદર્ભ :**


(૧) ચાઇલ્ડ લેબર સમ ઇશ્યુઝ
ડો. ગીતાલાલ
એમ.જી.એલ.આઇ. અમદાવાદ

(૨) બાળ મજૂરીના સામાજીક આર્થિક પ્રશ્નોની ચર્ચા અંગેની રાષ્ટ્રીય કાર્યશાળા
એમ.જી.એલ.આઇ. અમદાવાદ


• • •


**પ્રકાશન વિભાગ અમદાવાદ પાસે ઉત્તમ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ છે. જે નજીવા દરે આપવાના છે. જલ્દી કરો.... પહોંચો... યોજના કચેરી પર**

# બાળમજૂરોના માનવ અધિકારો સંદર્ભે પ્રશ્નો - પડકારો

પ્રા. કામીની દશોરા

*બાળકોને ભારતીય બંધારણમા ખાસ હક્કો અને અધિકાર આપ્યા હોવા છતાં તેમનું શોષણ થતા બાળપણ ઝૂંટવાઈ રહ્યું છે. તેમજ તેમના માનવ અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. વર્તમાન સંક્રાંતિકાળમાં હરણફાળ ગતિએ વધતી વસ્તી, કુટુંબની નબળી સ્થિતિ, અજ્ઞાનતા, ગરીબી અને બેકારી, બેફામ મોંઘવારી જેવા મુખ્ય પરિબળોના પરિણામે બાળમજૂરોની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. બાળમજૂરોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જોવા મળે છે. તેના કારણે તેમના અનેક જટિલ પ્રશ્નો અને પડકારો પણ ઉભા થયા છે. આથી પ્રસ્તુત અભ્યાસ લેખના અનુભવજન્ય અવલોકનોના આધારે આ સમસ્યાને હળવી કરવા માટે પ્રયાસો કરવા જોઈએ.*

**ભા**રત દેશનું ભવિષ્ય દેશના બાળકોના સમુચિત સંરક્ષણ અને વિકાસ પર નિર્ભર કરે છે. તે રાષ્ટ્રની કેવળ ધરોહર નથી પરંતુ ભવિષ્યમાં તેના પર દેશની આર્થિક, સામાજિક તેમજ રાજકીય વ્યવસ્થાની જવાબદારી નિર્ભર રહેશે, માટેજ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર બાળકોના સર્વાંગિક વિકાસ માટે અને તેમને દેશનો ઉપયોગી નાગરિક બનાવવાના માટે વિવિધ પ્રયાસો કરવામાં આવે છે. પ્રસ્તુત સંદર્ભમાં ભારત દેશમાં ૧૯મી સદીના ઉતરાર્ધથી વિશેષ પ્રયાસોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આઝાદીપૂર્વે બ્રિટીશ શાસનકાળમાં 'સુધાર વિદ્યાલય અધિનિયમ, ૧૮૭૬' તે પછી ૧૮૯૭માં સંશોધિત કરવામાં આવ્યો હતો પછીથી "ભારતીય દંડ પ્રક્રિયા સંહિતા૧૮૯૮"ની કલમ-૫૬૨માં વિશેષ રૂપે બાળકો તેમજ યુવાન અપરાધીઓ પ્રત્યે સદવ્યવહાર કરવા માટે "ઇન્ડિયન જેલ કમિટી ૧૯૧૯-૨૦"ના અહેવાલ પ્રમાણે યુવાન અપરાધીઓ માટે અલગથી ઉપચારની આવશ્યકતા પર ભાર આપવામાં આવ્યો હતો. તેમજ ૧૯૨૦,૧૯૨૨ તેમજ ૧૯૨૪ના વર્ષમાં ક્રમશઃ મદ્રાસ, બંગાળ અને મુંબઈની સરકારો દ્વારા અધિનિયમ બનાવવામાં આવ્યા હતા. જેમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોનું રક્ષણ, સંરક્ષણ અને યુવા અપરાધીઓને ઉચિત ઉપચાર પ્રદાન કરવાનો હતો. દેશ સ્વતંત્ર થયા બાદ પણ આ ક્ષેત્રમાં અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા.

૧૯૬૦માં ભારત સરકાર દ્વારા બાળ અધિનિયમ, ૧૯૭૪માં ભારત સરકાર દ્વારા બાળકો માટે એક રાષ્ટ્રીય નીતિ ઘોષિત કરીને બાળકોના જન્મ પહેલા તેમજ જન્મ પછી એમનો સર્વાંગિક શારીરિક, માનસિક તેમજ સામાજિક વિકાસ કરવા માટે સમુચિત સંસાધનો ઉપલબ્ધ કરાવીને એમને દેશના એક ઉપયોગી નાગરિક બનાવવા માટે એક મહત્વનો સંકલ્પ હતો. એટલું જ નહિ બાળકોના રક્ષણ અને વિકાસ માટે ભારતીય બંધારણ તેમજ અનેક અધિનિયમો દ્વારા એમના કલ્યાણ, તેમના અધિકારોના રક્ષણ માટે અનેક જોગવાઈઓ કરવામાં આવી છે.તેમાની કેટલીક મહત્વની જોગવાઈઓ નીચે મુજબ છે.

**૧. બંધારણનો અનુચ્છેદ - ૨૪**

૧૪ વર્ષની વયથી નીચેના બાળકને કોઈપણ કારખાના, ખાણ અથવા અન્ય ખતરનાક વ્યવસાયમાં કામ કરવા પર પ્રતિબંધ.

**૨. બંધારણનો અનુચ્છેદ - ૩૯ (ડ)**

સરકાર દ્વારા પોતાની નીતિનું એવી રીતે સંચાલન કરવું કે સુનિશ્ચિત રૂપે બાળકોની સુકુમાર અવસ્થાનો દુરપયોગ ન થાય અને આર્થિક જરૂરિયાતથી મજબૂત થઈને એમને એવા રોજગારમાં ન જવું પડે કે જે એમની વય તેમજ શક્તિને અનુકૂળ ન હોય.

(લેખિકા એન.એસ.પટેલ આર્ટસ કોલેજ આણંદમાં વ્યાખ્યાતા છે.)

**૩. બંધારણનો અનુચ્છેદ - ૩૯ (ચ)**
સરકાર દ્વારા એવી સુવિધા પ્રદાન કરવી કે બાળકોને સ્વતંત્ર અને ગરિમામય વાતાવરણમાં સ્વસ્થ વિકાસનો અવસર પ્રાપ્ત થાય એ સુવિધાઓ ઉપલબ્ધ થાય તથા બાળકોને શોષણમાંથી રક્ષણ મળે.

**૪. બંધારણનો અનુચ્છેદ - ૪૫**
૧૪ વર્ષ સુધીના તમામ બાળકો માટે સરકાર દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા કરે છે.

**૫. બંધારણનો અનચ્છેદ-૨૧ (ક)**
બંધારણના ૮૬માં સંશોધન ૨૦૦૨ના માધ્યમથી બાળકોને શિક્ષાનો મૌલિક અધિકાર પ્રદાન કરવામાં આવેલ છે.

**૬. ભારતીય દંડ સંહિતા ધારા - ૮૨**
૭ વર્ષ અથવા એનાથી ઓછી ઉંમરના બાળકોને કોઈપણ અપરાધમાં દંડીત કરવું નિષેધ

**૭. દંડ પ્રક્રિયા સંહિતા ધારા-૧૨૫**
સંતાન અને સાથે બાળકો ભલે તે વૈધ અથવા અવૈધ સંતાન હોય, ભરણપોષણના હકદાર છે.

**૮. કારખાના અધિનમયમ, ૧૮૪૮**
બાળકોને અસ્વસ્થ પરિસ્થિતિઓમાં શ્રમ પર પ્રતિબંધ

**૯. શિશુ અધિનમય, ૧૯૬૧ (સંશોધિત-૧૯૭૮)**
બાળકોને ખતરનાક કાર્યો પર પ્રતિબંધ

**૧૦. કિશોર ન્યાય અધિનિયમ, ૧૯૮૬**
બાળકોના હિત માટે તથા ઉપેક્ષિત તેમજ દેખભાળ, વિકાસ તથા પુર્નવાસ (સંશોધિત ૨૦૦૦)ની સાથોસાથ સમુચિત વ્યવસ્થા માટેનો કાયદો.

**૧૧. રાષ્ટ્રીય બાળ આયોગ**
બાળકોના વિકાસ અને એમને સંબંધિત સમસ્યાઓના બધાજ પાસાઓનો અભ્યાસ અને સમસ્યાઓના નિરાકરણ માટે આવશ્યક પગલા ભરવા.

ઉપરની માહિતી પરથી ફલિત થાય છે કે બાળમજૂરી એક જટિલ અને ગંભીર સમસ્યા હોવાના કારણે ભારતીય બંધારણમાં વિવિધ જોગવાઈઓ બાળકોના વિકાસ અને સંરક્ષણ માટે કરવામાં આવી હતી. આ તમામ જોગવાઈઓનું મુખ્ય ધ્યેય બાળકો સુરક્ષિત રહે અને તેમના અધિકારો અને હક્કોથી તેઓ વંચિત ન રહે તે હતું. આમ છતાં વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં અનેક ક્ષેત્રોમાં બાળકો બાળમજૂરી તરીકે કાર્ય કરે છે અને બાળમજૂરોની આ સમસ્યા દિવસને દિવસે વધુ વિકસતી અને વિસ્તરતી જાય છે.

આમ ૨૧મી સદીમાં પણ અનેક કાયદાઓ અને જોગવાઈઓ બાળકોના રક્ષણ અને સંરક્ષણ માટે હોવા છતાં મુખ્ય કયા કયા ક્ષેત્રોમાં બાળમજૂરીનું નોંધપાત્ર પ્રમાણ જોવા મળે છે.તેવા પ્રમુખ ક્ષેત્રો પર દ્રષ્ટિપાત કરીશું.

**માચિસ તથા ફટાકડાના કારખાના**

તામિલનાડુમાં શિવકાશીમાં માચિસ અને ફટાકડાના ઉદ્યોગમાં લગભગ ૫૦,૦૦૦ થી ૮૦,૦૦૦ બાળકો મજૂરીનું કાર્ય કરે છે. તેઓ ૧૫ વર્ષની વયવાળા બાળકો હોય છે. આ બાળકો પોટેશિયમ, ક્લોરેટ, ફોસ્ફોરસ તેમજ ઝિંક ઓક્સાઈડ જેવા ઝેરીલા ખતરનાક રસાયણોની સાથે બાળકો પ્રતિદિન ૧૨ કલાક કામ કરે છે.

**પત્થરની ખાણ**

આંધ્રપ્રદેશ અને મંદસૌર(મધ્યપ્રદેશ)માં પત્થરની ખાણોમાં લગભગ ૨૦,૦૦૦ બાળશ્રમિકો કામ કરે છે. મેઘાલયની ખાણોમાં લગભગ ૨૮,૦૦૦ બાળમજૂર કાર્ય કરે છે. તે બાળકો ૯૦ સે.મી. વ્યાસના પથ્થરો (ખાડાઓ)માં કામ કરે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર પ્રદેશના છેક દ્વારકાથી સોમનાથ સુધીના દરિયાઇ પટ્ટીવાળા વિસ્તારમાં પથ્થરની ખાણોમાં ધ્યાનપાત્ર સંખ્યામાં બાળમજૂરો કામ કરે છે. આ કામ સખત પરિશ્રમવાળુ છે.તેથી તેઓ શારીરિક રીતે થાકી જાય છે. તેમને પત્થરમાં કે ધૂળમાં સતત કામ કરવાનું હોવાથી શ્વાસના, પથરીના રોગો વિશેષ થાય છે.

**મત્સ્ય પાલન**

કેરાલાના મત્સ્ય કેન્દ્રોમાં તેમજ ગુજરાતના બંદરોમાં લગભગ ૨૦ થી ૩૦ હજાર બાળકો કાર્ય કરે છે. અહિંયા છોકરા માલ ઉતારવામાં અને છોકરીઓ માછલી કાપવાનું કામ કરે છે.તેઓ બીડી કે તમાકુનું સેવન કરતા જણાય છે. કામના સ્થળનું વાતાવરણ પણ અત્યંત દૂષિત અને શ્વાસનારોગો જન્માવે તેવા પ્રકારનું હોય છે.

**બીડી ઉદ્યોગ**

કેરાલાના ત્રિચૂર તેમજ તમિલનાડુના તિરુન્ચિનાપલ્લીમાં લગભગ ૮ હજાર બાળમજૂર બીડી બનાવવાનું કાર્ય કરે છે. તેમાં સૌથી વધારે છોકરીઓ છે. તે ૧૫ કલાક સુધી કામ કરે છે. આ કાર્ય કરાનારા મોટાભાગના બાળકો બીડી પીવાની કુટેવ ધરાવે છે. ગુજરાતમાં ચરોતર પ્રદેશમાં તમાકુની ખરીમાં નોંધપાત્ર સંખ્યામાં બાળકો કામ કરે છે. જે તેમના સ્વાસ્થય માટે જોખમકારક છે.

**કાલીન ઉદ્યોગ**

જમ્મુ-કાશ્મીર, ઉત્તરપ્રદેશ તથા રાજસ્થાન સહિત દેશના અન્ય કાલીન (વણાટ) કેન્દ્રોમાં લગભગ ૧,૦૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ સુધીની સંખ્યામાં બાળકો

કાર્યરત છે.

**કાચ ઉદ્યોગ તથા ચીનાઇ માટીના વાસણો**

ઉત્તર પ્રદેશ ફિરોજાબાદ સ્થિત કાચ ઉદ્યોગ (બંગડી ઉદ્યોગ) માં લગભગ ૮૦ હજાર બાળમજૂર કામ કરે છે. તે બાળકો ૭૦૦ ડિગ્રી સેલ્સિયસના તાપમાનવાળી ભઠ્ઠીની પાસે કામ કરે છે. તેવીજ રીતે ઉત્તર પ્રદેશના ખુર્જા નામના સ્થળે લગભગ ૧૫ હજાર બાળકો ચિનાઇ માટીના વાસણો બનાવવાનું કામ કરે છે.

આમ, સાંપ્રત સમયમાં પણ ખાણ ઉદ્યોગ, મત્સ્ય વ્યવસાય, ફટાકડાના ઉદ્યોગમાં, બીડી ઉદ્યોગમાં, તમાકુની ખરીમાં કે કાચના ઉદ્યોગમાં બાળમજૂરો કામ કરે છે. આ બાળમજૂરોનો અસંગઠિત વિભાગમાં સમાવેશ થાય છે. ભારતના કુલ શ્રમદળમાંથી ૯૩% શ્રમિકો અસંગઠિત વિભાગમાં કામ કરે છે. તેમાંથી ૮૦% જેટલી સ્ત્રીઓ છે. સંગઠિત વિભાગમાં કામ કરતા મજૂરો સંગઠિત થઇ ન્યાય મેળવી શકે ત્યારે અસંગઠિત વિભાગમાં કામ કરતા મજૂરો ન્યાય મેળવી શકતા નથી તથા તેઓ શોષણનો ભોગ બને છે.

આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા બાળમજૂરો ટી.બી., કેન્સર, શ્વાસની બિમારી, ચામડીના વિવિધરોગ, કેન ફ્રોસિસ, ફોટોલિયા, દમ જેવી ઘાતક બિમારીથી પિડાતા હોય છે. તેની સારવાર તેનો માલિક કરાવતો નથી તેમજ બિમારી દરમ્યાન મજૂરી પર બાળક ન જાય તો તેનો પગાર કાપવામાં આવે છે. તેમને લઘુત્તમ વેતન મુજબ પગાર આપવામાં આવતો નથી. આ બાળકોને કામના સ્થળે અનેક વખત માલિક દ્વારા મારપીટ કરવામાં આવે છે. મોટાભાગના અભ્યાસોમાં જણાયું છે કે માલિકોનો વ્યવહાર બાળમજૂરો પ્રત્યે અમાનવીય હોય છે.

**યુ.એન.ડી.પીના અહેવાલ મુજબ ભારતમાં બાળમજૂરો અંગેની વાસ્તવિક સ્થિતિના આંકડા જોઇએ તો.**

૧. ભારતમાં ૩ કરોડ ૫૦ લાખ, ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો શાળાથી બહાર છે. જેમાં ૨/૩ છોકરીઓ છે.
૨. ભારતમાં ૧ કરોડ ૨૫ લાખ બાળકો શ્રમ કરવા માટે મજબૂર છે. તે શાળામાં જઇ શકતા નથી.
૩. ભારતના વેશ્યાલયોમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરની દોઢ લાખ નેપાળી છોકરીઓ છે.
૪. પાકિસ્તાનમાં ૪૦ હજાર બંગાળી છોકરીઓ વેશ્યાવૃત્તિ સાથે સંકળાયેલ છે.
૫. સાતથી આઠ કરોડ બાળકો ૧૬ વર્ષ પહેલાજ કામે લાગી જાય છે. તે રોજના ૧૨ થી ૧૫ કલાક કામ કરે છે.
૬. ૧ થી ૨ કરોડ બાળકો પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરતા પહેલા જ શાળા છોડી દે છે.તેમાં ૨/૩ છોકરીઓ છે.

ઉપરોક્ત આંકડા અને હકીકતના અવલોકન પરથી એવું લાગે છે કે બાળકોને ભારતીય બંધારણમા ખાસ હક્કો અને અધિકાર આપ્યા હોવા છતાં તેમનું શોષણ થતા બાળપણ ઝૂંટવાઇ રહ્યું છે. તેમજ તેમના માનવ અધિકારોનો ભંગ થઇ રહ્યો છે. વર્તમાન સંક્રાંતિકાળમાં હરણફાળ ગતિએ વધતી વસ્તી, કુટુંબની નબળી સ્થિતિ, અજ્ઞાનતા, ગરીબી અને બેકારી, બેફામ મોંઘવારી જેવા મુખ્ય પરિબળોના પરિણામે બાળમજૂરોની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. બાળમજૂરોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જોવા મળે છે. તેના કારણે તેમના અનેક જટિલ પ્રશ્નો અને પડકારો પણ ઉભા થયા છે. આથી પ્રસ્તુત અભ્યાસ લેખના અનુભવજન્ય અવલોકનોના આધારે આ સમસ્યાને હળવી કરવા માટે નીચેના પ્રયાસો કરવા જોઇએ.

૧. બાળકોના અધિકાર કાયદાની મર્યાદા દૂર કરી અને કાનૂની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઇએ તથા સખત દંડ કે સજાની જોગવાઇ કરવી જોઇએ.
૨. બાળ મજૂરી અને બેકારી સાથે સંકળાયેલી સમસ્યા છે માટે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને સરકારીની વિવિધ યોજનાઓનો લાભ આપીને તેમની આર્થિક સ્થિતિ સુધારવી જોઇએ.
૩. દરેક નાગરિક બાળમજૂરો પ્રત્યે સહૃદયતા અને સહાનુભૂતિપૂર્વક વર્તન-વ્યવહાર કરે તે આવશ્યક છે.
૪. બાળમજૂરોના હિતોના રક્ષણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ આગળ આવવું જોઇએ અને સક્રિય પ્રયાસો કરવા જોઇએ.
૫. બાળમજૂરોની ડોકટરી તપાસ નિયમીત થવી જોઇએ અને મફત દવા તથા ચાલુ પગારે આરામ કરવાની રજા આપવી જોઇએ.
૬. બાળમજૂરો માટે ખાસ કલ્યાણકારી યોજનાઓ બનાવવી જોઇએ.
૭. બાળમજૂરો શિક્ષણ પ્રાપ્ત કરે, પોષણક્ષણ આહાર મેળવે તેવી સરકારે વ્યવસ્થા કરવી જોઇએ.
૮. જે બાળમજૂરોના માતા-પિતા નથી તેમની દેખરેખ અને સંભાળ રાખવા બાળગૃહો બનાવવા જોઇએ.
૯. બાળકોના માનવ અધિકાર હનનના કેસોમાં રાજ્ય માનવ અધિકાર પંચે અસરકારક ભૂમિકા ભજવવી જોઇએ.

● ● ●

# બાળમજૂરી એક અભિશાપ

દર્શના જમીનદાર

*બાળમજૂરી એ એવો સળગતો પ્રશ્ન છે જેના કારણે બાળકના ભવિષ્ય સામે એક પ્રશ્નાર્થ ઉભો થાય છે. તેના ભવિષ્ય સામે જાણે કે અંધકારનો ઓળો ઉભરી આવતો હોય છે. લોકશાહી દેશમાં સંગઠિત અને અસંગઠિત એવા બે વિભાગ હોય છે. જેમાં સંગઠિત વિભાગમાં રાજ્ય કાનૂન પ્રમાણે ચાલતો હોવાથી તેમાં બાળમજૂરોને તક મળતી નથી. તેથી તેમાં બાળમજૂરોનો પ્રશ્ન લગભગ અસ્તિત્વ ધરાવતો નથી. અસંગઠિત વિભાગમાં બાળમજૂર વધુ હોય છે. અને તેને શોધવો સહેલો છે.પરંતુ પુરવાર કરવો અઘરો છે.*

*પ્રથમ દ્રષ્ટિએ બાળમજૂર એ ન સ્વીકારાય તેવો મુદ્દો છે. કારણકે બાળમજૂર બનેછે તે બાબતજ આપણને ગમતી હોતી નથી જો કે ગરીબ દેશોમાં અને ગરીબ પ્રજાઓમાં ખાસ કરીને ખેતી, પશુપાલન અને પંરપરાગત વ્યવસાયોમાં બાળકો કુટુંબના સભ્યો તરીકે તેમના મોટેરાઓ સાથે જોડાય છે. પરંતુ આપણે તેને બાળમજૂર ગણતા નથી. આમ, છતાં બાળમજૂર એક સામાજિક વાસ્તવિકતા છે. કારણકે લગભગ એ સાર્વત્રિક સમસ્યા છે.*

**બા**ળમજૂર એ શબ્દ સાંભળતાજ હૃદય ગ્લાની અનુભવે છે. સમગ્ર દેશ માટે, સમાજ માટે એક કલંક સમાન આ શબ્દે વિશ્વ આખાનો ભરડો લીધો છે. સમગ્ર વિશ્વમાં ૨૪ કરોડ કરતાં વધુ બાળકો મજૂરી કરી પોતાનો અને પોતાના પરિવારના નિર્વાહમાં સહયોગ આપે છે. દારૂણ ગરીબીથી પીડાતા, ગરીબી રેખાથી નીચે જીવતાં કેટલાંક કુટુંબોના બાળકો પ્રાથમિક સ્કૂલમાંથીજ પોતાનો અભ્યાસ છોડી કારખાનામાં, હોટેલોમાં, ચાની કીટલીપર, બૂટપોલીશ તેમજ અગરબત્તી બનાવવાની કામગીરીમાં જોડાયેલા હોય છે. બાળક એ આવતીકાલના ભવિષ્યનો નાગરીક છે. પરંતુ આવતીકાલનું એ ઉજ્જવળ ભવિષ્ય જોવા માટે આંખમાં સ્વપ્ન સેવે એ પહેલાતો એને પોતાના માલિકના શારિરિક-માનસિક ત્રાસ દર્શાવતો ચહેરો નજર સમક્ષ આવે છે.

આજનું બાળક આવતીકાલનો નાગરીક હોવાના કારણમાં એમ કહેવાય છે કે કોઈપણ દેશની સાચી સંપત્તિ એ દેશના યુવાનો છે. બાળક ભણી ગણીને જે ઈમારત ચણે છે. તેના ઉપર સમાજ ઉભો હોય છે. પરંતુ નગ્ન સત્ય એ છે કે ૨૧મી સદીના ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરના હાઈટેક યુગમાં ભવિષ્યના અનેક સ્વપ્નશીલ યુવાનોનું બાળપણ બૂટપોલીશ, ખાણ, બીડીના કારખાના, ગારમેન્ટ, ચામડાં ઉદ્યોગ, જરદોશી, જરીકામમાં મજૂરી કરવામાં વીતી રહ્યું છે.

૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને મજૂરી કરાવવા સમગ્રદેશમાં કાયદો અને પ્રતિબંધ મૂકી તેને અમલમાં મૂકી રહી છે. છતાં આ કાયદો માત્ર કાગળ પરજ રહ્યો હોય તેમ આવા બાળકોનું પુનઃસ્થાપન કરવા હજૂ લૂલો સાબિત થઈ રહ્યો છે.

સવારે સાત વાગે ઘરની બહાર કામ માટે નીકળી પડતાં આ ૭ થી ૧૪ વર્ષના બાળકો સાંજ સુધીમાં તિરસ્કાર, ધૂત્કાર, ગાળો સાંભળતા, રખડતા રોજના ૨૦ થી ૪૦ કે ૫૦ થી ૬૦ રૂપિયા જેટલી કમાણી બૂટપોલીશ કે અન્ય છૂટક મજૂરી કરીને મેળવી લેતાં હોય છે. એ સાથેજ બાળકના મનમાં રહેલું સ્વપ્ન ચકનાચૂર થઈ જાય છે. અનિચ્છાએ પણ મજબૂરીવશ કામે જવું પડે છે. અને રમવાની ઉંમરમાં બાળક ગુલામીની દશામાં આવી જાય છે. દુઃખદ હકીકત એ છે કે તાજેતરમાંજ અમદાવાદમાં બાપુનગર ખાતે અગરબત્તી વણવાનું કાર્ય કરતી ૧૪ કિશારીઓને શ્રમ આયુક્તની કચેરી દ્વારા પાડવામાં આવેલાં દરોડામાં મુક્ત કરાવવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે ૧૦૦૦ અગરબત્તીઓ માત્ર રૂા.૭ થી ૮.૫૦/- પૈસાના બદલામાં સવારથી સાંજ સુધી કામ કરતી આ બાળાઓ કોઈ ગુનો કર્યો હોય અને પકડાઈ ગઈ હોય તેવી માનસિક હાલતમાં આવી ગઈ હતી. જોકે આ કરૂણ સ્થિતિ માત્ર ભારતમાં કે ગુજરાતમાં અમદાવાદમાં નથી પરંતુ

(લેખિકા મુક્ત પત્રકાર છે.)

એશિયા સહિત અને લેટિન અમેરિકા જેવા દેશોમાં પણ જોવા મળે છે. મોટાભાગના ગરીબી રેખાથી નીચે જીવતા કુટુંબમાંથી આવતા હોવાને કારણે તેમની સ્થિતિ દયનીય હોય છે. તેમની આર્થિક સ્થિતી કંગાળ દયનીય અને કફોડી હોય છે.

ભારતમાં બંધારણની ૨૪મી કલમમાં સ્પષ્ટ જોગવાઇ છેકે ૧૪ વર્ષથી નીચેના કોઇ બાળકને ખતરનાક વ્યવસાયમાં મજૂરી તરીકે રાખી શકાશે નહિં. આ ધારાની કલમ આજે અમલમાં હોવા છતાં ઉદ્યોગો કારખાનાંઓથી ધમધમતા અમદાવાદ,સૂરત જેવા મોટા શહેરોમાં એકપણ ખૂણો એવો જોવા નહિ મળે જ્યાં એકપણ બાળમજૂર જોવા ન મળે. અસહ્ય ભાવવધારાને કારણે દિવસે દિવસે મોંઘવારી અને ફુગાવાનું પ્રમાણ વધતું જાયછે. બીજી તરફ ઘરમાં આવકનું નહિવત્ત પ્રમાણ, કમાનાર સભ્યો મજૂરી કરતાં હોય કે નાની ઉંમરે માતાપિતાનું અવસાન, મોટું કુટુંબ હોવાને કારણે ગરીબી અને બેકારીના ખપ્પરમાં પિસાતા વિષચક્રમાંથી બાળમજૂર પેદા થાય છે.

બાળમજૂરી એ એવો સળગતો પ્રશ્ન છે જેના કારણે બાળકના ભવિષ્ય સામે એક પ્રશ્નાર્થ ઉભો થાય છે. તેના ભવિષ્ય સામે જાણે કે અંધકારનો ઓળો ઉભરી આવતો હોય છે. લોકશાહી દેશમાં સંગઠિત અને અસંગઠિત એવા બે વિભાગ હોય છે. જેમાં સંગઠિત વિભાગમાં રાજ્ય કાનૂન પ્રમાણે ચાલતો હોવાથી તેમાં બાળમજૂરોને તક મળતી નથી. તેથી તેમાં બાળમજૂરોનો પ્રશ્ન લગભગ અસ્તિત્વ ધરાવતો નથી. અસંગઠિત વિભાગમાં બાળમજૂર વધુ હોય છે. અને તેને શોધવો સહેલો છે.પરંતુ પુરવાર કરવો અઘરો છે.

પ્રથમ દ્રષ્ટિએ બાળમજૂર એ ન સ્વીકારાય તેવો મુદ્દો છે. કારણકે બાળમજૂર બનેછે તે બાબતજ આપણને ગમતી હોતી નથી જો કે ગરીબ દેશોમાં અને ગરીબ પ્રજાઓમાં ખાસ કરીને ખેતી, પશુપાલન અને પંરપરાગત વ્યવસાયોમાં બાળકો કુટુંબના સભ્યો તરીકે તેમના મોટેરાઓ સાથે જોડાય છે. પરંતુ આપણે તેને બાળમજૂર ગણતા નથી. આમ, છતાં બાળમજૂર એક સામાજિક વાસ્તવિકતા છે. કારણકે લગભગ એ સાર્વત્રિક સમસ્યા છે. વિશ્વભરમાં બાળમજૂરી પ્રથા સામે આક્રોશ ઠલવાય છે કારણકે જેની તરફ અનુકંપા હોયતેમની રમવાની, શિક્ષણ મેળવવાની ઉંમરે વિવિધ પ્રકારની અસહ્ય મજૂરી કરવાની હોય તે બાબતજ પ્રત્યેક સંવેદનશીલ હૃદયને ધ્રુજાવી મૂકે છે.

વિકસિત કરતાં અલ્પવિકસિત અને વિકાસશીલ દેશોમાં આ સમસ્યા વધુ છે. કારણકે આવા દેશોએ બાળમજૂરી ઉપર પ્રતિબંધ મૂકતા કાનૂન ઘડયા છે. અવિકસિત અને વિકાસશીલ દેશોમાં સમાજમાં આ અંગે ચેતના આવી છે. અને બાળકોના આનંદ અને શિક્ષણની તકો મજૂરી દરમિયાન છિનવાઇ ન જાય, તેના સ્વાસ્થ્યને નુકશાન ન પહોંચે તેના જીવવાની તકો ઝૂંટવાઇ ન જાય, તે સામે અવાજ ઉઠવા પામ્યો છે. અને અનેક સંસ્થાઓ તે અંગે કાર્યરત થઇ છે. તો બીજી તરફ રાજ્ય સરકારે પણ આ અંગે શિક્ષણ આપવાના પ્રયાસો હાથ ધર્યા છે. વૈકલ્પિક શિક્ષણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તૌ શાળા છોડ્યા પછી બાળમજૂરો પોતાના સમયે શિક્ષણ લે તેના માટે ગુજરાત શિક્ષણ પરિષદ હેઠળ સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. ડાંગ , બનાસકાંઠા, પંચમહાલમાં તેવાં પ્રયત્નો કર્યા છે.

બુધ્ધિશક્તિ કુંઠિત થઇ જાય તેવી બાળમજૂરી ભારતીય સમાજ માટે અત્યંત ગંભીર સમસ્યા છે. થોડાં પૈસા કમાવા માટે કારખાનાં કે ફેક્ટરી, લારીગલ્લા પર કે ખેતરોમાં કે ઘરઘાટી કામમાં જોડાઇ જવું પડતું હોય તે સમાજ માટે શરમજનક ઘટના ગણાવી શકાય.

સંયુક્ત રાષ્ટ્રના ૧૯૮૯ના બાળકોના અધિકારો વિશેના સંમેલનોમાં કહેવાયું હતું કે બાળકો દુનિયાના ભાવિ નાગરીકો છે એમ કહેવું તે સત્યને લાખોગણું નબળુ પાડ્યા બરોબર છે. સત્ય તો એ છે કે બાળકોજ વિશ્વનું ભાવિ છે. પ્રત્યેક બાળકે સમાજમાં મહત્વની ભૂમિકા ભજવવાની છે. પોતાની અંદર પડેલી સુષુપ્ત શક્તિ બહાર લાવવાની છે.

- બાળમજૂરી આપણી સમસ્યામાંનુંજ એક અંગ છે તેની સામે માનવતાની લાગણીરાખીને તેને નિવારવાના પ્રયત્નો કરવા જોઇએ.
- ગરીબ અને નિમ્નસ્તરમાં જન્મેલા બાળકોને તેમના બૌધ્ધિક, આર્થિક વિકાસ માટે જરૂરી મદદ કરવી જોઇએ.
- આર્થિક રીતે પછાત વર્ગના બાળકોને શિક્ષણપ્રત્યે આકર્ષવામાં આવે તો ભવિષ્યમાં પ્રૌઢ શિક્ષણની ખર્ચાળ યોજનાઓ ચાલુ રાખવી નહિ પડે.
- બાળમજૂરીમાં જે કાયદો છે તેનો કડક અમલ કરાવવો જોઇએ તેમાં કોઇ ત્રુટી હોય તો સુધારી શકાય.
- બાળમજૂરી માટે હાલના કાયદાનો કડક અમલ કરવા સાથે સરકાર, સમાજ, સ્વૈચ્છિક સંગઠનોએ સામૂહિક પ્રયત્નો કરવા જરૂરી છે.
- બાળમજૂરી નાબૂદી અને નિયમન ધારો આ કાયદા હેઠળ સૂચિમાં દર્શાવેલા વ્યવસાયો અને પ્રક્રિયામાં સંપૂર્ણ પ્રતિબંધ છે.
- આવા જોખમી ઉદ્યોગોમાં બાળકોને

*અનુ. પાના ૧૨ ઉપર*

# બાળમજૂરીનો ઉકેલ જરૂરી

ડો. રમેશકુમાર સોઢા

*આપણી સામે જ્યારે બાળકનું સ્વરૂપ ઉપસ્થિત થાય ત્યારે બાળકના હાથમાં અવનવા રમકડાં હોય, નાની ટ્રાઈસિકલ, ખાવા પીવા માટે માબાપ કે વડિલ પાસેથી ભાગ લેવો, શેરી ગલીઓમાં હલ્લા ગુલ્લા મચાવી દોડાદોડી કરી ઘેર આવી ખાઈ-પી ટ્યુશન. ફરી એ જ રફતાર પણ આ બધાજ બાળકો માટે આ પ્રકારની કલ્પના શક્ય નથી.એવા પણ બાળકો રહેલા છે જેઓના હાથમાં રમકડાં નથી પણ ચાના પ્યાલા હોય છે. શેરી ગલીમાં ધીંગામસ્તી કરવાને બદલે નાના મોટા ક્ષેત્રે કામમાં રોકાઈ ખર્ચ કરવાને બદલે આવક મેળવવા પ્રયત્નશીલ હોયછે. જે બાળ મજૂર તરીકે ભૂમિકા ભજવે છે. તેની માઠી અસર દેશ સમાજ પર ભવિષ્યમાં કેવા પ્રકારની હોઈ શકે. બાળકોનો વિકાસ થંભી જાય કે રૂંધાય પણ જાય તે મર્યાદિત બંધિયાર વાતાવરણ વચ્ચે ફસાઈ જાય છે.*

**આ**પણો દેશ ભારત આઝાદ થયો ૬૦ વર્ષનો સમયગાળો થયો, આયોજન અપનાવ્યું ૫૭ વર્ષ સુધીના વહાણા પૂરા થયા છતાં આપણે અનેક પ્રકારની સમસ્યાઓથી સંતાકૂકડીનો ખેલ ખેલીએ છીએ. એ બાબત સર્વવિદિત છે કે મોટા ભાગની સમસ્યાનું ઉદ્ભવ સ્થાન વધતી જતી વસ્તી વૃધ્ધિને ગણવામાં આવે છે. તેને કારણે બેરોજગારી અને ગરીબી જેવા પ્રશ્નો સમસ્યાઓ ફૂલે ફાલે છે. તેથી લોકોમાં ‘એક સાંધતા તેર ટૂટે ’ જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. આવા સમયે કુટુંબના વડિલ મુખ્ય વ્યક્તિની આવકમાં ખર્ચને પહોંચી વળવા માટે ઘણીવાર બાળકોએ પૂરક આવક માટે કામે જવાનું હોય છે, જે બાળમજૂરીની સમસ્યા સર્જે છે. જેમાં મોટેભાગે બાળકોનું અનેક રીતે શોષણ થતું હોય છે.

ભારતમાં પ્રથમ પંચવર્ષિય યોજના ગાળા દરમિયાન વસ્તીનું પ્રમાણ ૩૩ થી ૩૫ કરોડની આસપાસ રહેલું હતું. આજે દશમી પંચવર્ષીય યોજના પૂર્ણ થયેલ છે. ત્યારે આ પ્રમાણ ૧૦૫ થી ૧૦૮ કરોડ થવા જાય છે. તે મુજબ આપણા દેશમાં મોટાભાગે એક વ્યક્તિ કમાનાર હોય અને ખાનારની સંખ્યા લગભગ છ થી આઠ થવા જાય છે. તેથી સ્વાભાવિક છે કે કુટુંબની જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલી સર્જાય ત્યારે ના છૂટકે બાળકોને કામે જવું પડે જેને આપણે બાળમજૂરી ગણાવીએ છીએ.આપણો દેશ છએક લાખ ગામડાંમાં વસવાટ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો ૭૦ થી ૭૨ % ગ્રામિણ વિસ્તારમાં જ્યાં મોટેભાગે સંયુક્ત કુટુંબને સ્વીકારવામાં આવે છે. જ્યાં ઘણીવાર બાળકો દ્વારા કામ લેવામાં આવતું હોય છે. ખાસ કરીને જ્યારે ખેતીની મોસમ હોય ત્યારે નાના મોટા કામમાં બાળકોને જોતરવામાં આવે તેવું પણ બને. તે સિવાય શહેરી વિસ્તાર પણ તેમાંથી બાકાત નથી. તેનું સ્વરૂપ અલગ હોય છે.

ભારતમાં એક બાબત સ્પષ્ટ છે કે આપણા દેશમાં અનેક સમસ્યાઓમાં બાળમજૂરને નજર અંદાજ કરી શકાય નહિ. જેનો ઉદ્ભવ અનેક કારણોસર થાય છે ઘરમાં નાના મોટા સામાજિક પ્રસંગો, જુના વંશપરંપરાગત રીતિ રિવાજો કે પછી માન્યતાઓ, અંધશ્રધ્ધા, સમાજમાં વધતું જતું દેખા દેખીનું પ્રમાણ વધતાં જતાં દેવાનું પ્રમાણ વિગેરે અનેક પ્રકારના કારણોસર ગરીબીના વાતાવરણને લીધે બાળકોએ શિક્ષણનો અભ્યાસનો ત્યાગ કરી કામ કરવા માટે મજબૂર બનવું પડે છે. જો કે આપણા દેશમાં એક સમસ્યા બેરોજગારી પણ છે તેથી બાળકોને કામ મળે તેમ ચોક્કસ કહી શકાય નહિ કદાચ અન્ય મજુરોને જે વેતન મળે તેના કરતા ઓછા વળતર વેતન મુજબ કદાચ કામ મળી શકે. ઘણીવાર ગરીબોને કારણે એક વખત પુરતું ખાવાનું નસીબમાં ન પણ હોય ત્યારે આવા બાળકો ગમે ત્યાંથી ભીખ માંગીને એઠું જુઠું જે મળે તે આરોગી પેટનો ખાડો પૂરતા હોય છે. સાથો સાથ કોઈપણ

ઋતુમાં ખૂણો ખાંચરો, ટાઢ તડકો, વરસાદના સમયમાં પોતાનું જીવન વ્યતિત કરે છે. બાળકોને માટે આપણી ભાવના હંમેશા કંઇક અલગ રહેલી છે. બાળકને આપણે આવતી કાલનો નાગરિક કે પછી ભગવાન સ્વરૂપથી ગણાવીએ છીએ. પણ આ વાતને આપણે કેટલા અંશે સ્વીકારીએ છીએ તે આપણે જાણીએ છીએ.

આપણી સામે જ્યારે બાળકનું સ્વરૂપ ઉપસ્થિત થાય ત્યારે બાળકના હાથમાં અવનવા રમકડાં હોય, નાની ટ્રાઇસિકલ, ખાવા પીવા માટે માબાપ કે વડિલ પાસેથી ભાગ લેવો, શેરી ગલીઓમાં હલ્લા ગુલ્લા મચાવી દોડાદોડી કરી ઘેર આવી ખાઈ-પી ટ્યુશન. ફરી એ જ રફતાર પણ આ બધાજ બાળકો માટે આ પ્રકારની કલ્પના શક્ય નથી.એવા પણ બાળકો રહેલા છે જેઓના હાથમાં રમકડાં નથી પણ ચાના પ્યાલા હોય છે. શેરી ગલીમાં ધીંગામસ્તી કરવાને બદલે નાના મોટા ક્ષેત્રે કામમાં રોકાઇ ખર્ચ કરવાને બદલે આવક મેળવવા પ્રયત્નશીલ હોયછે. જે બાળ મજૂર તરીકે ભૂમિકા ભજવે છે. તેની માઠી અસર દેશ સમાજ પર ભવિષ્યમાં કેવા પ્રકારની હોઇ શકે. બાળકોનો વિકાસ થંભી જાય કે રૂંધાય પણ જાય તે મર્યાદિત બંધિયાર વાતાવરણ વચ્ચે ફસાઇ જાય છે. આપણે એવો કાયદો ઘડીએ છીએ કે પ્રયત્ન કરીએ છીએ કે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કામે રાખી શકાય નહિં. પણ તેનો અમલ કેટલો ? આજે ઘણી જગ્યાએ નાના મોટા કામમાં બાળકો કામ કરતાં જોવા મળે છે. જેમાં ખાસ કરીને હોટેલ, રેસ્ટોરાં કે પછી ઘરકામમાં બાળકોનો વ્યાપ કામ પ્રત્યે વધારે જોવા મળે છે.

નાનાબાળકોના મુખ્ય ધંધા વ્યવસાયમાં ખાસ કરીને ધાર્મિક સ્થળોએ ભગવાનને ધરવા માટેની ચીજ વસ્તુઓ પ્રસાદ સામગ્રી, ફૂલમાળા, અગરબત્તી, નાળીયેર વેચવા કે વધેરી આપવા જેમાંથી રૂપિયો બે રૂપિયા પ્રમાણે આવક મેળવે છે. હા, અન્ય ક્ષેત્રની જેમ અહીં પણ હરીફાઇ, કામ માટે પડાપડી થતી હોય છે. કંઇ નહિ તો દર્શનાર્થીઓના બુટ ચંપલ સાધન સામગ્રીનું ધ્યાન રાખી, વાહનની સાફસફાઇ દેખરેખ દ્વારા આવક રળી લેતાં હોય છે. અને હા, બાળકો ઘણીવાર ખભે કોથળો, થેલો જેમાં બુટ પોલીસના ઓજારો લઇ ફરતાં જોવા મળે છે. સામાન્ય રીતે બાળકો આ વ્યવસાયમાં મોટેભાગે વધુ જોવા મળે છે. ચનાજોર ગરમ વેચવા, પાણીપૂરીવાળા પરપ્રાંતિય બાળકોને પણ કેમ ભૂલી શકાય તેઓ કુટુંબને મદદરૂપ થવા બે પૈસા કમાવા માટે માબાપથી દૂર જઇ કામ કરતાં જોવામાં આવે છે.

ઘણીવાર આવા બાળકોને ગ્રાહકો તરફથી તિરસ્કૃત વર્તન, ઉધ્ધતાઇ તેમજ માલિક તરફથી ગેર શબ્દો પણ સાંભળવા પડે છે. બાળકોની જેમ નાની બાળકીઓ જે કોઇ જગ્યાએ ઘરકામ કરતી હોય છે. જ્યાં નાની ઉમરમાં કામ-વાસણ,કચરાં પોતા કે અન્ય કામ કરે છે. ઘરકામમાં કેટલીક વાર તેમના પર નાની મોટી ચોરીનું આળ આરોપ પણ મુકવામાં આવે છે. છતાં પણ મજબૂરીના કારણે મુંગે મોંએ કામ કર્યે જાય છે.

શિક્ષણની પધ્ધતિ, શિક્ષણનું સ્તર વર્તમાન સમયે બદલાતા ફેરફાર થતાં વાતાવરણ કંઇક અલગ પ્રકારે જોવા મળે છે. આજની વિકટ એવી પરિસ્થિતિમાં આજનું બાળક શિક્ષણ લેવા માટે ફાંફા માટે છે કે પછી પ્રયત્નશીલ બનવા અથાગ પ્રયાસ કરતાં જોવા મળે છે. પણ કુટુંબની આર્થિક પરિસ્થિતિ પછાત હોવાને કારણે સારું શિક્ષણ મેળવી શકતાં નથી કે અધુરુ મૂકીને કામે લાગી જવાનો સમય આવે છે.અને તેને કારણે જીવનમાં આગળ વધવા માટેના માર્ગ રૂંધાતો હોય તેવું બને છે.

આપણા દેશણાં ગ્રામ્ય ક્ષેત્રે જોઇએ તેટલાં પ્રમાણમાં શૈક્ષણિક સુવિધાઓ અપૂરતી છે. અથવાતો આવી સુવિધાઓ હોય તો તેનો લાભ લેવામાં આવતો નથી. ખાસ કરીને ખેતીની મોસમમાં મોટા ભાગના બાળકો કામે જવાને લીધે શાળામાં ઓછા હાજર રહે છે. નાની બાળકીઓ પણ તેમને યોગ્ય કામ કરતી હોયછે. ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે કે શિક્ષણનું પ્રમાણ કેટલું ? આયોજન કાળ દરમ્યાન શિક્ષણ પાછળ કેટલુંક ખર્ચ આવરી લેવામાં આવે છે. ૧૦મી યોજનામાં ૭૫% સાક્ષરતાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

ઘણાખરા બાળકો એવા પણ જોવા મળે છે જેઓ અભ્યાસની સાથે બાકીના સમયે પાર્ટટાઇમ જોબ કરી કુટુંબની આર્થિક પરિસ્થિતિને અગ્રતા આપી તેના તરફ વધુ ધ્યાન આપે છે. પણ જ્યારે બંને જગ્યાએ પહોંચી શકાય નહિ ત્યારે તેઓ અભ્યાસ છોડી દે છે. આવા કારણોને લીધે સાક્ષરતાના લક્ષ્યાંકે પહોંચવાનું મુશ્કેલ બને છે. આજના યુગમાં શિક્ષણ ખર્ચાળ બનતું જાય છે. ખાસ કરીને ખાનગી શિક્ષણનો વધતો વ્યાપ અને તેનો ભાર વધતો જાય છે. જે સામાન્ય કક્ષાના ગરીબ બાળકો મેળવી શકતાં નથી. સરકારશ્રી દ્વારા અનેક પ્રયાસો, પ્રોત્સાહન,

*અનુ. પાનાનં ૨૮ ઉપર*

# બાળમજૂરીની સમસ્યા : ઉકેલ સમૃધ્ધવર્ગની સામાજિક જવાબદારીમાં

પ્રા. કે.વી. ઓઝા

*ભારતમાં રૂા. ૪.૫ કરોડથી વધુ સંપત્તિ ધરાવતા હોય તેવા કરોડપતિની સંખ્યા ઉદારી કરણ પછી વધતી જાયછે. ઈ.સ.૨૦૦૩માં આવા સમૃધ્ધ કુટુંબની સંખ્યા ૬૫૦૦૦ હતી. તે ૨૦૦૫માં વધીને ૮૩૦૦૦ થઈ. ફોર્બ્સ સામાયિક દ્વારા ધનકુબેરોની યાદીમાં ભારતના ૩૬ ઉદ્યોગપતિ સામેલ છે. જેની આવક સમગ્ર ભારતની આવકના ૨૦ ટકા જેટલી છે.આ અતિ સમૃધ્ધ વર્ગના દરેક કુટુંબ પ્રતિવર્ષ પોતાની સંપત્તિમાંથી રૂ.૧૦ લાખ ગરીબ કુટુંબના બાળ શિક્ષણ માટે પ્રયોજે તો બાળમજૂરીની સમસ્યાનો આંશિક ઉકેલ મળે અને અતિ સમૃધ્ધ કુટુંબોને સામાજિક જવાબદારી સંતોષાવાની લાગણી થાય. કાકા કાલેલ કર લખે છે. "જે દેશના અમુક લોકો ભૂખે મરતા હોય, તેનો ભૂખમરો મટાડવા યુવાનોએ સ્વેછાપૂર્વક ગરીબી સ્વીકારવી જોઈએ"*

**બા**ળકોના વિજ્ઞાનના વિશેષજ્ઞ જણાવે છે કે બાળકો પાસેથી બાળપણ છીનવી લેવું તે મોટો સામાજિક અપરાધ છે. સાંપ્રત સમયમાં વિશ્વવના સૌથી વધુ સંખ્યામાં બાળમજૂરો ભારતમાં છે. આ સ્થિતિ સમગ્ર ભારતીય સમાજ માટે મોટો સામાજિક અપરાધ છે. ઈસ. ૧૯૭૧ માં સંયુક્ત રાષ્ટ્રસંઘના તત્કાલીન મહામંત્રી શ્રી યુ. થાન્ટે કહ્યું હતું. "માનવીનું ગૌરવ આપણી બધીજ મિલ્કતોમાં અપૂર્વ અને સૌથી મૂલ્યવાન છે." આજે બાળકોને સાંજના સમયમાં રમતગમતના મેદાન અને સવારના સમયમાં શાળાના બદલે મજૂરી કરતા જોઇએ છીએ, ત્યારે આપણને પ્રતીતિ થવી જોઇએ કે આપણે આ મૂલ્યવાન બાળ સંપત્તિનો મજૂરી દ્વારા હ્રાસ કરી રહ્યા છીએ. ભારતમાં બાળમજૂરીની સમસ્યાનો ઉકેલ મહત્વનો છે.

વર્તમાનયુગને વધતી જતી માનવઆકાંક્ષાની ક્રાંતિના યુગ તરીકે ઓળખવામાં આવે છે. આપણે બાળમજૂરીની સમસ્યા દૂર કરીને જ ભવિષ્યના નાગરિકોને આ વધતી જતી આકાંક્ષાની ક્રાંતિમાં ભાગીદાર બનાવી શકીશું.

ઇ.સ. ૧૯૪૭ના ઓગષ્ટની ૧૪મી તારીખે નવી દિલ્હીમાં બંધારણ સભા સમક્ષ પંડિત નહેરુએ કહ્યું હતું. "દરેકની આંખમાંથી બધા આંસુ લૂછવાની અભિલાષા ગાંધીજીએ સેવી હતી. જ્યાં સુધી આંસુ અને યાતના રહેશે ત્યાં સુધી આપણું કાર્ય અધૂરું જ ગણાશે. ભારતની સેવા એટલે કરોડો પિડીતોની સેવા થથા તકની અસમાનતાનો અંત આણવો." આપણે બાળમજૂરીની પ્રથાનો અંત લાવીને જ પંડિતજીનું ન્યાયી સમાજ રચનાનું સ્વપ્ન સિધ્ધ કરી શકીશું.

પંડિતજીએ તેમના અવસાન પૂર્વે એકદા વર્ષથી પોતાના હસ્તાક્ષરમાં જાણીતા કવિ શ્રી રોબર્ટ ફ્રોસ્ટની આ કાવ્યપંક્તિ લખી મેજ પર રાખેલી. "કિંતુ મારે વાયદા પાળવાના" આ વાયદાનો મહત્વનો અર્થ ભારતના બાળમજૂરોના બાળપણને સંરક્ષિત રાખી, તેમને શિક્ષીત બનાવવાનો છે.

ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિતજીનો જન્મદિવસ બાળદિન તરીકે ઉજવાય છે. રાષ્ટ્રસંઘની મહાસત્તાએ પણ ઘણા દેશોમાં દર વર્ષે બાળદિન ઉજવવા ઠરાવ કર્યો હતો. આ બાળદિન ઉજવણીનો ઉદ્દેશ બાળમજૂરી દૂર કરવા તથા બાળકલ્યાણની વિવિધ પ્રવૃત્તિ કરવાનો હતો. ભારતમાં બાળમજૂરી દર શૂન્ય થશે, ત્યારે જ પંડિતજીનું આ સ્વપ્ન સિધ્ધ થશે.

ભારતમાં ૩૦ મી એપ્રિલ બાળમજૂરી વિરોધ દિન તરીકે ઉજવાય છે. ગરીબીના કારણે બાળકોને મજૂરી કરવી પડે છે. તેઓ બાળપણમાં શિક્ષણ મેળવી શકતા નથી, પરીણામે ભવિષ્યની માનવસંપત્તિની કાર્યક્ષમતા ઘટે છે.

૧૧ મી જૂલાઇ વિશ્વ વસતિ દિન

(લેખક ડી.કે.વી.કોલેજ ભાવનગર ખાતે અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)

તરકે ઉજવાય છે. ગરીબ વર્ગમાં વસતિ વિસ્ફોટ ગરીબ કુટુંબમાં બાળકને મજૂરીએ જવાની ફરજ પાડે છે. અલ્પવિકસિત દેશોમાં ગરીબી વસતિ વિસ્ફોટનું પરિણામ નથી, પરંતુ કારણ છે. ગરીબ દેશોમાં ગરીબોની એકમાત્ર મિલકત તેઓનો શ્રમ છે. ગરીબ કુટુંબોમાં બાળકોનો વધારો, કુટુંબની કમાણીમાં વૃધ્ધિનું સાધન બને છે. ગરીબ કુટુંબોમાં બાળક અસ્ક્યામત બને છે, જેથી બાળમજૂરોની સંખ્યા વધે છે. આ દ્રષ્ટિએ ૧૧મી જૂલાઇની ઉજવણીનો ઉદ્દેશ કુટુંબ નિયોજન કાર્યક્રમની સફળતા માટે વિશેષ પ્રયત્નો કરવા પર છે.

૮ મી સપ્ટેમ્બર વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવાય છે. આપણે સાક્ષરતાની દિશામાં વિશેષ પ્રગતિ કરવી હોય તો બાળમજૂરી શૂન્ય કરવી જોઇએ.

૧૯મી ઓકટોબર મનુષ્ય ગૌરવ દિન તરીકે ઉજવાય છે. બાળમજૂરી નાબૂદ કરીને જ આપણે ગરીબવર્ગનું ગૌરવ વધારી શકીશું.

૨૦ નવેમ્બર આંતરરાષ્ટ્રીય બાળ અધિકાર દિન છે. બાળકોને મજૂરીમાંથી મુક્ત કરી, આપણે તેમને શિક્ષણ અને ખેલકૂદનો અધિકાર આપવા માંગીએ છીએ.

૧૦ ડિસેમ્બર યુનિસેફ દિન તરીકે ઉજવાય છે. આ દિનનો ઉદ્દેશ વિશ્વના નિરાધાર બાળકોના કલ્યાણ અને તેઓના વિકાસનું આયોજન કરવાનો છે.

૧૧મી પંચવર્ષીય યોજનામાં સર્વજનસ્પર્શી વિકાસ પર ભાર મૂકાયો છે.આપણે જ્યારે ભારતમાં બાળમજૂરી શૂન્ય કરીશું, ત્યારેજ ભારતમાં સર્વજનસ્પર્શી વિકાસનું ધ્યેય સિધ્ધ થશે.

ભારતના બંધારણની પવિત્ર ભાવનાના સંદર્ભમાં બાળમજૂરી શૂન્ય થવી જોઇએ. ભારતીય બંધારણ રાજ્યોને આદેશ આપે છે કે તે સામાન્ય જનકલ્યાણ માટે એ પ્રકારની સમાજ વ્યવસ્થા સ્થાપિત કરશે, જેથી ન્યાય, સામાજિક, આર્થિક અને રાજકિય સમગ્ર ભારતીય સમાજને સ્પર્શે. બાળકોને આવો ન્યાય પ્રાપ્ત થાય તે માટે બાળમજૂરી નાબૂદ થવી જોઇએ. બંધારણના આ આદેશ પ્રમાણે બાલ્યાવસ્થાના શોષણ માટે રક્ષણ આપવું જરૂરી છે. આ ઉપરાંત બંધારણની ઉદ્‌ઘોષણા પછી દશ વર્ષમાં ૧૪ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણની રાજયે વ્યવસ્થા કરવાની છે. આ દ્રષ્ટિએ બાળમજૂરી બંધારણની આ ભાવનાનો ધ્વંશ કરે છે.

વર્તમાન સમયમાં આર્થિક વિકાસનો માપદંડ માત્ર વિકાસ પર નહીં, કે માત્ર માથાદિઠ આવક વૃધ્ધિ નહીં,પરંતુ માનવ વિકાસ આંકના સંદર્ભમાં વ્યક્ત થાય છે. ગરીબી, સાક્ષરતાદર, પ્રાથમિક શિક્ષણમાં બાળકોનો પ્રવેશ, બાળકોમાં કુપોષણનું પ્રમાણ, બાળમૃત્યુદર, વગેરે આંક દ્વારા માનવ વિકાસ આંક નક્કી થાય છે. આ દ્રષ્ટિએ ભારત પછાત છે. વિશ્વના ૧૭૭ દેશોમાં માનવવિકાસ આંકની દ્રષ્ટિએ ભારતનું સ્થાન ૧૨૭મું હતું. તે નીચે જઇ ૧૨૮મું થયું છે. આનું મહત્વનું કારણ બાળકોમાં નિરક્ષરતા, અલ્પશિક્ષણ, અનારોગ્યપ્રદ વાતાવરણ, બાળકોની મજૂરી વગેરે પરિબળો જવાબદાર છે. બાળમજૂરી નાબૂદ દ્વારા જ ભારતનું સ્થાન માનવ વિકાસની દ્રષ્ટિએ ઉંચું જશે. જાણીતા બંધારણનીય નિષ્ણાત શ્રી નાની પાલખીવાળાએ જણાવ્યું છે કે "દરેક અંદાજપત્રનું મૂલ્યાંકન માનવસંશાધન વિકાસ, શિક્ષણ તાલીમ તથા આરોગ્ય માપદંડ દ્વારા થવું જોઇએ. ભારતમાં બાળમજૂરીનો દર શૂન્ય કરીને જ આપણે ભારતનું સ્થાન માનવ વિકાસની દ્રષ્ટિએ ઉપર લઇ જઇ શકીશું"

સમગ્ર વિશ્વમાં સૌથી વિશેષ સંખ્યામાં બાળમજૂરો ભારતમાં છે. તટસ્થ અંદાજપ્રમાણે ભારતમાં ૧૯ કરોડ જેટલા બાળમજૂરો છે. માત્ર અમદાવાદ શહેરમાં જ પાંચ લાખ જેટલા બાળમજૂરો છે. ભારત સરકારે ૧૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૪ વર્ષથી ઓછી ઉમરના બાળકોને મજૂરીએ રાખવા સામે પ્રતિબંધ જાહેર કર્યો છે. પરંતુ એ યાદ રાખવું જરૂરી છે કે આ પ્રશ્ન ગરીબી અને અતિવસતિ સાથે સંકળાયેલો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે એવી આગાહી કરી છે કે વિશ્વની વર્તમાન વસતિ ૬ અબજ જેટલી છે. તે આવતા ૩૦ વર્ષમાં વધીને ૮ અબજ થશે. સંયુક્ત રાષ્ટ્રસંઘની આગાહિનો અમંગળ ભાગ એ છે કે આ બધોજ ૨ અબજનો વસતિ વધારો વિશ્વના ગરીબ દેશોમાં થશે. આ આગાહીમાં ભારતમાં બાળમજૂરીની સમસ્યા વિશેષ ગંભીર બનાવશે. ભારતની બધીજ સમસ્યા અંગ્રેજી ગણ "P" ની આસપાસ કેન્દ્રિત થયેલી છે. આ ત્રણ P એટલે Poverty, Population, અને Pollution. આ ત્રણે ઘટના પરસ્પર સબંધિત છે. ગરીબી અને નિરક્ષરતા છે એટલે વસતિ વધે છે, વસતિ વધે તેમ ગરીબી વધે છે. અને ગરીબી તથા વસતિ વધારો વિશેષ પ્રદૂષણ સર્જે છે. ભારતમાં બાળમજૂરો ખેતી-શેતરંજી, ગાલીચા ઉદ્યોગ, કાચના કારખાના, શીવકાશીના દિવાસળી તથા ફટાકટા

ઉદ્યોગ , કચરો શોધનારા બાળમજૂરો, મકાન બાંધકામ, હોટેલ, પાનબીડી વ્યવસાય, નાની બાળાઓ દ્વારા છૂટક ઘરકામ વગેરે વ્યવસાયમાં રોકાયેલો છે.

બાળમજૂરીની આ સમસ્યા ભારતના ભાવિવિકાસની દ્રષ્ટિએ ચિંતાજનક છે. (૧) બાળકો શાળાનું શિક્ષણ લઇ શકતા નથી, તેથી ભવિષ્યની માનવસંપત્તિ બિનકાર્યક્ષમ બને છે કેળવણી પાછળ ખર્ચ કરવાની શ્રમિકની ઉત્પાદકતા વધારી શકાય છે. માનવી માત્રની બૌધ્ધિક ક્ષમતા ઊંચી લાવવા માટે ખર્ચેલો રૂપિયો રાષ્ટ્રીય આવકમાં રેલવે, બંધ, યંત્રો અથવા તો ઉદ્યોગમાં ખર્ચેલ રૂપિયા કરતા વધુ વળતર અપાવી શકે છે. આ દ્રષ્ટિએ બાળમજૂરીની પ્રથા બાળકને અભ્યાસથી વંચિત રાખી, ભવિષ્યની માનવસંપત્તિને ઓછી કાર્યક્ષમ બનાવી, આર્થિક વિકાસ મંદ પાડે છે. (૨) અસંગઠીત ક્ષેત્રમા બાળમજૂરો અનારોગ્યપ્રદ વાતાવરણમાં કામ કરે છે. કામના કલાકો લાંબા હોય છે. તેનાથી બાળકના સ્વાસ્થય પર ખરાબ અસર થાય છે. આનાથી માનવસંપત્તિ બીન કાર્યક્ષમ બને છે. બાળકો બાળપણમાં શિક્ષણ, મનોરંજન અને રમતગમતથી વંચિત રહે છે. આનાથી બાળકનો બૌધ્ધિક વિકાસ અવરોધાય છે.

બાળકો પાસે કોઇ વિશિષ્ટ આવડત,તાલીમ હોતી નથી. તેથી બાળમજૂરોની ઉત્પાદકતા ઓછી હોય છે.આનાથી રાષ્ટ્રની શ્રમશક્તિનો બીનકાર્યક્ષમ ઉપયોગ થાય છે.

ભારતે બંધારણ દ્વારા કલ્યાણ રાજ્યની વિભાવના રજુ કરી છે, તે દ્રષ્ટિએ બાળમજૂરી અમાનવીય અને નૈતિક દ્રષ્ટિએ અયોગ્ય છે. બાળમજૂરી ૧૪ વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની બંધારણીય પવિત્ર ભાવનાનો ધ્વંશ છે.

ભારતમાં બાળમજૂરીની સમસ્યા ગરીબી સાથે સબંધિત છે. ગરીબ કુટુંબમાં વ્યાપક બાળમજૂરીની સમસ્યા અમેરિકન અર્થશાસ્ત્રી પ્રા. હાઇલબ્રોનર આ રીતે સમજાવે છે "ઘરકામ કે ખેતીમાટે યંત્રસામાગ્રી ન ધરાવનાર કુટુંબમાં તો બાળક પાસેથી ઘરનું અને ખેતરનું કામ પણ લઇ શકાય છે. બાળક વિનાના વૃધ્ધ સાવ નિરાધાર બની જતા હોય છે. એવા દેશમાં બાળક સામાજિક સલામતી બને છે." ટૂંકમાં ગરીબ દેશમાં બાળક અસ્ક્યામત રૂપ છે. તેને શિક્ષીત કર્યા સિવાય, તેની પાસેથી ખેતીકામ, ઢોર ઉછેરકામ કે ઘરકામ લઇ શકાય છે, અથવા તો બાળક કૌટુંબિક આવકમાં પૂરક બને તે માટે તેને મજૂરીએ લગાડી શકાય છે.

વિશ્વબેંકે ઇ.સ.૨૦૦૦ના અહેવાલમાં અવલોકન કરતાં કહ્યું છે કે "ભારતમાં આર્થિક સુધારાથી આવકની અસમાનતા વધી રહી છે." જાણીતા અર્થશાસ્ત્રી પ્રા. જગદીશ ભગવતીએ કહયું છે "વૈશ્વિકરણની પ્રક્રિયામાં માનવીય સ્પર્શ છે, પરંતુ વૈશ્વીકીકરણની પ્રક્રિયાને વધારે સામાજિક રીતે સ્વીકાર્ય બનાવવાની જરૂર છે." આનો અર્થ એટલોજ છે કે બાળમજૂરીની સમસ્યાના ઉકેલ માટે સમગ્ર સમાજે ખાસ કરીને સમૃધ્ધ સમાજે ભાર ઉંચકવો પડશે. મહાત્મા ગાંધીના વિચારો આની સાથે સુસંગત છે. ગાંધીજી કહે છે, "ધરતી પાસે એટલું પૂરતું છે કે તે દરેક વ્યક્તિની જરૂરિયાત સંતોષી શકે, પરંતુ કોઇ વ્યક્તિના લોભને સંતોષી શકે નહીં."

જાણીતા ચિંતક ખલીલ જિબ્રાન નૈતિક દ્રષ્ટિએ સમૃધ્ધ વર્ગની સામાજિક જવાબદારી તરફ ધ્યાન દોરતાં કહે છે. "આ ધરતી માતા તમને ફળફૂલ અઢળક આપે છે, અને એમાંથી તમારા ખપ પૂરતું, તમને ખોળો ભરી લેતા આવડે તો બસ છે. પરંતુ ધરતી માતાની આ ભેટના બદલા રૂપે તમે કાંઇ ચૂકવશો ત્યારેજ આ ભંડાર અખૂટ રહેશે. અને તમને પણ સંતુષ્ટ કરશે. જો તમે બદલારૂપે તમારો પ્રેમ અને ન્યાય બુધ્ધિ નહીં આપો. તો એનું પરિણામ હશે, એક તરફ લોલુપતા ભરી સંગ્રહખોરી અને બીજી તરફ ભૂખમરો" શ્રી ખલિલ જિબ્રાન અહીં સમૃધ્ધ વર્ગની ગરીબ વર્ગ તરફની સામાજિક જવાબદારીનો ખ્યાલ આપે છે. ઇશાવાસ્ય ઉપનિષદ નો પ્રથમ શ્લોક "ત્યાગીને ભોગવો" આજ બાબત પર ભાર મૂકે છે. સમાજવાદી સમાજરચનાનો વિશ્વમાં સૌથી પ્રથમ ખયાલ ઇશાવાસ્ય ઉપનિષદે આપ્યો છે. જાણીતા શ્રી રવિશંકર મહારાજે આ શ્લોકનો સરળ ભાષામાં અનુવાદ કર્યો છે. "ઘસાઇને ઊજળા થઇએ" અહીં મહારાજનો નિર્દેશ સમૃધ્ધ વર્ગની સામાજિક જવાબદારી પર છે.

મહાત્મા ગાંધીએ ધનિકોની ગરીબ વર્ગ તરફની સામાજિક જવાબદારી આ રીતે સમજાવી છે. "હું બુધ્ધિશાળી માણસોને વધારે કમાવા દઉં . હું તેની બુધ્ધિના વિકાસને રોકું નહીં. પણ જેમ બાપના બધા દિકરાની કમાણીની આવક કુટુંબના સંયુક્ત ખાતામાં જમા થાય છે. તેજ રીતે એમની વધારે કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે વપરાવો જોઇએ." ગાંધીજીએ અહીં સમૃધ્ધ વર્ગને

પોતાની કમાણીનો અમુક હિસ્સો ગરીબ વર્ગના ઉત્કર્ષ માટે પ્રયોજવાની હિમાયત કરી છે.

વર્તમાન સમયમાં વૈશ્વિકરણના માહોલમાં કોર્પોરેટ જગત કંપની વિભાગ સમૃધ્ધ થતો જાય છે. ત્યારે કંપની વિભાગ માટે સમાજિક ઉત્તરદાયિત્વની વિભાવનાની વ્યાખ્યા આરીતે થઇ છે. "કંપની વિભાગ સમાજનો અંતર્ગત ભાગ છે. કંપની સમાજનો, સાધનોનો વપરાશ કરે છે. કંપની વિભાગ સમાજના કારણે નફો પ્રાપ્ત કરે છે, તેથી કંપનીએ સમાજના કલ્યાણની વૃધ્ધિ માટે પ્રયત્ન કરવો જોઇએ." વ્યાપારી પેઢીઓનો મુખ્ય ઉદ્દેશ નફાની પ્રાપ્તિનો હોય છે. આમ છતાં નફો પેઢીનો એકમાત્ર ઉદ્દેશ ન બનવો જોઇએ. વ્યાપારી પેઢીએ વિવિધ ઉદ્દેશો વચ્ચે સમતુલા સ્થાપવાની છે, તેથી પેઢીએ માત્ર શેરધારકના સંકુચિત હિતને ધ્યાનમાં ન લેતાં સમગ્ર સમાજની દ્રષ્ટિએ ઉત્તમ હોય તેવાં પગલાં ભરવા જોઇએ. તેથી પેઢીએ પોતાની સામાજિક ઉત્તરદાયીત્વની ફરજના પાલન માટે નીચેના પગલાં બાળમજૂરી નાબૂદી માટે ભરવા જોઇએ.

(૧) સામાજિક ઉદ્દેશો જેવાકે ગરીબ કુટુંબમાં શિક્ષણની વૃધ્ધિ, જનસંખ્યા નિયમન જેવા પગલાંને ઉત્તેજન આપી, બાળમજૂરીની નાબૂદીમાં સહયોગ આપવો જોઇએ.

(૨) વ્યાપારી પેઢીઓએ રાષ્ટ્રીય હિતના સંવર્ધનમાં ફાળો આપવો જોઇએ. આ દ્રષ્ટિએ ઉદ્યોગપતિ શ્રી. જે.આર.ડી તાતાએ લખ્યું છે. "ઉચ્ચ નૈતિક જવાબદારીની ભાવના અને સામાજિક ફરજો રાષ્ટ્રના બધાજ આર્થિક જુથોએ બનાવવાની છે.

(૧) ભારતમાં રૂા. ૪.૫ કરોડથી વધુ સંપત્તિ ધરાવતા હોય તેવા કરોડપતિની સંખ્યા ઉદારી કરણ પછી વધતી જાયછે. ઇ.સ.૨૦૦૩માં આવા સમૃધ્ધ કુટુંબની સંખ્યા ૬૫૦૦૦ હતી. તે ૨૦૦૫માં વધીને ૮૩૦૦૦ થઇ. ફોર્બ્સ સામાયિક દ્વારા ધનકુબેરોની યાદીમાં ભારતના ૩૬ ઉદ્યોગપતિ સામેલ છે. જેની આવક સમગ્ર ભારતની આવકના ૨૦ ટકા જેટલી છે.આ અતિ સમૃધ્ધ વર્ગના દરેક કુટુંબ પ્રતિવર્ષ પોતાની સંપત્તિમાંથી રૂ.૧૦ લાખ ગરીબ કુટુંબના બાળ શિક્ષણ માટે પ્રયોજે તો બાળમજૂરીની સમસ્યાનો આંશિક ઉકેલ મળે અને અતિ સમૃધ્ધ કુટુંબોને સામાજિક જવાબદારી સંતોષાવાની લાગણી થાય. કાકા કાલેલ કર લખે છે. "જે દેશના અમુક લોકો ભૂખે મરતા હોય, તેનો ભૂખમરો મટાડવા યુવાનોએ સ્વેર્છાપૂર્વક ગરીબી સ્વીકારવી જોઇએ".

(૨) સંયુક્ત રાષ્ટ્રસંઘે ઠરાવ કરી વિશ્વના સમૃધ્ધ રાષ્ટ્રોએ પોતાની સામાજિક જવાબદારી બજાવવા પોતાની રાષ્ટ્રીય આવકનો ૧ ટકો ગરીબ રાષ્ટ્રોના કલ્યાણ માટે વાપરવા અનુરોધ કર્યો છે. ઇ.સ. ૨૦૦૩ માં વિશ્વમાં કરોડપતિની સંખ્યા ૭.૫ ટકા વધી હતી. જયારે એકલા અમેરિકામાં ૧૪ ટકા વધી હતી. આ દ્રષ્ટ્રિએ વિશ્વના સમૃધ્ધ રાષ્ટ્રો ભારતના બાળમજૂરોની સમસ્યાના ઉકેલમાં આંશિક ફાળો આપી શકે.

(૩) ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ વિશાળ પ્રમાણમાં છે. કેટલીક સંસ્થાઓ પાસે વિપુલ નાણાંકિય સાધનો છે. આવી દરેક સંસ્થા પ્રતિવર્ષ ૧૦૦ જેટલા બાળમજૂરો દત્તક લઇ, તેમને અભ્યાસ તરફ વાળે તો પ્રતિવર્ષ માટો પ્રમાણમાં બાળકોને ભણાવી શકાય.

(૪) ભારત ચીન પાસેથી સસ્તી ચીજોની આયાત ઘણી કરે છે. તેના બદલે ચીન પાસેથી જન સંખ્યા નિયમત નીતિની આયાત જરૂરી છે. જોકે ચીને ઝનૂનથી જનસંખ્યા નિયંત્રિત કરવા પ્રયત્નો કર્યા છે. ઉદારમતવાદી ભારતીય લોકશાહી આ રીતે જનસંખ્યા નિયંત્રિત કરવા ચીનનું અનુકરણ કરી શકે નહીં. આમ છતાં ભારત ગરીબ કુટુંબોમાં પ્રલોભન અને સમજાવટની નીતિ દ્વારા ગરીબ કુટુંબોને બે બાળકોનું ધોરણ અપનાવવા સમજાવી શકે. આ દ્રષ્ટિએ બે પગલાં આવશ્યક છે. (અ) ઇ.સ. ૧૯૯૮-૯૯માં મધ્યસ્થી સરકારની કુલ કર આવક ૧,૪૩,૦૦૦ કરોડની હતી. તે ઇ.સ. ૨૦૦૭-૦૮માં વધીને ૫,૪૮,૧૨૨ કરોડ થઇ. આટલી વિશાળ કર આવકમાંથી કેન્દ્ર સરકારે રૂા. ૨૮,૮૦૦ કરોડ ભારતના કલ્યાણ રાજયની કલ્પનાએ સાકાર કરવા ફાળવવા જોઇએ

(બ) જાણીતા અર્થશાસ્ત્રી પ્રા. દાંતવાલાએ જણાવ્યું છે કે "ગરીબો ઉત્પાદક બનશે તોજ ગરીબી નાબૂદ થશે. આ દ્રષ્ટિએ ગરીબો માટેના રોજગારી કાર્યક્રમોનું આયોજન માત્ર સંઘ ઉત્પાદક યોજના માટે કરવું જોઇએ. આ દ્રષ્ટિએ નાની સિંચાઇના કામો, વૃક્ષારોપણ, જળસંચય યોજનાને સર્વોચ્ચ અગ્રતા આપવી જોઇએ. આ ઉપરાંત ગરીબી નાબૂદી કાર્યક્રમની સમગ્ર રકમ ગરીબોના ખીસ્સા સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવી જોઇએ".

એ યાદ રાખવું જરૂરી છે કે ગરીબ કુટુંબો બે બાળકોનું ધોરણ સ્વીકારશે નહીં,

ત્યાં સુધી શિક્ષણ માટેની ગમે તે યોજના બાળમજૂરી નાબૂદીના ધ્યેયને સહાયભૂત નહીં થાય. બાળમજૂરી રોગ નથી, પરંતુ રોગનું ચિહ્ન છે. બાળમજૂરી નાબૂદ ધારો રોગનું ચિહ્ન દાબવાનો પ્રયત્ન છે. મૂળ રોગ છે ગરીબી. ગરીબ કુટુંબની આવક વધશે અને ગરીબ વર્ગ કુટુંબને મર્યાદીઠ બનાવશે તોજ બાળમજૂરોની સમસ્યા દૂર થશે. બાળમજૂરી નાબૂદી અને ૬-૧૪ વર્ષના બાળકોનું શિક્ષણ સર્વાધિકરણ આપણી નૈતિક જવાબદારી છે.

આ પ્રશ્નનો ઉકેલ માત્ર કાયદા દ્વારા કે સરકારી અંદાજપત્રની ફાળવણી દ્વારા નહીં ચાલે, આ પ્રશ્ન ભારતની વ્યાપક ગરીબી અને ઉચ્ચ જનસંખ્યા વૃધ્ધિ સાથે સંકળાયેલ છે. તેથી આ પ્રશ્ન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમૃધ્ધ વર્ગની સામાજિક ઉત્તરદાયીત્વની ભાવના દ્વારા ઉકેલી શકાશે.

વિશ્વના પ્રસિધ્ધ ચિંતકો, સમૃધ્ધ વર્ગની નૈતિક જવાબદારી પર ભાર મૂકે છે. વિખ્યાત ઇતિહાસ કાર બીલડુરાં લખે છે. "આ જગતમાં આવીને તમે મળે તે બધું જ ઉસેડવા ન માડો. આ પૃથ્વી પર બીજાનો પણ હક્ક છે." શ્રી બાબાઆમ્ટે શ્રીમંત કુટુંબમાં જન્મેલા તેમને સમાજની આર્થિક અસમાનતા ખટકેલી. તેમણે કહેલું "ચારેકોર ગરીબી છે, બોલ આજે તેં દુઃખી માનવજાત માટે કેવો ભોગ આપ્યો?" આ બન્ને ચિંતકો સમૃધ્ધ વર્ગની નૈતિક જવાબદારી પર ભાર મૂકે છે. વિશ્વના સૌથી ધનિક ગણાતા શ્રી વોરેન બફેટ તેની ૮૦ ટકા સંપત્તિ દાનમાં આપવાની જાહેરાત કરી છે. ભારતના અતિ સમૃધ્ધ વર્ગે બફેટનું અનુકરણ કરવા જેવું છે. ભારતનો અતિ સમૃધ્ધ વર્ગ પોતાની આવકનો માત્ર ૧ ટકા ભાગ પ્રતિ વર્ષ બાળમજૂરો ની સમસ્યાના ઉકેલ માટે આપે, તો પ્રતિ વર્ષના સહયોગના કારણે આ દિશમાં મોટી સિધ્ધિ પ્રાપ્ત થશે. આ દ્રષ્ટિએ ભારતના સમૃધ્ધવર્ગ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારના પ્રયત્નોના સહયોગથી આ સમસ્યાનો ઉકેલ આવશે.

• • •

*અનુ. પાના ૨૩ થી શરુ*

સુવિધાઓ પૂરી પાડવા પ્રયત્નશીલ છે. પણ અનેક કારણોને લીધે ઘણાં બાળકો શિક્ષણની સુવિધા મેળવવાને બદલે કામ કરવાનું પસંદ કરે છે. આજે સરકાર શ્રી દ્વારા નાના બાળકો માટે મફત શિક્ષણના પુસ્તકો,સહાય આપવામાં આવે છે. પણ એ બાળક પોતાના કુટુંબની આર્થિક સ્થિતિ ગરીબીને કારણે કુટુંબને મદદરૂપ થવા કંઇક આવક મેળવી પોતાનો હિસ્સો આપવા માંગે છે. જો શિક્ષણ મેળવવા જાય તો આવક બંધ થાય તેવું પણ બને જે તેને કે પોતાના કુટુંબને પોષાય નહિં તેને લીધે સરકારશ્રીની અનેક સુવિધાઓ, લાભથી તે વંચિત રહે તે સ્વભાવિક છે.

એક બાબત સ્પષ્ટ છે કે આપણા દેશમાં બાળમજૂરીનું પ્રમાણ છે ખરૂં ! તેના ઉપાય માટે કાયદા કાનૂન, નિયમો નક્કી કરવામાં આવે છે. પણ તેનાથી તેનો ઉકેલ લાવી શકાય ખરો ? કારણકે કાયદાની અનેક પ્રકારની કલમો હોવા છતાં બાળમજૂરોનું પ્રમાણ મજબૂરીથી જોવા મળે છે. અનેક ઉપાયોમાં એક સૂચન કરી શકાય કે બાળ મજૂરી રોકી શકાય નહિ પણ ઓછી જરૂરથી કરી શકાય. ગરીબ બાળકોને માટે જરૂરિયાત વાળા કુટુંબનોને કેટલીક ખાસ સુવિધા- આવકનું સાધન આપી અથવા આવા બાળકોને શિક્ષણની સાથે તેમને યોગ્ય કામ આપી તેમનું ભવિષ્ય ઉજળું બનાવી શકાય અથવા આવા બાળકોના કુટુંબને લોન-સબસીડી દ્વારા નાના મોટા પાયે સ્વરોજગાર આપી બાળકોને બાળમજૂરીથી અટકાવી શકાય કે પછી આવા બાળકો શિક્ષણ મેળવી પછી આગળ વધી કઇંક ધ્યેય સિધ્ધ કરી શકે. જો કે આ માટે સરકારશ્રી તથા લોકોએ સાથે મળીને પ્રયાસ કરવોજરૂરી બને છે. ઘણાં મા-બાપ પોતાની મર્યાદિત આવકમાંથી કરકસર કરીને પણ પોતાના બાળકોને સારૂશિક્ષણ આપી સારી એવી જગ્યાએ કાર્યરત બનાવી શકે છે. અને આજનું તેમનું રોકાણ ભવિષ્યમાં બાળકો એનું પોતાના જીવન ધોરણને સુધારી શકે છે. ફરીથી એટલું કહી શકાય. બાળમજૂરીના પ્રશ્નને માત્ર સરકાર નહિ આપણે પણ હળવો કરવા માટે સહકારની ભાવનાથી ઉકેલવામાં આવે તે જરૂરી છે.

• • •

**વિકાસલક્ષી**

**સામયિક**

**એટલે**

**યોજના**

**યોજના વાંચો,**

**યોજના વંચાવો**

# બાળમજૂરી : સામાજિક બદી

પ્રા. નિલેશભાઇ પટેલ

- *૧૯૮૧ ની વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે બાળકોની કુલ સંખ્યામાં બાળ મજૂરોનું પ્રમાણ ૬.૨% હતું. જેમાં અનુસૂચિત જાતિ ૭.૨૨% અને અનુસૂચિત જનજાતિમાં ૧૨.૧૨% હતું.*
- *નેશનલ સેમ્પલ સર્વેની મોજણી અનુસાર આ પ્રમાણ ૯.૭% છે.*
- *વિશ્વબેંકના રિપોર્ટ અનુસાર વિશ્વમાં લગભગ ૨૫ કરોડ બાળમજૂરો છે. જેના ૬૧% (૧૫.૩ કરોડ) ફક્ત એશિયામાં છે. ૩૨% (૯ કરોડ) આફ્રિકામાં છે અને ૭% (૭૫ લાખ) બ્રિટન અને અમેરિકામાં છે. ૨૫ માંથી ૬ કરોડ કરતાં વધુ બાળમજૂરો ફક્ત ભારતમાં જ છે. જ્યારે ૧૫ કરોડ બાળમજૂરો 'બંધુઆ' મજૂર તરીકે બાળપણની કુરબાની આપી રહ્યા છે.*

આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં વિકાસમાન દેશ તરીકે ભારતીય અર્થતંત્રની ગણના થવા લાગી છે. ઝડપથી વિકાસના સોપાનો સર કરવામાં લોકોમાં રહેલી સાહસવૃત્તિ પ્રેરણ બને છે. વિકાસની પ્રક્રિયામાં આગળ વધતા દેશ માટે અનેક વિશાળ સમસ્યાઓ મોં ફાડીને ઊભી રહી છે. ઉદાહરણ સ્વરૂપે જોવા જઇએ તો ગરીબી, બેકારી, વસ્તીવધારો અને બાળમજૂરી પણ ખરી. વિવિધ ક્ષેત્રોમાં બાળશ્રમનું પ્રમાણ વધી રહ્યું છે, અને બીજી તરફ બેકારોનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ તે કેવો વિરોધાભાસ વિચારવા જેવો છે. બાળમજૂરી કરતાં બાળકો મહદઅંશે...ચાની લારી ઉપર, પાનના ગલ્લા પર, હોટલ કે રેસ્ટોરન્ટમાં ડીશ કે કપ રકાબી ધોવા માટે, બુટ પોલિસ, દુકાનોમાં સામાન આપવા માટે, કોલસાઓની ખાણમાં... વગેરેમાં જોવા મળે છે. ભારતમાં બાળકનું બાળપણ મજૂરી કરવામાં વીતી જાય છે. પાયાનું જ્ઞાન, સંસ્કારો, સંસ્કૃતિની અસ્મિતાની જાણકારીને બદલે ગધ્ધાવૈતરા કરવામાં પૂર્ણ થાય છે. બાળપણના નિર્દોષ હાસ્યને બદલે તેના ચેહરા પર નિરાશા, હતાશા જ જોવા મળે છે. વારંવાર માલિકો અને ઉપરીઓ દ્વારા ધાક-ધમકી, માનસિક કે શારીરિક અત્યાચાર તો કેટલીક વાર જાતીય શોષણનો ભોગ પણ બાળશ્રમિકોએ બનવું પડે છે.

બાળશ્રમ કાયદાકીય રીતે ગુનો હોવા છતાં પણ દાયકા દીઠ બાળ શ્રમિકોનો ઉપયોગ કોઇ પણ જાતના અટકાયત વિના થતા રહ્યા છે.

### બાળમજૂરોની પરિભાષા

આંતરરાષ્ટ્રીય શ્રમસંગઠન જણાવે છે કે જોખમી ધંધાઓ જેવાકે ખનીજોનું કામ કરવામાં બાળમજૂરોની ઓછામાં ઓછી ઉંમર ૧૮ વર્ષ નક્કી કરેલી છે. જ્યારે સામાન્ય ધંધાઓ માટે લઘુત્તમ ઉંમર ૧૫ વર્ષ નક્કી કરેલી છે. જે બાળકોની ઉંમર જોખમી વ્યવસાયમાં ૧૮ વર્ષ કરતાં ઓછી હોય અને સામાન્ય ધંધામાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો કામ કરતાં હોય તેને બાળ મજૂર કહેવાય છે.

- પુખ્તવય કરતા નાના હોય છે
- બાળમજૂરોમાં છોકરા અને છોકરીનો સમાવેશ થાય છે.
- નિમ્નત્તમ વેતન ચૂકવવામાં આવે છે.
- કોઇ અધિકાર હોતા નથી.
- શોષિતવર્ગ તરીકે પાછળથી ઉભરી આવે છે.

### ભારતમાં બાળમજૂરોનું પ્રમાણ

સ્વતંત્ર ભારતમાં નિરક્ષરતાનું પ્રમાણ તીવ્રતાથી ઘટ્યું નથી. બેકારીની સમસ્યાનું સચોટ નિદાન પણ શક્ય નથી. આયોજિત અર્થતંત્ર અપનાવવામાં આવ્યું હોવા છતાં બેકારીમાં ઘટાડો થયો નથી. ભારતમાં દિનપ્રતિદિન બાળ મજૂરોની સંખ્યા વધતી જતી જોવા મળી છે. વિવિધ સંસ્થાઓએ કરેલી મોજણીના આધારે ભારતદેશમાં

(લેખક સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચમાં પ્રાધ્યાપક છે.)

બાળમજૂરોનું પ્રમાણ જાણી લઈએ.

- ૧૯૮૧ ની વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે બાળકોની કુલ સંખ્યામાં બાળ મજૂરોનું પ્રમાણ ૬.૨% હતું. જેમાં અનુસૂચિત જાતિ ૭.૨૨% અને અનુસૂચિત જનજાતિમાં ૧૨.૧૨% હતું.
- નેશનલ સેમ્પલ સર્વેની મોજણી અનુસાર આ પ્રમાણ ૯.૭% છે.
- વિશ્વબેંકના રિપોર્ટ અનુસાર વિશ્વમાં લગભગ ૨૫ કરોડ બાળમજૂરો છે. જેના ૬૧% (૧૫.૩ કરોડ) ફક્ત એશિયામાં છે. ૩૨% (૯ કરોડ) આફ્રિકામાં છે અને ૭% (૭૫ લાખ) બ્રિટન અને અમેરિકામાં છે. ૨૫ માંથી ૬ કરોડ કરતાં વધુ બાળમજૂરો ફક્ત ભારતમાં જ છે. જ્યારે ૧૫ કરોડ બાળમજૂરો 'બંધુઆ' મજૂર તરીકે બાળપણની કુરબાની આપી રહ્યા છે.

કેટલાક મુખ્ય ભારતીય ઉદ્યોગોમાં બાળમજૂરનું પ્રમાણ નીચે મુજબ છે.

| ઉદ્યોગ | સ્થળ | બાળમજૂર | ઉદ્યોગ | સ્થળ | બાળમજૂર |
|---|---|---|---|---|---|
| બીડી | કર્ણાટક, આંધ્ર | | તાળું | અલીગઢ | ૧૦,૦૦૦ |
| | યુ.પી., બિહાર | ૨,૦૦,૦૦૦ | જરી | લખનઉ | ૪૫,૦૦૦ |
| | સમ્બલફર | ૫૪,૦૦૦ | વૃક્ષારોપણ | આસામ | ૫૬,૬૬૪ |
| | ત્રિચુર | ૭,૦૦૦ | | પં. બંગાળ | ૧૪,૭૭૯ |
| | તિરુચિરાપલ્લી | ૭,૦૦૦ | | ત્રિપુરા | ૩૭૧ |
| હીરા અને કીમતી | | | કાચની ખાણ | મેઘાલય | ૨૮,૦૦૦ |
| પથ્થર ઉપર પોલિશ | જયપુર | ૨૦,૦૦૦ | હેન્ડલૂમ | ત્રિવેન્દ્રમ | ૧૦,૦૦૦ |
| પિત્તળ અને કાચ | ફિરોઝાબાદ | ૫૦,૦૦૦ | | ત્રિપુરા | ૮,૦૦૦ |
| ફટાકડા | શિવાકાશી | ૫૦,૦૦૦ | | ભિવંડી | ૧૫,૦૦૦ |
| હસ્તશિલ્પ | કાશ્મીર | ૯૨,૨૨૧ | નારિયેળ રેસા | કેરળ | ૧૫,૦૦૦ |
| શેતરંજી | મીર્ઝાપુર, ભદોહી | ૫૦,૦૦૦ | બાળવેશ્યાવૃત્તિ (ભારત) | | |
| | કાશ્મીર | ૧,૫૦,૦૦૦ | | | ૨૦,૦૦,૦૦૦ |
| | જયપુર | ૩૦,૦૦૦ | ફિશ ફ્રિઝિંગ | કેરળ | ૨૦,૦૦૦ |
| પિત્તળ | મુરાદાબાદ | ૪૫૦૦૦ | પાવરલૂમ | મહારાષ્ટ્ર | ૧૫૦૦૦ |

(સ્ત્રોતઃ રાષ્ટ્રીય શ્રમ સંસ્થા)

૧૯૯૧ની આંકડાકીય માહિતી પ્રમાણે રાજ્ય અનુસાર બાળશ્રમિકોની સંખ્યા નીચે મુજબ આપેલી છે.

| રાજ્ય | સંખ્યા | રાજ્ય | સંખ્યા | રાજ્ય | સંખ્યા |
|---|---|---|---|---|---|
| આંધ્ર પ્રદેશ | ૧૬,૬૧,૯૪૦ | મેઘાલય | ૩૪,૬૩૩ | મિઝોરમ | ૧૬,૪૧૧ |
| આસામ | ૩,૨૭,૫૯૮ | નાગાલેન્ડ | ૧૬,૪૭૬ | | |
| બિહાર | ૯,૪૨,૨૪૫ | ઓરિસ્સા | ૪,૫૨,૩૯૪ | **કેન્દ્રશાસિત પ્રદેશ** | |
| ગુજરાત | ૫,૨૩,૫૮૫ | પંજાબ | ૧,૪૨,૮૬૮ | આંદામાન નિકોબાર | ૧,૨૬૫ |
| હરિયાણા | ૧,૦૯,૬૯૧ | રાજસ્થાન | ૭,૭૪,૧૯૯ | ચંડીગઢ | ૧,૮૭૦ |
| હિમાચલ પ્રદેશ | ૫૬,૪૩૮ | સિક્કિમ | ૫,૫૯૮ | દાદરા-નગરહવેલી | ૪,૪૧૬ |
| જમ્મુ-કાશ્મીર | – | તામિલનાડુ | ૫,૭૮,૮૮૯ | દિલ્હી | ૨૭,૩૫૧ |
| કર્ણાટક | ૯,૭૬,૨૪૭ | ત્રિપુરા | ૧૬,૪૭૮ | દીવ-દમણ | ૯૪૧ |
| કેરળ | ૩૪,૮૦૦ | ઉત્તર પ્રદેશ | ૧૪,૧૦,૦૮૬ | લક્ષ્યદ્વીપ | ૩૪ |
| મધ્ય પ્રદેશ | ૧૩,૫૨,૫૬૩ | પશ્ચિમ બંગાળ | ૭,૧૧,૬૯૧ | પોંડિચેરી | ૨,૬૮૦ |
| મહારાષ્ટ્ર | ૧૦,૬૮,૪૧૮ | અરુણાચલ પ્રદેશ | ૧૨,૩૯૫ | | |
| મણિપુર | ૧૬,૪૯૩ | ગોવા | ૪,૬૫૬ | કુલ | ૧,૧૨,૮૫,૩૪૯ |

(સ્રોત : વાર્ષિક રિપોર્ટ ૧૯૯૮-'૯૯, શ્રમ મંત્રાલય, ભારત સરકાર)

### ભારત અને ગુજરાતમાં બાળમજૂરોની માહિતી કોષ્ટકમાં નીચે મુજબ છે.

| દેશ અને રાજ્ય | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ |
|---|---|---|---|
| ભારત | ૧,૦૭,૫૭,૯૨૩ | ૧,૩૬,૪૧,૫૮૮ | ૧,૧૨,૮૫,૩૪૯ |
| ગુજરાત | ૫,૧૮,૦૬૧ | ૬,૧૬,૯૧૩ | ૫,૨૩,૫૮૫ |

ઉપરોક્ત માહિતીથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમય ગાળા દરમિયાન બાળમજૂરોની સંખ્યા વધી છે ત્યારબાદ ૧૯૯૧માં બાળમજૂરોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે તેવીજ પરિસ્થિતિ ગુજરાત રાજ્યમાં જોવા મળી છે. ૧૯૭૧ થી ૧૯૮૧માં વધારો થયો છે. ત્યારબાદ ૧૯૯૧માં ઘડાડો થયો છે. તે પણ ૧૯૭૧ કરતાં બાળમજૂરોની સંખ્યા તો વધારે જ છે જે સ્પષ્ટ થાય છે.

### ભારતમાં બાળમજૂરો માટેના જવાબદાર પરિબળો

#### વસ્તી વિસ્ફોટ

વસ્તીનું પ્રમાણ વધવાથી પાયાની જરૂરિયાતોની માંગ વધે છે. કુટુંબનું કદ મોટું હોવાથી આવક કરતાં ખર્ચ વધે છે, પરિણામે માતા પિતા પોતાના બાળકોને મજૂરી કામ માટે જોતરી દે છે.

#### ગરીબી

ભારતદેશને સ્વતંત્રતા મળ્યા બાદ આયોજનનો લાંબો સમયગાળો વીત્યો હોવા છતાં હજુ ગરીબી નાબુદ કરી શક્યા નથી.

વસ્તી અંદાજે ૧૦૦ કરોડ હોવાથી ૨૬ કરોડ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે. ગરીબાઈ વધતાં સમાજમાં ગુનાખોરી, ચોરી, અપહરણ, લૂંટફાટ, હત્યા અને બાળશ્રમ પણ વધતો જાય છે. કારમી ગરીબાઈ અને ભૂખમરો બાળકોને શ્રમિક બનાવી દે છે.

#### સામાજિક પરિબળો

કેટલાક સમાજના વંશપરંપરાગત રીત ચાલી આવતા ધંધા-વ્યવસાયો હોય

છે. જેથી બાળપણથી જ તેમાં બાળક નિપૂણતા ધરાવે તેવા હેતુથી શ્રમિક બનાવી દેવામાં આવે છે. આ ઉપરાંત એવી માન્યતા પણ ખરી છે કે ભણી ગણીને અંતે તો બાપ-દાદાના વ્યવસાયમાં જોડાવાના છે. તો નાનપણથી વાંકાવળે તો કુનેહતા વધુ આવે છે. બાળક નિષ્ણાંત બને તે માટે શિક્ષણને બદલે ધંધાકીય તાલીમ આપવામાં આવે છે. પરંપરાગત વ્યવસાયોમાં સુથાર, લુહાર, કડિયો, મોચી, દરજી વગેરે.

### અજ્ઞાનતા અને અભણ સમાજ

અજ્ઞાનતા અને અભણ સમાજના લીધે બાળશ્રમિકો પેદા થાય છે. શિક્ષણ લીધા બાદ નોકરી મળતી નથી તેથી સમય અને નાણાકીય ખર્ચ ન થાય તે હેતુસર બાળકને નાનપણથી કામ ધંધે લગાવી દે છે.

### માલિકો દ્વારા વધુ લાભપ્રાપ્તિ

શ્રમિકોને કામના બદલામાં વળતર ચૂકવામાં આવે છે. માલિકો શ્રમિકોને ઉંચા વેતન ચૂકવવા ન પડે તેથી નાના બાળકોને વ્યાપાર ધંધામાં રોકી લે છે. આમ, કરવાથી માલિકોને નફામાં વૃધ્ધિ થાય છે. સાથે સાથે પુખ્તવયના શ્રમિકો બેરોજગારી ભોગવે છે.

### ભટકતું જીવન

કેટલાંક પરિવારો ભટકતું જીવન ગુજારતા હોય છે. તેથી જ્યાં ત્યાં પડાવ નાખવામાં આવે ત્યાં રોજગારી મેળવે છે. વધા સભ્યો ફરજિયાત કામ પર જાય છે. બાળકોને થોડુંક વેતન મળશે એવી લાલચ આપી બાળશ્રમિકો બનાવવામાં આવે છે. બાળકોના માપા-પિતાને થોડો આર્થિક સહારો મળતો થતાં તેને રોકતા નથી.

### પ્રાથમિક શિક્ષણનો ફરજિયાત અમલ

સરકાર દ્વારા બંધારણની કલમ અનુસાર પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક, મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. છતાં પ્રાથમિક શાળાના શિક્ષકોની બેદરકારી કે લાપરવાહીના કારણે બાળકોને શાળામાં લાવી શકાતા નથી. ઘરે નવરાં સમજીને વાલીઓ બાળશ્રમિકો તરફ ધકેલી દે છે.

### પ્રાથમિક સુવિધાનો અભાવ

દેશમાં વસતા ગરીબો પાસે પ્રાથમિક સુવિધાનો અભાવ હોય છે. પ્રાથમિક સુવિધાની પૂર્તિ માટે કામ કરવું જ પડે ઘરના બધાજ સભ્યો કામધંધે વળગ્યા હોય તો જ શક્ય બને તેમજ મોજશોખની પૂર્તિ કરવા માટે બાળકો કામધંધે લાગી જાય છે.

### કાયદાઓની બિન અસરકારકતા

બાળમજૂરી અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યસરકારોએ કાયદા ઘડયા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ ચાર્ટર, યુનેસ્કો, યુનિસેફ, આં.રા. અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ, બંધારણ અનુસાર ૧૪ વર્ષથી ઓછી ઉમરના બાળકો પાસે મજૂરી કરાવવી તે કાનૂની અને નૈતિક રીતે અપરાધ ગણાય છે. બાળશ્રમિકોને શોષણમાંથી બચાવી શકાય છે.

### રાજકીય હસ્તક્ષેપ

રાજકીય પક્ષો નૈપથ્યમાં રહીને આડકતરી રીતે બાળમજૂરીને પ્રોત્સાહન આપે છે. જાહેરમાં બાળમજૂરી નિવારણ માટે પ્રવચનો થતાં રહે છતાં પોતાના પક્ષમાં ટકી રહે તે માટે બાળમજૂરી, ગરીબાઇ, બેરોજગારીની પરિસ્થિતિ અકબંધ રહે તેવા પ્રયત્નો કરતા રહે છે.

## બાળમજૂરી અટકાવવા માટેના ઉપાયો

### કાયદીકાય જોગવાઈઓનો કડકપણે અમલ

બાળમજૂરી અટકાવવા માટે કાયદાકીય જોગવાઇ રાખવામાં આવી છે. તેનો કડકપણે અમલ કરવો. આ ઉપરાંત બંધારણીય જોગવાઇ અનુસાર પણ બાળશ્રમ પર પ્રતિબંધ છે. તેનું અનુસરણ કરવું

### વસ્તી નિયંત્રણ

વસ્તી વધારાના કારણે જીવન - જરૂરિયાતની વસ્તુઓ દરેકના ભાગે પ્રાપ્ત બનતી નથી. કુટુંબ નિયોજન અપનાવવામાં આવે તો પાયાની સુવિધાઓ દરેકને આપી શકાય. 'ઝાઝા હાથ રળિયામણા' ને બદલે બાળકોને સંપત્તિ ન બનાવવા 'અમે બે અમારું એક' સુત્રનો અમલ કરવો.

### ગરીબી અને બેકારી

બાળમજૂરી એ ગરીબી અને બેકારીના કારણે ઉદ્‌ભવે છે. તેની નાબુદીની પૂર્વશરત ગરીબી અને બેકારીને નાબુદ કરવા સાથે સંકળાયેલ છે. વસ્તી નિયંત્રણ થવાથી ક્રમિક રીતે ઉપરોક્ત જણાવેલી સમસ્યા દૂર થશે.

### શિક્ષણનું સાર્વત્રિકરણ

નિરક્ષરતા એ કલંકરૂપ બની જવું જોઇએ. નિરક્ષરતાના કારણે સમાજમાં વ્યાપક પ્રમાણમાં દૂષણો છવાયેલા હોય છે. સાક્ષરતાનો જ્ઞાન પ્રકાશ ફેલાવવાથી લોકોના જીવનધોરણ અને વર્તન તથા, રહેણીકરણમાં પરિવર્તન થાય છે. જેના પરિણામે બાળકોનો સુનિયોજન વિકાસ થશે.

*અનુ. પાના ૩૪ ઉપર*

# બાળમજૂરીને ડામવા આવશ્કતા છે સહિયારા સંકલ્પની

***હસતા રમતાં કિલ્લોલ કરતાં બાળકોને જોવાની મિજબાની છે***

✍ હર્ષલ પંડ્યા

***ભારત પણ આ સમસ્યામાંથી બાકાત નથી દેશમાં અંદાજે બે કરોડથી પણ વધુ બાળમજુરો છે. ખાસ કરીને એવા સમયે જ્યારે વિશ્વભરની બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં પગદંડો જમાવી રહી છે તેમ છતા પણ બાળમજૂરી જેવી સમસ્યા વધુને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. વિશ્વની મહાસત્તા તરીકેની ડીંગ હાંકતા અમેરિકાના અર્થતંત્રની પોલ હવે જગત સમક્ષ ખુલી જ ગઈ છે એવા સમયમાં પણ ભારત જેવા મિસાઈલની ગતિએ વિકાસ કરી રહેલા રાષ્ટ્રમાં બાળમજૂરીની સમસ્યાનું હલ કોયડો બની જતો હોય તો પાકિસ્તાન જેવા પછાત દેશમાં તો કેવી કરૂણ સ્થિતિ હશે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.***

**બા**ળકોની નિર્દોષતા અને બાળસહજ પ્રવૃત્તિઓ નિહાળવાની પણ મજા હોવાની ઉપરોક્ત ઉક્તિવાત કરે છે. પરંતુ જ્યારે આપણુ બાળક સ્કૂલ બેગના ભારથી દબાય છે ત્યારે કેવી વેદના થાય છે. માતાપિતાનો જીવ કપાય છે માટે જ શાળાની આસપાસ રહેતાકે સ્કૂલવાન સુધી બાળકને મુકવા જતી માતાઓ સ્કૂલ બેગ પણ પોતે ઉપાડીને બાળકનો ભાર હળવો કરે છે. પરંતુ સિક્કાની બીજી બાજુ એ પણ છે કે આવા કુમળા બાળકો પણ દારૂણ ગરીબીના ભાર હેઠળ પિસાતા પરિવારને ઉગારવા માટે તનતોડ મહેનત કરે છે.

### વિશ્વમાં ૨૭ કરોડથી વધુ બાળમજૂરો

આ પણ સમાજની એક કરૂણ કહાની છે. આ કડવી વાસ્તવિકતાને પચાવવી પડે છે. વૈશ્વિક આ સમસ્યાને હલ કરવા માટે આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ પણ દોડધામ કરે છે. પરંતુ જ્યારે ૨૭ કરોડથી પણ વધુ બાળમજૂરો વિશ્વમાં કામ કરતાં હોય ત્યારે તેનો ઉકેલ લાવવો ઘાસમાંથી સોય શોધવા બરોબર છે. ભારત દેશમાં જ લગભગ બે કરોડ જેટલા બાળમજૂરો હોવાનો અંદાજ છે. ત્યારે કેટલીક સંસ્થાઓ અને સરકારે સહિયારા પ્રયાસ આદરીને આ સળગતી સમસ્યાને હલ કરવાના કાયદાકિય પ્રયાસો કર્યા છે. તેમજ આવા કાયદાકિય જોગવાઈઓમાં આવશ્યક સુધારા કરીને તેને હલ કરવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

### બાળકો સાથે શોષણ

બાળમજૂરીની ચર્ચા કરતા પહેલા કેટલાક એવા અણગમતા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાથરવો જરૂરી છે જે સમાજ વ્યવસ્થા, સરકારી તંત્ર અને બિન સરકારી તંત્રના કપાળ પર કરચલીઓ લાવી રહી છે. આ મુદ્દાઓ છે બાળકોનો ભિન્ન ભિન્ન રીતે થઈ રહેલો દૂરઉપયોગ.

- બાળમજૂરો પર થઈ રહેલો અમાનવિય અત્યાચાર
- બાળકોનું વધુમાં વધુ થઈ રહેલું જાતિય શોષણ.
- બાળકોનું શારીરિક અને માનસિક શોષણ.
- ભાવનાઓનો ગેરલાભ.
- કન્યાઓ પ્રત્યેનું ઓરમાયું વર્તન.

### બાળકો માટે જોખમી ક્ષેત્રો

- હિરા ઉદ્યોગ
- કાચ અને બંગડી
- બીડી બનાવવી
- કાર્પેટ મેકીંગ
- ફટાકડા અને માચીસનું ઉત્પાદન
- હોઝીયરી અને અન્ડર ગારમેન્ટસ સહિતના કેટલાંક ક્ષેત્રો છે.

### સ્વાસ્થય સંબંધી જોખમો

બાળકોની ક્ષમતા કરતાં વધારે કામગીરીથી અનેક સમસ્યા પણ ઉભી થાય છે. આપણે રોજબરોજ એવું સાંભળીએ છીએ કે આટલો યુવાન છે અને તો પણ આટલું કામ થતું નથી. પરંતુ આ બાબતને યુવાની, વૃધ્ધાવસ્થા કે પછી બાળપણને

(લેખક પત્રકાર છે.)

લેવા દેવા નથી. આ ત્રણેય અવસ્થાની પોતપોતાની ક્ષમતા હોય છે. માટે જ જ્યારે બાળમજૂરોની વાત કરીએ તો તેમની સામે પણ તેમના આરોગ્યને લગતા અને પ્રશ્નો ઉભા થાય છે. ખાસ કરીને ઓછું વેતન આપીને કામ કરાવતા માલિકો તેમનું શારીરિક અને માનસિક શોષણતો કરે જ છે પરંતુ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ તે શોષાય છે. માલિકની ગાળો અને ૧૦થી વધુ પડતાં કલાકોની કામગીરીથી બાળક બેવડો વળી જાય છે. તેમાંય જ્યારે જોખમી ક્ષેત્રોમાં તે કામ કરે છે ત્યારે તેની તંદુરસ્તી સામે ગંભીર પ્રશ્નાર્થ થાય છે. બાળકો જે ક્ષેત્રમાં કામગીરી કરતાં હોય છે તે ક્ષેત્ર તેમને કઇ કઇ બીમારીઓ આપે છે તે જાણીશું તો બાળમજૂરો પ્રત્યે કરૂણા જન્મે છે.

ફટકારવો. પરંતુ કમનસીબીની વાતતો એ છે કે આ સુધારો ઓક્ટોબર ૨૦૦૬ માં અમલમાં મુકાયો અને તેજ અરસામાં દેશભરમાં કુલ ૧૬૭૦ કેસ નોંધાયા હતા. જોકે વિશ્વને પણ આ સમસ્યાએ ભરડામાં લીધું જ છે. અને એક અહેવાલ અનુસાર અંદાજે ૨૭ કરોડ બાળકો મજૂરીના ખપ્પરમાં એવા હોમાઇ ગયા છે કે વિશ્વભરના સહિયારા પ્રયાસ છતા તે બહાર નિકળી શક્યા નથી.

**ભારતમાં બાળમજૂરીનું ચિત્ર**

ભારત પણ આ સમસ્યામાંથી બાકાત નથી દેશમાં અંદાજે બે કરોડથી પણ વધુ બાળમજુરો છે. ખાસ કરીને એવા સમયે જ્યારે વિશ્વભરની બહુરાષ્ટ્રીય કંપનીઓ

| **ક્ષેત્ર** | **રોગ** |
|---|---|
| માચીસ ઉદ્યોગ | અકસ્માત, વિકલાંગતા, દુર્ઘટના |
| બીડી ઉદ્યોગ | ક્ષય, શ્વાસનળી પર સોજો, દમ |
| સ્લેટ | સિલીકોસીસ |
| ફુગ્ગા બનાવવા | દમ, ન્યૂમોનિયા, શ્વસનતંત્રના રોગ |
| કાચ અને બંગળી | દમ, બળતરા, ઈજાઓ |
| હીરા ઉદ્યોગ | નેત્રરોગ, અપંગતા, બળતરા |
| જરી ઉદ્યોગ | નેત્રરોગ, વિકૃતિ |
| પાવરલૂમ્સ | ક્ષય, દમ અને બળતરા |

**સરકારના પ્રયાસો**

બાળમજૂરીનું ભયજનક રીતે વધતું પ્રમાણ સમાજ અને સરકાર માટે લાલબત્તી સમાન છે. માટે જ તેના ઉપર કાબૂ મેળવવા માટે સરકારે બાળમજૂરીના ૧૯૬૮ના પ્રતિબંધ અને તેના નિયમન કાયદામાં સુધારો કર્યો હતો. જેમાં એવી જોગવાઇ કરવામાં આવી હતી કે પાંચથી ૧૪ વર્ષના બાળકોને કામ કરાવનાર સામે કડક હાથે કામ લઇને તેને જેલ તેમજ દસ હજારથી માંડીને ૨૦ હજાર સુધીનો દંડ

ભારતમાં પગદંડો જમાવી રહી છે તેમ છતા પણ બાળમજૂરી જેવી સમસ્યા વધુને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. વિશ્વની મહાસત્તા તરીકેની ડીંગ હાંકતા અમેરિકાના અર્થતંત્રની પોલ હવે જગત સમક્ષ ખુલી જ ગઇ છે એવા સમયમાં પણ ભારત જેવા મિસાઇલની ગતિએ વિકાસ કરી રહેલા રાષ્ટ્રમાં બાળમજૂરીની સમસ્યાનું હલ કોયડો બની જતો હોય તો પાકિસ્તાન જેવા પછાત દેશમાં તો કેવી કરૂણ સ્થિતિ હશે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

ભારતની દારૂણ સ્થિતિની વાત કરીએ તો બે કરોડ કરતાં પણ વધુ બાળમજૂરોની સંખ્યામાં આંધ્રપ્રદેશનો હિસ્સો સૌથી વધુ છે. આ આંકડો ૯૦% જેટલો છે. ત્યાર બાદ વારો આવે છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને બિહાર અને છઠ્ઠા નંબરે છે ગુજરાત.

**ગુજરાતની સ્થિતિ**

હાલમાં જ વડોદરાની મુલાકાતે આવેલા માજી રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે ગુજરાતનો ત્રણ ગણો વિકાસ થઇ રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ જ્યારે બાળમજૂરીની વાત આવે છે ત્યારે ગુજરાતમાં જ છ લાખથી પણ વધુ બાળમજૂરો છે. તેમાંય મેગાસિટિનો દરજ્જો મેળવવા તરફ જઇ રહેલા અમદાવાતમાં જ મજૂરી કરતાં બાળકોની સંખ્યા બે લાખ જેટલી છે એટલે કે ત્રીજો ભાગ. ગુજરાતમાં હિરા ઉદ્યોગ અને જરીકામમાં આ સંખ્યા વધુ છે.

**ગુજરાત સરકારની કામગીરી**

હાલમાં જ અમદાવાદના રખિયાલ વિસ્તારમાંથી શ્રમ આયુક્તે જરીકામમાં કાર્યરત ૧૦ જેટલા પરપ્રાંતિય બાળકોને મુક્ત કરાવીને તેમને રીમાન્ડ હોમમાં મોકલી આપ્યા હતા. સુરત અને ઉત્તરગુજરાતમાં પણ સતત બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવે છે. પરંતુ સમસ્યા હવે શરૂ થાય છે. આવા બાળકો મુક્ક તો થઇ જાય છે, પરંતુ તેમના પુર્નસ્થાપન માટેના વધુ સજાગ પ્રયાસોની આવશ્કતા પર ભાર મુકવો જરૂરી છે. સરકારી તંત્ર તેમની ફરજ બજાવીને બિન સરકારી સંસ્થાઓના સહયોગથી બાળકોને

બાળમજૂરીના ભરડામાંથી મુક્ત કરાવે છે. એક ટંકના ભોજન માટે સંઘર્ષ કરતાં પોતાના પરિવારને ઉગારવા માટે આ બાળકો કામ કરીને રોટલો રળી લે છે.

**બાળમજૂરીના વરવા પરીણામો**

પરંતુ ગરીબીની કારમી થપાટ ફરી વાર પણ તે ખાય છે અને કોઇ પણ ભોગે તે પાછો મજૂરી કામ શોધી લે છે આ વખતે બીજા શહેર કે અન્ય કોઇ ક્ષેત્રને પોતાની રોજગારીનું કેન્દ્ર બનાવે છે આવા ઘણા કિસ્સા હોય છે કે જ્યાંથી મુક્ત કરાવાયેલા બાળકો ફરી પાછાં તે જ સ્થળે અને તેજ ઉદ્યોગમાં કામ કરે છે કારણ કે તેની પાસે બીજો કોઇ વિકલ્પ પણ નથી. પરંતુ તેની પાસે જો કોઇ વિકલ્પ હોય તો તે છે ગુનેગાર બનવાનો.

બાળમજૂરીનું સૌથી મોટું ભયસ્થાન છે બાળ ગુનેગાર. સતત તણાવ અને ચિંતામાં રહેતા બાળકના માનસ પર વિપરીત અસરો પડે છે અને તે ગુનાખોરી તરફ ધકેલાય છે અને ગુનાખોરીની દુનીયામાં ધકેલાઇ અને પોતાનું તથા તેના પરિવારનું અને દેશનું અહિત કરી બેસે છે આવા બાળકોના માનસ પર અસર કરતા પરિબળો પણ છે જેમકે

- ગરીબી
- શિક્ષણનો અભાવ
- પરિવારમાં કોઇ આવકનો સ્ત્રોત નહિં.
- વાલીઓનું દબાણ
- સામાજીક અવગણના

આ તમામ કારણો એવા છે કે જેને નિવારવા બાળકો માટે શક્ય નથી. આવી સ્થિતિ બાળકોને મજૂરી કરવા મજબૂર બનાવે છે અને તેને જ પરિણામે ઉદ્ભવે છે બાળમજૂરીની ગંભીર સમસ્યા.

**બંધારણીય અને કાયદાકીય જોગવાઇ**

સરકાર પણ આ માટે કાયદાકીય જોગવાઇ કરે છે સાથોસાથ બંધારણમાં જોગવાઇ કરવામાં આવી છે.

- બાળમજૂરી સામે બંધારણીય જોગવાઇ
- બાળમજૂરી અટકાવવા માટે કાયદાકીય જોગવાઇ.
- સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્દેશો

આમ, બાળમજૂરીને અટકાવવા માટેના આવા પ્રયાસો એ અવિરત ચાલતી પ્રક્રિયા છે. તેમજ સમયાંતરે સમયને અનુરૂપ લેવાતાં પગલાં સરકારની આ સળગતી સમસ્યાને હલ કરવા માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. આ માટે જરૂરીયાત છે સહિયારા પ્રયાસની. સરકાર, સમાજ અને આ વિશ્વવ્યાપી સમસ્યા સામે ઝઝુમવા માટે અનિવાર્ય આવશ્કતા છે સામૂહિક સંકલ્પની.

● ● ●

*અનુ. પાના ૩૧ થી શરૂ*

**સજારૂપ દાખલા**

બાળમજૂરીએ રાખનારા એકમોને સજા આપવી. નફાખોરીની વૃત્તિથી બાળકોને કામધંધે રાખે છે આ પ્રવૃત્તિને અઠકાવવા માટે કાયદાનો અમલ સાથે સજા પણ દાખલારૂપ આપવી જેથી ભયથી પણ બાળમજૂરીના કાર્ય પર કાપ આવશે.

**સમાજમાં જાગૃતતા**

સમાજમાં પરિવર્તનનો પ્રવાહ દાખલ કરવો જોઇએ, રૂઢિ, રીત રીવાજ અને માન્યતા બદલાતા સામાજિક બદીઓ દૂર થતી જશે. માતાપિતા બાળકોના બાળપણને છીનવી શકતા નથી એવી પ્રતીતિ તેમને થવી જોઇએ. સમાજને પરિવર્તનની દિશામાં લઇ જવાના શ્રી ગણેશ કરવા.

**એનજીઓ ની સહાય**

એનજીઓ સમાજને કોઇપણ પ્રકારના વળતર સ્વીકાર્ય વિના સેવા આપે છે. આવી સ્વૈચ્છીક સંસ્થાઓનો સહારો મેળવીને જાહેરમાં બાળમજૂરો જોવા મળતા હોય તેમને સંગઠિત કરીને શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણની સુવિધા પૂરી પાડવી. સારા નાગરિક તરીકેની તાલીમ પ્રાપ્ત થાય એવી સારી સુવિધા એનજીઓ પૂરી પાડે છે.

ઉપરોક્ત બાળજૂરીનું પ્રમાણ, કારણો ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરી. ચર્ચાના અંતે એવો દઢ નિર્ધાર કરવાનો છે કે હું પણ મારી નૈતિક ફરજ સમજીને બાળમજૂરી એક બદી છે તેમાથી સમાજના બાળકોને બચાવવા મદદરૂપ થઇશ અને યથાયોગ્ય ફાળો આપીશ. આ વૈશ્વિક સમસ્યા બની ચૂકી છે. ભારતદેશના લોકોને સવેળાસર જાગ્રત થવાની જરૂર છે નહિતર વધુને વધુ બાળકો બાળમજૂરી થકી શોષણના ભોગ બનતા જશે.

બાળકો આવતીકાલનું ભવિષ્ય છે તેને સાચવીએ અને આદર્શ ભારત બનાવવા માટે આપણે આપણો ફાળો નોંધાવીએ.

● ● ●

**સ્પર્ધાત્મક પરીક્ષા**

**માટે**

**યોજના**

**સચોટ માર્ગદર્શન**

# ભારતીય બંધારણમાં બાળકોને મળતા અધિકારો

જ્યોત્સના પટેલ

**આ**પણા દેશમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પછી બાળવિકાસ અને તેમના રક્ષણ તેમજ તેમને અધિકારો આપવા, શોષણ સામે રક્ષણ માટે અનેક કાયદાઓ બંધારણમાં ઘડવામાં આવ્યા છે.

**અનુચ્છેદ:૧૪** દરેક વ્યક્તિને સમાનતાનો અધિકાર પછી ભલે તે ગમે તે ઉંમરનો હોય.

**અનુચ્છેદ:૧૫(૩)** બાળકોના હિત માટે રાજ્ય જે કોઇ આયોજન કરે તે બંધારણની દ્રષ્ટિએ યોગ્યજ ગણવું

**અનુચ્છેદ:૨૧** પ્રત્યેક વ્યક્તિને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, પછી ભલે તે બાળક કેમ ન હોય,

**અનુચ્છેદ:૨૧(ક)** ૮૬ના સંવિધાનમાં સંશોધન-૨૦૦૨ અનુસાર બાળકોને મફત ફરજિયાત પ્રાથમિકશિક્ષણ આપવું.

**અનુચ્છેદ:૨૩** માનવ શોષણ અને બાળશ્રમ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.

**અનુચ્છેદ:૨૪** બાળકોના જીવન અને સ્વાસ્થ્ય સુરક્ષા કરવાના ઉદ્દેશથી ૧૪ વર્ષથી ઓછી ઉમરના બાળકોને કારખાના, ખાણ તેમજ જોખમભર્યા કામ પર રાખવા પર પ્રતિબંધ.

**અનુચ્છેદ:૨૯(૨)** બાળકોને માત્ર ધર્મ, જાતિ ભાષાના આધારે શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશથી વંચિત રાખવા પર પ્રતિબંધ.

**અનુચ્છેદ:૩૨** સુપ્રીમ કોર્ટના મૂળ અધિકારોમાં (બાળકોના હિતમાં) પરિવર્તન અને આદેશ આપવાનો અધિકાર.

**અનુચ્છેદ:૩૯(ઙ)** સરકાર દ્વારા સંચાલન કરવું કે બાળકોનું શોષણ ન થાયઅને આર્થિક જરૂરીયાતોના કારણે એવા રોજગારમાં ન જાય જ્યાં તેમની શક્તિ અને હિત અનુસાર ન હોય.

**અનુચ્છેદ:૩૯(ચ)** સરકારનું કાર્ય એ પણ છે કે બાળકોને સ્વતંત્રતા અને લાગણી સભર વાતાવરણ મળી રહે તેમજ સ્વાસ્થ્ય વિકાસ અને સુવિધાઓ મળે તેમજ બાળકોને શોષણ સામે રક્ષણ આપવું

**અનુચ્છેદ:૪૧** પોતાની આર્થિક અને વિકાસ સીમાની અંદર પ્રત્યેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર આપવાનું રાજ્યનું કર્તવ્ય.

**અનુચ્છેદ:૪૫** ૬ વર્ષ સુધીના બધા બાળકોને પ્રાથમિક શિક્ષણ, તેમની સારસંભાળ, તેમને શિક્ષણ આપવાનો અધિકાર રાજયએ આપવા.

**અનુચ્છેદ:૪૭** બધા લોકોએ બાળકો સહિત પોષણક્ષમ આહાર અને તેમનું જીવનધોરણ ઊંચું લઇ જવાની સાથે તેમના સ્વાસ્થ્યમાં સુધાર લાવવાનું કાર્ય રાજય હસ્તક.

**અનુચ્છેદ:૫૧(ક)(ટ)** પોતાનું બાળક કે દત્તક લીધેલ બાળક જે ૬ થી ૧૪ વર્ષના બાળકને ફરજિયાત શિક્ષણ માતા-પિતાએ આપવું.

## બાળકલ્યાણ વિકાસ યોજનાઓ

### (૧) બાળવિકાસ યોજના (૧૯૭૫)

છ વર્ષના બાળક સુધી તેની માતાને પુરક પોષણયુક્ત આહાર, રસી, સ્વાસ્થ્ય પરીક્ષણ, માર્ગદર્શન, તેમજ બાળકોને સ્કૂલ પહેલાનું શિક્ષણ આપવું.

### (૨) બાળકોના કલ્યાણ હેતુ રાષ્ટ્રીય

(લેખિકા જી.બી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદમાં વ્યાખ્યાતા છે.)

**પુરસ્કાર યોજના (૧૯૭૯)**

બાળ કલ્યાણ ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામ કરનારી સંસ્થાઓને રોકડ પુરસ્કાર આપવો.

**(૩) સાર્વભોમિક રસીકરણ કાર્યક્રમ (૧૯૮૫)**

રસીથી ૬ પ્રકારની બીમારીઓથી બાળકોને બચાવીને મૃત્યુદર ઘટાડવો.

**(૪) અનાથ બાળકોને યોગ્ય કાર્યક્રમ (૧૯૯૨)**

અનાથ બાળકોની પાયાની ચીજવસ્તુના અભાવ, ઉપેક્ષા તેમજ શોષણથી મુક્તિ અપાવવી.

**(૫) રાષ્ટ્રીય શીશુ સદન યોજના (૧૯૯૪)**

ગરીબ, કામકરનારી, બીમાર માતાઓ માટે તેમના બાળકોની દિવસ દરમિયાન સંભાળ, દેખરેખ, પૂરક પોષણક્ષમ આહાર, સ્વાસ્થ્ય તેમજ મનોરંજન વગેરેની વ્યવસ્થા કરવી.

**(૬) પલ્સ પોલિયો કાર્યક્રમ (૧૯૯૫)**

જન્મથી ૫ વર્ષ સુધીના બધા બાળકોને પોલિયો વિરોધી દવા પીવડાવી ૨૦૦૭ સુધીમાં દેશમાં પોલિયો મુક્તિ લાવવી.

**(૭) મધ્યાહન ભોજન યોજના**

સરકારી તેમજ સરકારી સહાયતા મેળવનારી શાળાઓમાં ધોરણ ૧ થી ૫ સુધીના દરેક વિદ્યાર્થીઓને બપેરના ભોજનની વ્યવસ્થા કરવી જેથી તેમને જરૂરી પોષણ મળી રહે.

**(૮) રાષ્ટ્રીય બાળ પુરસ્કાર યોજના (૧૯૯૬)**

અસાધારણ બુધ્ધિવાળા ઉત્કૃષ્ટ બાળકોને રાષ્ટ્રીય સ્તરે પુરસ્કાર આપીને સન્માનવામાં આવે છે.

**(૯) પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (૧૯૯૭)**

સુરક્ષિત માતૃત્વ અને બાળકોના સ્વાસ્થ્ય ને લગતી તમામ બાબતોને ધ્યાનમાં રાખવી.

**(૧૦) બાલિકા સમૃધ્ધિ યોજના (૧૯૯૭)**

ગરીબ પરિવારની બે બાળકીઓને રૂા. ૫૦૦૦ની સહાય, ભાગ્યશ્રી વીમા યોજના અનુસાર તેમજ મફત વીમો અને સ્કૂલે જતા તેને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે.

**(૧૧) ભાગ્યશ્રી બાલ કલ્યાણ વીમા યોજના (૧૯૯૮)**

૧૮ વર્ષ સુધી ગરીબ કુટુંબની છોકરીઓને નિયમિત નાણાકિય સહાય કરવી.

**(૧૨) કિશોરી શક્તિ યોજના (૨૦૦૦)**

૧૧ થી ૧૮ વર્ષની છોકરીઓને સ્વાસ્થ્ય શિક્ષણની સાથે વ્યાવસાયિક શિક્ષણ આપવું જેથી તેઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની શકે.

**(૧૩) શિક્ષા સહયોગ યોજના (૨૦૦૧)**

ગરીબ કુટુંબના બાળકોને ધોરણ ૯ થી ૧૨ સુધી શિક્ષણ ખર્ચમાં માતાપિતાને મદદ કરવી.

**(૧૪) કસ્તુરબા ગાંધી આવાસીય બાલિકા વિદ્યાલય યોજના (૨૦૦૪)**

પછાત ક્ષેત્રમાં બાલિકાઓને મફત આવાસિય વિદ્યાલય ખોલીને ગુણવત્તાયુક્ત શિક્ષણની વ્યવસ્થા કરવી.

**(૧૫) રાષ્ટ્રીય બાલિકા શિક્ષણ કાર્યક્રમ (૨૦૦૪)**

બાલિકા શિક્ષણની દરેક વ્યવસ્થા માટે રાજયને વિશેષરૂપે કેન્દ્રીય સહાયતા કરવામાં આવે છે.

**(૧૬) એકમાત્ર બાલિકા મફત શિક્ષણ યોજના (૨૦૦૫)**

કુટુંબની એકમાત્ર બાલિકાને સીબીએસઈના વિદ્યાલયોમાં મફત શિક્ષણ આપવામાં આવે છે.

**(૧૭) બાલિકા શિક્ષણ પ્રોત્સાહન રાશિ યોજના (૨૦૦૬)**

શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી બાલિકાઓને માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન આપવા શિષ્યવૃત્તિ આપવી.

**(૧૮) ઇન્દિરા ગાંધી એકમાત્ર બાલિકા સ્નાતક સુધી શિષ્યવૃત્તિ યોજના**

કુટુંબમાં એકમાત્ર બાલિકાને સ્નાતક સુધી શિક્ષણ માટે વિશેષ શિષ્યવૃત્તિ આપવી.

**(૧૯) બાલિકાશ્રી યોજના (૨૦૦૬)**

ગરીબ કુટુંબોની બાળકીઓને આર્થિક તેમજ સામાજિક સુરક્ષા આપવા હેતુ સરકારી મદદથી તેમને ૨ લાખ રૂ.નો મફત વિમો તેમજ તેમના પરિવારને રૂા. ૮૦૦નું બચતપત્ર આપવાની યોજના.

## મુખ્ય બાળ વીમા યોજનાઓ

**(૧) મહિન્દ્રા કોટક લાઈફ ઈન્સોયરન્સ**

બાળકો માટેનો પ્લાન, ૧૭ વર્ષ સુધીના બાળકો માટે સ્વીકાર્ય તથા અધિકતમ વીમાં રકમ રૂા.૨૫ લાખ સુધી

**(૨) એચ.ડી.એફ.સી જીવન વીમા**

બાળ પ્લાન, માતા પિતાના મૃત્યુ બાદ કુલ વીમા રકમ અને બોનસ તેમજ પરિપકવતા પર કુલ વિમા રકમ

**(૩) આઈસીઆઈસીઆઈ પ્રુડેંશિયલ લાઈફ ઈન્સયોરન્સ-સ્માર્ટ કિડ પ્લાન**

પાંચ વર્ષ પછી રકમ પરત મેળવવાની સુવિધા તથા વીમા ધારકના મૃત્યુ પછી તેના બાળકોને વીમાની અમુક નિશ્ચિત રકમ આપવી.

**(૪) ટાટા એઆઈજી લાઈફ ઈન્સ્યોરન્સ**

૧૦ વર્ષ સુધી પોલીસી ચાલુ રહેવા પર વીમાની રકમમાં ૩૦% વૃધ્ધિ.

**(૫) મેક્સ ન્યુયોર્ક લાઈફ ઈન્સ્યોરન્સ-ચિલ્ડ્રન ફંડામેન્ટ પોલિસી**

વયસ્ક થતા વીમા રકમ બરાબર વીમા પોલિસી કઈપણ પરીક્ષણ માટે ઉપલબ્ધ તથા વયસ્કતા પર વધારાનું બોનસ

**(૬) જીવન વીમા નિગમ (કોમલ જીવન યોજના)**

બાળકો ૧૮,૨૦,૨૨ અને ૨૪ વર્ષના થતા એક ચોક્કસ રકમ તેમજ ૧૮ વર્ષના થતાપહેલા મૃત્યુ થાય તો ૨૦% વધારાની રોકડ રકમ.

## જીવન વિમા નિગમની અન્ય બાળવીમા યોજનાઓ

**(૧) જીવન કિશોર યોજના**

લઘુત્તમ વીમા રકમ ૨૦,૦૦૦ રૂા. તથા પ્રિમિયમ, ચૂકવણી વાર્ષિક, છમાસિક, ત્રિમાસિક અને માસિક અનુસાર.

**(૨) બાળ વિદ્યા યોજના**

લઘુત્ત્તમ વીમા રમક રૂા. ૨૫,૦૦૦ તથા એકલ પ્રિમિયમ ચૂકવણી.

**(૩) જીવન સુકન્યા યોજના**

લઘુત્તમ વીમા યોજના રૂા. ૨૦,૦૦૦ તથા પ્રિમિયમ વાર્ષિક, છમાસિક, ત્રિમાસિક, માસિક ચૂકવણી.

**(૪) બાળ વિલંબિત યોજના**

લઘુત્તમ વીમા રકમ રૂા.૨૦,૦૦૦ તથા પ્રિમિયમ ચૂકવણી વાર્ષિક, છમાસિક તમજ માસિક અનુસાર.

**(૫) મનીબેક ચિલ્ડ્રન ઈન્સ્યોરન્સ પ્લાન**

લઘુત્તમ રકમ રૂા.૪૦,૦૦૦ તથા વાર્ષિક અર્ધવાર્ષિક, ત્રિમાસિક અથવા વેતન બચત યોજના.

## રાજ્ય સરકારોની બાળકલ્યાણ યોજનાઓ

**(૧) કન્યા વિદ્યાધન યોજના (ઉત્તર પ્રદેશ -૨૦૦૪)**

પ્રત્યેક ગરીબ કુટુંબની છોકરીઓને રૂા.૨૦,૦૦૦ ની રકમ આપીને તેને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિમાટે તક આપવામાં આવે.

**(૨) મફત ગણવેશ /સ્કૂલ ડ્રેસ યોજના (ઉત્તર પ્રદેશ-૨૦૦૫)**

ધોરણ ૧ થી ૫ સુધીની તમામ ગ્રામીણ અને શહેરી ગીચ વસ્તીઓની બાલિકાઓને મફત સ્કૂલ યુનિફોર્મ આપવા.

**(૩) કન્યા વિવાહ અનુદાન યોજના (ઉત્તર પ્રદેશ-૨૦૦૬)**

ગરીબ કુટુંબોની કન્યાઓને વિવાહના હેતુસર રૂા.૧૧૦૦૦ની આર્થિક મદદ કરવી.

**(૪) અપની બેટી અપના ધન યોજના (હરિયાણા-૧૯૯૪)**

અનુસુચિત જાતિ અને જનજાતિની નવજાત બાલકીઓને ઈન્દિરા વિકાસપત્રના માધ્યમથી આર્થિક રક્ષણ આપવા હેતુ.

**(૫) વિદ્યાર્થીની માટે મફત સાઈકલ યોજના (હરિયાણા-૨૦૦૪)**

વર્ગ ૫ થી ઉપરનું શિક્ષણ મેળવતી વિદ્યાર્થીનીઓને મફત સાઈકલ આપવી.

**(૬) બાલિકા અભિભાવક પેન્સન યોજના (હરિયાણા-૨૦૦૬)**

જે માતા પિતાને સંતાનમા માત્ર બાળકી જ હોય તેવા ૫૫ વર્ષથી ઉપરના અભિભાવકને રૂા. પ્રતિમાસ નિયમિત પેન્સન, આજીવન સમાજિક સુરક્ષા પ્રદાન કરવી.

**(૭) લાડલી બેટી યોજના (હરિયાણા-૨૦૦૫)**

કોઈ પણ માતા-પિતાની બીજી દિકરીને સરકારની લાડલી બેટી માનીને તેના પોષણ, સ્વાસ્થ્ય અને શિક્ષણ હેતુ સહાય ઉપલબ્ધ કરાવવી.

**(૮) છાત્રાઓ હેતુ સાવધિ જમા યોજના (ઝારખંડ-૨૦૦૪)**

ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની બાલિકાઓને મેટ્રિક સુધી શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે હેતુથી તેના નામ પર અમુક રકમ પોસ્ટ ખાતા તેમજ બેંકમાં જમા કરવી તેને આર્થિક મદદ કરવી.

**(૯) મુખ્યમંત્રી કન્યાદાન યોજના (ઝારખંડ - ૨૦૦૫)**

ગરીબ કુટુંબોની કન્યાઓને સરકારી આયોજનથી સમૂહ લગ્ન કરાવવા માટે તેના કુટુંબને આર્થિક સહાય આપવી.

**(૧૦) મેધાવી બાલિકાઓને મફત સ્કૂટર યોજના (છત્તિસગઢ-૨૦૦૫)**

અનુસુચિત જાતિ, જનજાતિની મેધાવી, હોશિંયાર, બાલિકાઓને પ્રોત્સાહન રૂપે મફત સ્કૂટર ઉપલબ્ધ કરાવવું.

**(૧૧) ઈન્દિરા સૂચના શક્તિ યોજના (છત્તિસગઢ-૨૦૦૫)**

ગરીબ વિદ્યાર્થીનીઓને મફત શિક્ષણ અને જરૂરી પ્રશિક્ષણ આપવું.

**(૧૨) સૂચના પર પુરસ્કાર યોજના (ગુજરાત -૨૦૦૪)**

કન્યા ભ્રૂણ હત્યા કરનાર દંપતિ અને ડોકટરની સૂચના આપનારને તેની ઓળખ ગુપ્ત રાખીને રોકડ રકમનો અને ગુનેગારને સજા કરવાનો

**(૧૩) કુંવરબાઈનું મામેરું યોજના (આંધ્રપ્રદેશ-૧૯૯૬)**

ગરીબ પરિવારની કન્યાઓ માટે વિવાહના હેતુસર નાણાકીય સહાય.

**(૧૪) કન્યાઓ માટે મફત પોષાક યોજના (બિહાર-૨૦૦૪)**

સ્કૂલે જતા દરેક વિદ્યાર્થીઓને અન્ય સુવિધાઓની સાથે નિઃશુલ્ક રૂપે યુનિફોર્મ આપવા.

**(૧૫) આપકી બેટી યોજના (રાજસ્થાન-૨૦૦૫)**

સાધન વિહિન પરિવારોની કન્યાઓ માટે પોષણક્ષણ આહાર અને તેમના સ્વાસ્થ્યની દરેક વ્યવસ્થા નક્કી કરવા સરકારી આર્થિક મદદ આપવા રાજસ્થાન સરકારે આ યોજના શરૂ કરી.

**(૧૬) ગામની બેટી યોજના (મધ્યપ્રદેશ-૨૦૦૫)**

શિક્ષણમાં વિશિષ્ટ પ્રદર્શન કરનારી ગ્રામિણ કન્યાઓને નિયમિત શિષ્યવૃત્તિ તથા મફત ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવી અને તેને પ્રોત્સાહન આપવું.

## બાળકો માટે કાનુની સંરક્ષણ

**(૧) ભારતીય દંડ વિધાનની ધારા ૮૨ મુજબ**

૭ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના બાળકોને કોઈપણ અપરાધની સજાથી મુક્ત રાખવા.

**(૨) દંડ પ્રક્રિયા સંહિતાની ધારા-૧૨૫ મુજબ**

દરેક બાળક ભરણ પોષણનો હકદાર છે.

**(૩) સંરક્ષણ અને પરિપાલ્ય અધિનિયમ-૧૮૯૦**

ન્યાયાલયના આદેશ પર જ્યાં સુધી બાળક વયસ્ક ન થાય ત્યાં સુધી બાળક અને તેની સંપત્તિના નિયુક્ત નિમવાની વ્યવસ્થા કરવી.

**(૪) હિંદુ દત્તક વિધિ તેમજ ભરણ પોષણ અધિનિયમ-૧૯૫૬**

કાનુની રીતે સક્ષમ હિંદુ સ્ત્રી કે પુરુષ દીકરો કે દીકરીને દત્તક લેવા પર અને તેના દરેક અધિકાર ઉપલબ્ધ કવાવે.

**(૫) કારખાના અધિનિયમ-૧૯૪૮**

બાળકોને હાનિકારક સ્થળોએ જ્યાં તેમના સ્વાસ્થય પર નુકશાન થાય ત્યાં બાળમજૂરી પર પ્રતિબંધ.

**(૬) જન્મ-મૃત્યુ રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૬૯ મુજબ**

દેશમાં જન્મનાર દરેક બાળકોનું રજિસ્ટ્રેશન જરૂરી કરીને તેના અધિકારોનું રક્ષણ કરવું.

**(૭) બાળ લગ્ન પર પ્રતિબંધ અધિનિયમ-૧૯૭૮ મુજબ**

વર્ષ ૧૯૨૯ના બાળ લગ્ન કાનુનને ધ્યાનમાં રાખીને લગ્ન માટે છોકરાની ઉંમર ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષ નક્કી કરાઈ છે.

**(૮) બાળ અધિનિયમ -૧૯૬૧ મુજબ**

બાળકોને બાળમજૂરી તેમજ ખતરનાક /જોખમભર્યા વાતાવરણાં કામ પર પ્રતિબંધ

**(૯) કિશોર ન્યાય અધિનિયમ-૧૯૮૬ મુજબ**

બાળકોના હિત માટે તેમજ તેમના વિકાસ, રહેઠાણ અને શોષણ સામે ન્યાયના હેતુસર પ્રાથમિક કાનુની સેવા.

**(૧૦) બાળમજૂર અધિનિયમ ૧૯૮૬ મુજબ**

૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હાનિકારક ઉદ્યોગો તથા જોખમી ઉદ્યોગોમાં કામ પર રાખવા પ્રતિબંધ

**(૧૧) બાળમજૂરી પ્રતિબંધ વિષયક કેન્દ્રિય અધિસૂચના-૨૦૦૬**

૧૦ ઓકટોબર ૨૦૦૬થી ઘરેલુ નોકર કે ઢાબા પર ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રાખવા પર પ્રતિબંધ અને તેનું ઉલ્લંઘન કરનારને આર્થિક દંડ તેમજ સજાને પાત્ર ગણવું.

**(૧૨) બાળ અધિકાર સંરક્ષણ આયોગ-૨૦૦૬ મુજબ**

બાળકોના વિકાસ અને તેમની સમસ્યાઓના અભ્યાસ અને સમસ્યાના ઉકેલ માટે સંબંધિત કાયદાઓને લાગુ કરવા.

**(૧૩) બાળ લગ્ન (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૦૬ મુજબ**

અવયસ્ક કન્યા સાથે લગ્ન કરનાર વયસ્ક પુરુષને દંડને પાત્ર ગણવું.

**(૧૪) બાળકો વિરુધ્ધ અપરાધ અધિનિયમ-૨૦૦૬ મુજબ**

છોકરા-છોકરીઓના વિરૂધ્ધ યૌન સબંધી શોષણ કરનારને ઓછામાં ઓછી

*અનુ. પાના નં ૫૭ ઉપર*

# બાળમજૂરી : એક વિકટ પ્રશ્ન

વિપુલ વાળંદ

*વર્તમાન સમયમાં મોટા ભાગનો સમાજ આજે એવું માને છે કે શિક્ષણ મેળવીને ભવિષ્યમાં નોકરી ક્યાં મળવાની છે ? માટે શિક્ષણ પાછળ ખોટો ખર્ચ કરીને સમય બગાડ્યા કરતાં નાનપણથીજ બાળકને કામધંધે રોકવું સારુ. શિક્ષણમાં કોઈ ખાસ રસ પડતો નથી. માટે પોતાનાં બાળકને શાળાને બદલે અન્ય ધંધાઓમાં આર્થિક કમાણી કરવા માટે ધકેલી દેતા હોય છે. બીજી બાજુ ફરજીયાત શિક્ષણ એ બાળકનો અધિકાર છે. તથા બાળમજૂરીને લગતા કાયદાઓ અંગે અજ્ઞાનતા પ્રવર્તતી હોવાથી બાળપણમાં જ તેને શ્રમિક બનાવી દેવામાં આવે છે. વારંવાર સ્થળાંતર કરીને જીવન ગુજારતા મજૂરો પણ પોતાના બાળકોને ભણાવી શકતા નથી*

**બા**ળમજૂરી અને બાળમજૂરનું અસ્તિત્વ બાળકોનાં નિમ્નતમ દરજ્જાને સૂચિત કરે છે. ભારત દેશમાં ૧૪મી નવેમ્બરનો દિવસ એ 'બાળદિન' તરીકે ઊજવાય છે. દરેક શાળાઓમાં તથા કોલેજોમાં બાળકો ભેગા મળીને આનંદ મેળવે છે. માતા-પિતા પોતાના બાળકોને ભેટ સ્વરૂપે પુસ્તક કે અન્ય વસ્તુ આપતા હોય છે. પરંતુ તેમના જ ઘર આંગણે રમતા નાના બાળકોને બે મીઠા બોલ પણ આપી શકતાં નથી.

વર્તમાન સમયમાં વ્યક્તિ પોતાના સ્વાર્થને પરિપૂર્ણ કરવા માટે 'વ્યક્તિનોજ ભોગ લઇ રહ્યો છે.' ભારત દેશમાં બાળકોને રાષ્ટ્રની સંપત્તિ તરીકે માનવામાં આવે છે. એ સંપત્તિનો દૂરુપયોગ ભારત દેશને વિકાસની દિશા તરફ આગળ લઇ જઇ શકશે ? એ એક વિકટ પ્રશ્ન છે. ભારત એક વિકાસશીલ દેશ તરીકે પ્રગતિને પંથે છે. તો બીજી તરફ વસ્તી ગીચતા, ગરીબી, બેકારી અને બાળમજૂરીની સમસ્યાનાં પ્રશ્નો જોવા મળે છે. વિકાસશીલ દેશમાં વિવિધક્ષેત્રોમાં બાળમજૂરીનું પ્રમાણ નહિવત વધી રહ્યું છે. તો બીજી તરફ દેશમાં બેકારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. આજે કેટલાય બાળકોનું બાળપણ શાળાઓને બદલે કોલસાની ખાણોમાં અન્ય જોખમી ઉદ્યોગોમાં કે કારખાનાઓમાં પસાર થઇ રહ્યું છે. નાના બાળકોનાં ચહેરા પર હાસ્યને બદલે નિરાશા જોવા મળે છે. ઉદ્યોગોના માલિકો દ્વારા વારંવાર ઠપકો કે શારીરિક અત્યાચાર અને જાતિયશોષણનો ભોગ પણ બાળમજૂરોએ બનવું પડે છે. બાળશ્રમ એ સરકારી ગુનો હોવા છતા પણ બાળમજૂરીનો ઉપયોગ વધારે પ્રમાણમાં થઇ રહ્યો છે. જે આપણા ભારત દેશ માટે દુર્ભાગ્યની વાત છે.

### બંધારણ અને બાળકોનો દરજ્જો

બંધારણમાં મૂળભૂત અધિકાર તરીકે વ્યક્તિને શોષણ સામેનો અધિકાર આપવામા આવ્યો છે. જેમાં કલમ ૨૪ અનુસાર ૧૪ વર્ષથી નીચેની વયના બાળકને કોઇ કારખાનામાં કે કેમિકલયુક્ત જોખમી ઉદ્યોગમાં કામમાં રોકી શકાશે નહિ. તેમજ બીજા કોઇ પણ જોખમવાળા કામમાં રોકી શકાશે નહિ. સરકારના માર્ગદર્શન હેઠળ કલમ૩૪(ચ) થી બાળકોની કુમળી વયનો દૂર ઉપયોગ ન થાય તેવી નીતિનો રાજ્ય અમલ કરશે. તેવા નિર્દેશ સરકાર દ્વારા કરવામાં આવ્યાં છે.

### બાળકોના દરજ્જાના સંદર્ભમાં

ભારત દેશમાં દરેક બાળકને રક્ષણ મેળવવાનો અધિકાર છે. આ અધિકારમાં બધાજ પ્રકારના શોષણમાંથી મુક્તિ, શારીરિક માનસિક ત્રાસમાંથી મુક્તિ, તેમજ અણધાર્યા પ્રસંગે ખાસ રક્ષણ વગેરે અધિકારોનો સમાવેશ થાય છે.

### બાળમજૂર અને બાળમજૂરીનો અર્થ

અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરતા બાળકને 'બાળમજૂર' કહેવાય.

બાળક અર્થાત ૧૪ વર્ષથી નીચેની

(લેખક અર્થશાસ્ત્રના અનુસ્નાતક વિદ્યાર્થી છે.)

વયની વ્યક્તિ દ્વારા થતી અર્થોપાર્જનની પ્રવૃત્તિને 'બાળમજૂરી' કહેવાય.

ખાસ કરીને આર્થિક પ્રાપ્તિ માટે કરવામાં આવતી ઉત્પાદક પ્રવૃત્તિને બાળમજૂરી તરીકે ઓળખવામાં આવે છે.

**બાળમજૂરોની વ્યાખ્યા**

આંતરરાષ્ટ્રિય મજૂર સંગઠન જણાવે છે કે, "બાળમજૂરોમાં એવા બાળકોનો સમાવેશ થાય છે કે જેઓ કુમળી વયે પુખ્ત ઉંમરના માણસ જેવું જીવન જીવે છે. ઓછી રોજીથી વધુ કલાકો સુધી એવી પરિસ્થિતિમાં કામ કરે છે. જે વેતન મળે છે. તેનાંથી પોતાનું પૂરતું પેટ પણ ભરાતું નથી. કેટલીક વખત આવા બાળકો તેમના કુટુંબથી વિખૂટા પડે છે. અને ઘણાંખરા કિસ્સામાં ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી એવા અર્થપૂર્ણ શિક્ષણ અને તાલીમથી વંચિત રહે  તેને બાળમજૂર તરીકે ઓળખવામાં આવે છે."

**ભારતમાં બાળમજૂરીનું પ્રમાણ**

ભારત એક વિકસતો અને વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. ભારત દેશે બેરોજગારી અને ગરીબી દૂર કરવા માટે ઘણા કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. છતાં પણ બેકારીની સમસ્યાને હલ કરી શક્યા નથી. તો બીજી તરફ બાળમજૂરીનું પ્રમાણ સતત વધતું જાય છે. વિવિધ સંસ્થાઓએ કરેલી મોજણીના આધારે બાળમજૂરીનું પ્રમાણ કેટલું છે તે જોઈએ.

- ૧૯૭૧માં ભારતદેશમાં બાળમજૂરોની સંખ્યા ૧,૦૭,૫૭,૯૨૩ હતી. જે વધીને ૧૯૮૧માં ૧,૩૬,૪૧,૫૮૮ થઈ ગઈ હતી. વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે બાળકોની કુલ વસ્તીમાં બાળમજૂરીનું પ્રમાણ ૬.૨ ટકા હતું. જેમા અુસૂચિત જાતિ ૭.૨૨ ટકા અને અનુસૂચિત જનજાતિમાં ૧૨.૧૨ ટકા હતું.
- જ્યારે નેશનલ સેમ્પલ સર્વેના જણાવ્યા પ્રમાણે ૯.૭ ટકા છે.
- ૧૯૯૧ની વસ્તી ગણતરીના અહેવાલનાં જણાવ્યા પ્રમાણે ભારતમાં બાળમજૂરીની સંખઅયા ૪૪ મિલિયનથી વધુ બાળમજૂરો હતાં. એટલે કે ૪.૪ કરોડ બાળમજૂરો હતા. જેમાંથી સૌથી વધુ બાળમજૂરો ગ્રામીણ ક્ષેત્રમાં છે.
- વિશ્વબેંકના રિપોર્ટ અનુસાર વિશ્વમાં લગભગ ૨૫ થી ૨૬ કરોડ બાળમજૂરો છે. જેના ૬૧ ટકા ફક્ત એશિયામાં છે. જ્યારે ૩૧ ટકા આફ્રિકામાં છે. અને ૭ ટકા અમેરિકામાં છે. ૨૫ થી ૨૬ કરોડમાંથી ૬ કરોડ કરતાં પણ વધુ બાળમજૂરો 'બધુઆ' મજૂર તરીકે પોતાના બાળપણની કુરબાની આપી રહ્યા છે.
- કેટલાક મુખ્ય ભારતીય ઉધ્યોગમાં બાળમજૂરનું પ્રમાણ અહીં રજૂઆત કરેલ છે. જે આપણે કોષ્ટક દ્વારા સમજીશું.

| ઉદ્યોગ | સ્થળ | બાળમજૂરોનું પ્રમાણ |
|---|---|---|
| બીડી | કર્ણાટક, આંધ્રપ્રદેશ | ૨,૦૦,૦૦૦ |
| | યુ.પી., બિહાર, | ૫૪,૦૦૦ |
| | ત્રિચુર, | ૭,૦૦૦ |
| | તિરુચિરાપલ્લી | ૭,૦૦૦ |
| હીરા અને કિંમતી પથ્થરો ઉપર પોલિશ | જયપુર | ૨૦,૦૦૦ |
| પિતળ અને કાચ | ફિરોઝાબાદ | ૫૦,૦૦૦ |
| ફટાકડા | શિવકાશી | ૫૦,૦૦૦ |
| હસ્તશિલ્પ | કાશ્મીર | ૯૨,૨૨૧ |
| શેતરંજી | જયપુર | |
| | કાશ્મીર | |
| | ભદોહી, મીર્ઝાપુર | ૫૦,૦૦૦ |
| પિત્તળ | મુશદાબાદ | ૪૫,૦૦૦ |
| તાળું | અલીગઢ | ૧૦,૦૦૦ |
| જરી | લખનૌ | ૪૫,૦૦૦ |
| વૃક્ષારોપણ | આસામ | ૫૬,૬૬૪ |
| | પશ્ચિમ બંગાળ | ૧૪,૭૭૯ |
| | ત્રિપુરા | ૩૭૧ |
| કાચની ખાણ | મેઘાલય | ૨૮,૦૦૦ |
| | ત્રિવેન્દ્રમ | ૧૦,૦૦૦ |
| | ભિવંડી | ૧૫,૦૦૦ |
| | ત્રિપુરા | ૮,૦૦૦ |
| નાળિયેરી રેસા | કેરળ | ૧૫,૦૦૦ |
| ફિશ ફિઝિંગ | કેરળ | ૨૦,૦૦૦ |
| પાવરલૂમ | મહારાષ્ટ્ર | ૧૫,૦૦૦ |

૧૯૯૦-૯૧ની આંકડાકીય માહિતી પ્રમાણે રાજય અનુસાર બાળમજૂરીની સંખ્યા નીચે મુજબ રજૂઆત કરી છે.

| **રાજ્ય** | **બાળમજૂરોની સંખ્યા** |
|---|---|
| આંધ્રપ્રદેશ | ૧૬,૬૧,૯૪૦ |
| આસામ | ૩,૨૭,૫૮૮ |
| બિહાર | ૯,૪૨,૨૪૫ |
| ગુજરાત | ૫,૨૩,૫૮૫ |
| હરિયાણા | ૧,૦૯,૬૯૧ |
| હિમાચલ પ્રદેશ | ૫૬,૪૩૮ |
| જમ્મુ-કાશ્મીર | - |
| કર્ણાટક | ૯,૭૬,૨૪૭ |
| કેરળ | ૩૪,૮૦૦ |
| મધ્યપ્રદેશ | ૧૩,૫૨,૫૬૩ |
| મહારાષ્ટ્ર | ૧૦,૬૮,૪૧૮ |
| મણિપુર | ૧૬,૪૯૩ |
| મેઘાલય | ૩૪,૬૩૩ |
| નાગાલેન્ડ | ૧૬,૪૭૬ |
| ઓરિસ્સા | ૪,૫૨,૩૯૪ |
| પંજાબ | ૧,૪૨,૧૯૯ |
| રાજસ્થાન | ૭,૭૪,૮૬૮ |
| સિક્કિમ | ૫,૫૯૮ |
| તામિલનાડું | ૫,૭૪,૮૬૮ |
| ત્રિપુરા | ૧૬,૪૭૮ |
| ઉત્તરપ્રદેશ | ૧૪,૧૦,૯૮૬ |
| પશ્ચિમબંગાળ | ૭,૧૧,૬૯૧ |
| અરુણાચલ પ્રદેશ | ૧૨,૩૯૫ |
| ગોવા | ૪,૬૫૬ |
| મિઝોરમ | ૧૬,૪૧૧ |
| <u>કેન્દ્રશાસિત પ્રદેશ</u> | |
| આંદામાન નિકોબાર | ૧૨૬૫ |
| ચંડીગઢ | ૧,૮૭૦ |
| દાદરા નગર હવેલી | ૪,૪૧૬ |
| દિલ્હી | ૨૭,૩૫૧ |
| દિવ-દમણ | ૮૪૧ |
| લક્ષ્યદ્વીપ | ૩૪ |
| પાંડિચેરી | ૨,૬૮૦ |
| **કુલ** | **૧,૧૨,૮૫,૩૪૯** |

(સ્ત્રોતઃ વાર્ષિક રિપોર્ટ ૧૯૯૮-૦૦ શ્રમમંત્રાલય, ભારત સરકાર)

બાળમજૂરી માટેનાં જવાબદાર પરિબળોની ચર્ચા કરીએ જે નીચે પ્રમાણે રજૂઆત કરેલી છે.

- બાળમજૂરી માટે અગત્યનું પરિબળ વસ્તીવૃધ્ધિ છે. પહેલી માર્ચ-૨૦૦૧ ના રોજ ભારતની વસ્તી ૧,૦૨,૭૦,૧૫,૨૪૭ હતી. ૧૯૯૧માં વસ્તી ૮૪.૪ કરોડ હતી. જે દશકીય વૃધ્ધિ દર ૨૧.૩૪ ટકાનો હતો. વસ્તીનું પ્રમાણ વધતાં પાયાની જરૂરિયાતોની માંગ પણ વધતી જાય છે. કુટુંબનું કદ મોટું હોવાથી આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ રહે છે. પરિમાણે માતા-પિતા બાળકો જે કામ મળે તે કામે લગાડીને કુટુંબની આવકમાં વધારો કરવા નાની ઉંમરથીજ મજૂરી કરવા જોડી દેતા હોય છે.
- બાળમજૂરી માટેનું બીજુ અગત્યનું પરિબળ ગરીબીનું પ્રમાણ છે. ભારત નિર્ધન લોકોનો સમૃધ્ધ દેશ છે. સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી ગરીબી નાબૂદી અંગના ઘણા બધા કાર્યક્રમો અમલમમાં મુકાઇ ગયા છે. છતાં પણ ગરીબી અંગેનો પ્રશ્ન હલ થઇ શક્યો નથી. ગરીબી સાપેક્ષ રીતે ઘટતી જોવા મળે છે. પરંતુ નિરપેક્ષ રીતે તેમાં વધારો જ થયો છે. આઝાદી પછી ૧૯૫૧માં વસ્તી ૩૬ કરોડ હતી. તે આજે વધીને ૧૦૨ કરોડ પર પહોંચી. ૧૯૯૯-૨૦૦૦માં ગરીબીનુ પ્રમાણ ઘટીને ૨૬.૧૦ ટકા જેટલું થઇ ગયું છે. પરંતુ વસ્તી અંદાજે ૧૦૦ કરોડ હોવાથી ૨૬.૦ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યાં છે. તેથી ગરીબી વધતા લૂટફાટ, અત્યાચાર, અપહરણના કિસ્સા સમાજમાં જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં બાળકને કમાણી કરવા બળજબરી કરશે. આવી કપરી પરિસ્થિતિમાં પેટ પૂરતું ભોજન નહીં મળવાને કારણે 'ભીખ કરતાંય ભૂંડી છે.' એ વાક્ય અનુસાર પોતાના બાળકને મજૂર બનાવી દેશે.
- બાળમજૂરી માટેનું ત્રીજુ અગત્યનું પરિબળ એ સામાજિક પરિબળો છે. બાળમજૂરોની વૃધ્ધિ માટે સામાજિક પરિબળો પણ જવાબદાર હોય છે. કેટલાંક ધંધાઓ, પેઢીઓની પેઢીથી ચાલ્યા આવ્યા હોવાથી વડીલો પોતાના બાળકોને બાળપણથીજ તેમાં રોકી દેતાં હોય છે. દા.ત. લુહાર, મોચી, દરજી, સુથાર, કુંભાર વગેરે
- બાળમજૂરી માટેનું ચોથું અગત્યનું પરિબળ એ નિરક્ષરતા અને અજ્ઞાનતાનું છે. વર્તમાન સમયમાં મોટા ભાગનો સમાજ આજે એવું માને છે કે શિક્ષણ મેળવીને ભવિષ્યમાં નોકરી ક્યાં મળવાની છે ? માટે શિક્ષણ પાછળ ખોટો ખર્ચ કરીને સમય બગાડ્યા કરતાં નાનપણથીજ બાળકને કામધંધે રોકવું સારુ. શિક્ષણમાં કોઇ ખાસ રસ પડતો નથી. માટે પોતાનાં બાળકને શાળાને બદલે અન્ય ધંધાઓમાં આર્થિક કમાણી કરવા માટે ધકેલી દેતા હોય છે. બીજી બાજુ ફરજીયાત શિક્ષણ એ બાળકનો અધિકાર છે. તથા બાળમજૂરીને લગતા કાયદાઓ અંગે અજ્ઞાનતા પ્રવર્તતી હોવાથી બાળપણમાં જ તેને શ્રમિક બનાવી દેવામાં આવે છે. વારંવાર સ્થળાંતર કરીને જીવન ગુજારતા મજૂરો પણ

પોતાના બાળકોને ભણાવી શકતા નથી, જેથી બાળશ્રમિક બને છે.

- બાળમજૂરી માટે પાંચમું અગત્યનું પરિબળ એ નિયોજકોના નફામાં વૃધ્ધિ છે. પુખ્તવયના શ્રમિકોને આપવામાં આવતું વેતન તથા અન્ય લાભો પ્રમાણમાં વધુ થવાથી કંપનીના નફા ઉપર તેની વિપરીત અસર પડે છે, જે માલિકોને ગમતું નથી. પરિણામે ઓછા વેતને વધુ કલાક કામ કરનારા બાળમજૂરોને તેઓ વધુ પસંદ કરે છે. જેમને અન્ય લાભો કે ભવિષ્યમાં કોઇજ ચુકવણી કરવાની ન હોવાથી એકંદરે માલિકોને નફો વધુ પ્રમાણમાં થાય છે. પરિણામે તે વધુને વધુ બાળશ્રમિકોનો ઉપયોગ કરે છે. જ્યાં તેમનું માનસિક, શારિરિક કે જાતિય શોષણ પણ થતું રહે છે.
- બાળમજૂરી માટે છઠ્ઠું અને અગત્યનું પરિબળ એ રાજકિય હસ્તક્ષેપ છે. શ્રમિક યુનિયનો કોઇને કોઇ નેતા સાથે જોડાયેલા હોય છે. નેતાઓ ભાષણમાં બાળમજૂરીને વખોડી કાઢે છે. પરંતુ તથ્યમાં બાળશ્રમનું પોષણ જ કરતા હોય છે. બાળમજૂરી નાબૂદી અભિયાનમાં સહયોગી ઉદ્યોગપતિઓને કાયદા કાનૂની રીતે સહયોગ આપીને તેમને બચાવે છે. બાળમજૂરી બાબતે માનવ અધિકારની વાત આવે ત્યારે એવા કિસ્સામાં કોઇ નેતા આગળ આવીને રસ લેતા નથી. જેથી ગુનેગારોને મોકળું મેદાન અને નેતાઓને ખિસ્સા ખર્ચ મળી જાય છે.
- બાળ મજૂરીને લગતા પરિબળો જોયાં બાદ હવે આપણે બાળમજૂરીની સમસ્યાનું નિયંત્રણ અંગે સરકારના પ્રયાસો જોઇએ. જે નીચે પ્રમાણે રજૂઆત કરેલ છે.
- ૧૯૪૮ના ફેકટરી એક્ટ અનુસાર જેમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના કોઇ પણ બાળકને ફેકટરીઓમાં નોકરી એ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- ૧૯૯૧ ના બગીચા મજૂર એક્ટ અનુસાર જોવા જઇએ તો જેમાં બાગ-બગીચા બાગાયત ખેતી કામમાં બાળકોને નોકરીએ રાખવા નહિં. તેવો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- ૧૯૫૨ના ખાણ અંગેનો એક્ટ અનુસાર જોઇએ તો જેમાં બાળકોને ખાણોમાં નોકરી એ રાખવા ઉપર પ્રતિબંધ છે.
- ૧૯૫૮ નો મર્ચન્ટ શિપિંગ એક્ટ અનુસાર જોઇએ તો બાળકોને વહાણ બનાવવા તથા વહાણોમાં નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકેલો છે.
- ૧૯૬૧ નો ટ્રાન્સપોર્ટ વર્કસ એક્ટ અનુસાર જોઇએતો કાયદાની મોટર ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકેલો છે.
- ૧૯૬૬નો બીડી એન્ડ સિગાર વર્કસ એક્ટ અનુસાર જોઇએ તો બાળકને નોકરીએ રાખવા પર પ્રતિબંધ છે.
- બાળમજૂરી નિયંત્રણ અને નિયમન કાનૂન ૧૯૯૬ અનુસાર જોઇએ તો જેમાં બાળમજૂરીનું નિયંત્રણ અને નિયમન કરતો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે.
- બાળમજૂરી બાબતે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા અને યુનિસેફ જેવી સંસ્થાઓએ બાળમજૂરીને શોષણ તરીકે ગણાવ્યું છે. ભારતમાં બાળશ્રમની સમસ્યાને દૂર કરવા માટે કેટલાંક સૂચનો કર્યા છે. જે નીચે પ્રમાણે છે.
- બાળ મજૂરોને આ વ્યવસાયમાંથી મુક્ત કરી તેમનું પુનઃ સ્થાપન કરવું જોઇએ.
- પુનઃસ્થાપનમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવવો જોઇએ.
- બાળકોનું શોષણ અટકાવવું જોઇએ.
- ગરીબ કુટુંબો માટે સામાજિક કલ્યાણની નીતિઓ વ્યાપ ફેલાવો કરવો જોઇએ.
- શિક્ષણનો વ્યાપ વધારવો જોઇએ.
- ગરીબ કુટુંબોને આર્થિક સહાય પૂરી પાડી શિક્ષણ દ્વારા બિનપરંપરાગત વ્યવસાયો તરફ વાળવા જોઇએ.
- વસ્તી વૃધ્ધિ અને કુટુંબોનાં મોટા કદને કારણે સર્જાતી સમસ્યાઓની જાણકારી પૂરી પાડવી જોઇએ.
- બાળશ્રમના પુનઃસ્થાપન માટે શાળાની સુવિધા, છાત્રાલય, મફત નિવાસ, ભોજન, કપડાં, પુસ્તકો, મનોરંજનની સુવિધા પૂરી પાડવી જોઇએ. જેથી તેમનો માનસિક શારીરિક વિકાસ થઇ શકે જે વ્યવસ્થા સરકારે પૂરી પાડવી.
- સાથો સાથ તેઓને વ્યવસાયિક તાલીમ, શિક્ષણ પૂરા પાડવા જોઇએ. જેથી કરીને પુખ્ત ઉંમરે પહોંચે એટલે નોકરી કે સ્વરોજગારી પૂરી પાડીને થાળે પાડવા જોઇએ.
- કલ્યાણકારી રાજય તરીકે બાળકોનું રક્ષણ સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા કરવી એ સરકારની બંધારણીય જવાબદારી છે. એના માટે થતો ખર્ચ ઉદ્યોગો પર કરવેરા નાંખીને સરકારે મેળવવો જોઇએ.

● ● ●

# બાળમજૂરી : શૈક્ષણિક અભિગમ

સ્મિતા વ્યાસ

*બાળમજૂરીને જડમૂળથી દૂર કરવા સુપ્રિમકોર્ટે ૧૯૯૭માં ક્રાંતિકારી ચુકાદો આપ્યો છે. પરંતુ અમલની બાબતે તે માત્ર શૂન્ય જ છે. બાળ શિક્ષણ બાબતે કેરળમાં આ યુક્તિ અસરકારક સાબિત થઈ છે. વિશ્વના તમામ દેશોએ બાળમજૂરીને નાબુદ કરવા પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવ્યું છે.પરંતુ તેનો અમલ જોઈએ તેટલો અસરકારક રીતે કરવામાં આવતો નથી. આપણા દેશોમાં કેટલાક માતા-પિતા બાળકોની આવક પર નભતા જોવા મળે છે. આપણા દેશમા પછાત વિસ્તાર કે નાના ગામડાઓની શાળામાં શિક્ષણના નામે ફારસ થતું જોવા મળે છે. બ્લેક બોર્ડ કે ખુરશી તો ઠીક પરંતુ ક્લાસરૂમ પણ હોતા નથી. તેવી જગ્યાએ શિક્ષણ વિષે શું વિચારવું એ પણ એક પ્રશ્ન છે.*

**બા**ળક શબ્દ કાને પડતાં કે બાળક વિષે વિચારતા નાજુક સુંદર ફુલ જેવું કોમળ મુખડું આપણી સમક્ષ દેખાય, માસુમતા, ભોળપણ, નિર્દોષતા, સ્વતંત્રતા, સ્વચ્છંદતા અને બેફિકરાઇ એ જ બાળપણ, કે જે નજર સામે આવતાજ આપણા હોઠો પર હાસ્ય આવી જાય પરંતુ દરેક બાળકના નસીબમાં આવું સુખદ બાળપણ નથી હોતું.

સનાતન કાળથી બાળકોને સમાજની સંપત્તિ ગણવાનો આદર્શ અપનાવવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવકિતા એ છે કે બાળકોના નાજુક કોમળ હાથોથી રમકડાં કે પુસ્તકોની જગ્યાએ મોટા-મોટા ઓજારો હોય તેનાથી વધુ દુઃખદાયી પરિસ્થિતિ શું હોઇ શકે. બાળકને તેના નાજુક કોમળ હાથે આકાશમાં પતંગ ચગાવવાની વયે તે પતંગ બનાવતો હોય છે. ફટાકડા ફોડવાની વયે તે ફટાકડા બનાવતો હોય છે. અને માલિકોના મહેણા-ટોણાની સાથે જ્યાં ને ત્યાં વેઠ કે મજૂરી કરતો જોવા મળે છે. માલિકના મહેણા-ટોણા ને ધોલ ધપાટ સહન કરતાં બાળક જોયા છતાં ન જોયા કરવામાં આવે છે.

બાળમજૂરી આપણા ભારત દેશના તમામ રાજ્યોમાં વધતા-ઓછા પ્રમાણમાં જોઇ શકાય છે. ભારતમાં બાળમજૂરીનું પ્રમાણ વધુ મોટું છે. બાળમજૂરોને જાહેર રસ્તાઓ પર હાથલારી ખેંચતા, રસ્તામાં કચરો વીણતા, બુટપોલીસ કરતા, જોખમી કારખાના કે ફેક્ટરીઓમાં કામ કરતાં, હોટલમાં કપ રકાબી ધોતા કે નાસ્તાની ડીશો સાફ કરતાં જોઇ શકાય છે. બાળમજૂરીની સમસ્યા ગ્રામ્ય તથા શહેરી બન્ને વિસ્તારોમાં જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં બાળકો ખેતમજૂર તરીકે પશુઓની દેખરેખ રાખતા, ખેતરમાં પાકની વાવણી, કાપણી કરતા તથા પશુ-પક્ષિઓથી પાકને બચાવવા માટેની વેઠ કરતા જોવા મળે છે. જ્યારે શહેરી વિસ્તારોમાં હોટલો, ધાબાઓ પર મજુરી વર્તમાન પત્રોનું વેચાણ, બુટ પોલીસ, હીસા ઘસવા, બીડી બનાવવી, ચ્હાની કીટલી,શાકભાજીનું વેચાણ, વાહનોનું રીપેરીંગ, દીવાસળી, ફટાકડા બનાવવા વગેરેમાં મજુરી કરતા જોવા મળે છે. મોટા શહેરોમાં તો બાળકો મજુરી સાથે કેટલીક અસામાજીક પ્રવૃત્તિઓ પણ કરતા જોવા મળે છે. જેમ કે ચોરી, પોકેટમારી, કાળાબજાર, દાણચોરી, નશીલા દ્રવ્યોનું વિતરણ વગેરે જેવી અસામાજિક પ્રવૃત્તિઓમાં પણ બાળકો રોકાયેલા હોય છે.

**બાળમજૂરી માટેના કારણો**

બાળમજૂરી એ સામાજિક, આર્થિક સમસ્યા છે. તેના માટે જવાબદાર કારણોને ત્રણ દ્રષ્ટિએ વિચારી શકાય

- કૌટુંબિક પરિસ્થિતિની દ્રષ્ટિએ
- રોજગાર આપનારી દ્રષ્ટિએ
- અન્ય કારણો

**કૌટુંબિક દ્રષ્ટિએ જોતા**

- કુટુંબની આર્થિક નબળી પરિસ્થિતિ
- પુખ્ત સભ્યોની બેરોજગારી
- માતા-પિતામાં શિક્ષણનો અભાવ
- કમાવવા માટે માતા-પિતાની અસમર્થતા
- ગરીબીના કારણે વારંવાર સ્થળાંતર

(લેખિકા હે.ઉ.ગુ.યુનિ, પાટણમાં લેકચરર છે.)

### રોજગારી આપનારની દ્રષ્ટિએ જોતાં

- બાળકો તમામ પ્રકારનું કામ સ્વીકારે છે.
- બાળકો ઓછા વેતને અને સરળતાથી પ્રાપ્ત થાય છે.
- બાળકો ઉગ્રતા નહી દર્શાવતા શરણગતિ સ્વીકારે છે.
- સરળતાથી તેનું આર્થિક શારીરિક શોષણ કરી શકાય છે.
- તેની અજ્ઞાનતાનો લાભ લઇ તેનું શોષણ કરી શકાય છે.

### અન્ય કારણો

- વસ્તી વધારો
- પુખ્ત વયના કામદારોમાં વધારો
- સમાજમાં શિક્ષણનું ઓછું પ્રમાણ

### શૈક્ષણિક અભિગમ

શિક્ષણ માટે જાગૃતિ તથા સવલતોનો અભાવ સ્ત્રી કે જે બાળકની પ્રથમ પાઠશાળા છે. તેનું નિરક્ષર રહેવું એ પણ બાળમજૂરી અને બાળશોષણનું એક કારણ છે. એક અબજની વસ્તી ધરાવતા ભારતમાં દસ કરોડ બાળકોને બે ટંક ભોજન પ્રાપ્ત થતુ નથી. જોખમી કહી શકાય તેવા ઉદ્યોગો કે કારપેટ, ફટાકડા, માચીસ ઉદ્યોગ, દારૂગોળા વગેરેમાં જીવના જોખમે બાળકો મજૂરી પ્રાપ્ત કરે છે. બાળમજૂરીના ઘણાબધા કારણોમાં નિરક્ષરતાં બાળકની અને માતાપિતાની એ મહદ અંશે જવાબદાર કારણ ગણાવી શકાય. નિરક્ષરતાના પગલે બાળમજૂરી દિન-રાત કુદકે ને ભુસકે વધી રહી છે. વિશ્વના અન્ય દેશોના પ્રમાણમાં ભારતમાં વધુ બાળ મજુરો જોવા મળે છે.

બાળમજૂરીનો એક માત્ર વિકલ્પ અને સૌથી અસરકારક ઉપાય એ ફરજિયાત બાળશિક્ષણ છે. બાળમજૂરોની ઉંમર એ ખરેખર શિક્ષણ મળવવા માટેની ઉંમર છે. બાળક ૫ વર્ષનું થાય ત્યારથી શરૂકરી ૧૮ વર્ષની ઉંમર સુધી તેની શિક્ષણ મેળવવાની ઉંમર ગણાય આપણા બંધારણમાં પણ ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. આમ છતાં પણ આર્થિક અને નબળી સ્થિતિ ધરાવતા માતા-પિતા પોતાની આર્થિક નબળી પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને શિક્ષણ આપી શકતા નથી. અને આવા કારણસર બાળકો રમવા કે ભણવાના બદલે મજૂરી કરતાં જોવા મળે છે. જે કામ તેઓએ દબાણ હેઠળ જ કરવું પડતું હોય છે.

સમાન્ય રીતે આ બાબતે કેટલાંક સંશોધનો થયા છે. જેના તારણરૂપે એવું માલુમ પડ્યું છે કે બાળ મજૂરો પૈકી ૨૫% બાળકોને શિક્ષણમાં રસ છે. પરંતુ તેઓ કૌટુંબિક આર્થિક નબળી પરિસ્થિતના કારણે શિક્ષણથી વંચિત છે. ૫૦% બાળ મજૂરોને શિક્ષણમાં બિલકુલ રસજ નથી જ્યારે ૨૫% બાળકોને જો શિક્ષણની સગવડ મળે તો તેઓનું હકારાત્મક વલણ જણાયું છે.

બાળમજૂરીને જડમૂળથી દૂર કરવા સુપ્રિમકોર્ટે ૧૯૯૭માં ક્રાંતિકારી ચુકાદો આપ્યો છે. પરંતુ અમલની બાબતે તે માત્ર શૂન્ય જ છે. બાળ શિક્ષણ બાબતે કેરળમાં આ યુક્તિ અસરકારક સાબિત થઇ છે. વિશ્વના તમામ દેશોએ બાળમજૂરીને નાબુદ કરવા પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવ્યું છે.પરંતુ તેનો અમલ જોઇએ તેટલો અસરકારક રીતે કરવામાં આવતો નથી. આપણા દેશોમાં કેટલાક માતા-પિતા બાળકોની આવક પર નભતા જોવા મળે છે. આપણા દેશમા પછાત વિસ્તાર કે નાના ગામડાઓની શાળામાં શિક્ષણના નામે ફારસ થતું જોવા મળે છે. બ્લેક બોર્ડ કે ખુરશી તો ઠીક પરંતુ ક્લાસરૂમ પણ હોતા નથી. તેવી જગ્યાએ શિક્ષણ વિષે શું વિચારવું એ પણ એક પ્રશ્ન છે. છ લાખ ગામડાઓ, સોળસો બોલીઓ અને સત્તર ભાષા ધરાવતા આપણા દેશમાં સાર્વત્રિક શિક્ષણનો અભિગમ અપનાવવો મુશ્કેલ છે.

સમગ્ર વિશ્વમાં લોકશાહીની દ્રષ્ટિએ સૌથી મોટા ગણાતા આપણા દેશમાં ભ્રષ્ટાચાર, કોમવાદ, મોંઘવારી, અનામત, વગેરે મુદ્દે ચૂંટણીઓ લડાય છે. પરંતુ બાળમજૂરી કે જે ખૂબજ સંવેદનશીલ છે. અને મહત્વનો જરૂરી પ્રશ્ન છે. તેના મુદ્દે ક્યાંય ચૂંટણી લડવામાં આવતી નથી.

### દિશા સૂચનો

બાળમજૂરી અટકાવવા શિક્ષણ આપવું ખૂબજ જરૂરી છે. માતા-પિતા પોતે આર્થિક રીતે નબળા ગરીબ હોવાથી શિક્ષણ આપી શકવાના નથી અને શિક્ષણ માટે તેઓને દબાણ કરવામાં આવે તો તેમની કૌટુંબિક જરૂરિયાતો પૂરી કરવા માટે અશક્ત બની રહે છે. એટલે જ્યાં સુધી કુટુંબને આવકની ખાતરી આપી ન શકીએ ત્યાં સુધી બાળમજૂરીની આ સમસ્યાને હલ કરવી લગભગ શક્ય જ નથી. બાળમજૂરીનું મૂળ કારણ ગરીબી અને નિરક્ષરતા છે અને તેનો ઉપાય એ સમાજનો સર્વાંગી વિકાસ અને દેશના તમામ બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ છે ફક્ત કાયદા બનાવવાથી જ બાળમજૂરી દૂર થઇ શકશે નહીં. પરંતુ વાસ્તવિક રીતે જોતા શિક્ષણની માળખાગત સુવિધાઓ તથા પુખ્ત વયનાની બેકારીને દૂર કરવા એક સર્વગ્રાહી એવી યોજના બનાવવી જોઇએ.

● ● ●

# રાષ્ટ્રિય બાળ શ્રમ નીતિ અને નિયમો

ભરતકુમાર ઠાકર

*બાળમજૂરી ખાસ કરીને વિકાસશીલ દેશો અને ગ્રામ્ય પ્રદેશોમાં પ્રસરેલી એક સામાજિક સમસ્યા છે. જ્યાં શાળાએ જવાની અને કામ કરવાની લઘુત્તમ અપેક્ષિત વયને સખતાઈથી લાગુ પાડવાનું મુશ્કેલ બનતું હોય છે. મુખ્યત્વે ગરીબાઈના કારણે માતા-પિતા પોતાના નાનાં બાળકોને કામે લગાડવા તથા એમના નાજુક ખભા પર કુટુંબની મદદનો બોજ નાખવા માટે મજબૂર બનતા હોય છે. આ પ્રક્રિયામાં આ કામગાર બાળકો શોષણનો ભોગ બનતાં હોય છે. અહીં આપણા દેશાં બાળશ્રમ ક્ષેત્રે થયેલી સરકારી ગતિવિધિઓનો ઓછેરો ખ્યાલ અપાયો છે.*

**વૈશ્વિક પ્રયત્નોને સમર્થન**

ભારતે બાળમજૂરીની સમસ્યાના સંદર્ભે હંમેશા સકારાત્મક નીતિ અપનાવી છે તેમજ તેની સામે લડવા બંધારણીય, કાયદાકીય અને વિકાસોન્મુખી પગલાં લેવાની હિમાયત કરી છે. બાળશ્રમ સબંધી આંતરરાષ્ટ્રિય શ્રમ સંગઠન (આઇ.એલ.ઓ)નાં છ સંમેલનોને ભારતે સમર્થન આપ્યું છે. આ છ માંથી ત્રણ તો આ સદીનાં બે પ્રારંભિક વર્ષોમાં જ આયોજિત થયાં છે.

સંયુક્ત રાષ્ટ્ર બાળ અધિકાર જાહેરનામા (૧૯૫૯)ના એક પક્ષકાર હોવાના નાતે ભારતે ૧૯૭૪માં "રાષ્ટ્રિય બાળ નીતિ" અપનાવી છે.તેમાં બંધારણીય જોગવાઇઓનું પુનઃપ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાળકોના જન્મ પહેલાં અને પછી તેમજ વિકાસ કાળ દરમ્યાન તેમનો સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ સુરક્ષિત કરવા પર્યાપ્ત સેવાઓ પૂરી પાડશે. રાજય આવી સેવાઓનો વ્યાપ ક્રમશઃ વધારતું રહેશે, જેથી કરીને વાજબી સમયમાં દેશમાં બધાં બાળકો પોતાના સંતુલિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણનો લાભ અને આનંદ લઈ શકે.

**કાનૂન ઘડતર પ્રક્રિયા**

આ વિષય પર ભારતનો પહેલો કાયદો ફેબ્રુઆરી,૧૯૩૩માં "બાળ (શ્રમ સંકલ્પ) અધિનિયમ"નો ઘડાયો હતો. ત્યાર બાદ ૧૯૩૮માં "બાળ રોજગાર અધિનિયમ" આવ્યો. તે પછી બાળકોની ઉત્તરોત્તર કાનૂની સુરક્ષા વધારતા બીજા બાર કાયદા પણ પસાર કરવામાં આવ્યા.

તેમાં કારખાના અધિનિયમ, વાવેતર મજૂરી વગેરે જેવા વિવિધ કાનૂન-ઘડતર હેઠળ કરાયેલ બાળમજૂરી સંબંધી જોગવાઇઓ દ્વારા કાર્ય સમયમાં ઘટાડો, લઘુત્તમ વેતનમાં વૃદ્ધિ, સ્વાસ્થ્ય અને વિકાસને હાનિકરારક હોય એવા વ્યવસાયો અને કાર્યપ્રક્રિયાઓમાં બાળકોને કામે લગાડવા પર પ્રતિબંધ વગેરે જેવાં વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

**બાળશ્રમ અધિનિયમ,૧૯૮૬**

ભારતમાં બાળશ્રમ (નિષેધ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૬ બાળમજૂરી પરની વિવિધ સમિતિઓએ કરેલી ચર્ચા-વિચારણા અને ભલામણોમાંથી ઉદ્ભવેલ વિચારો અને પ્રયાસોનું આખરી પરિણામ હતું. તેમાં મુખ્યત્વે રાષ્ટ્રિય મજદૂર પંચ (૧૯૬૬-૬૯), ગુરુપાદસ્વામી બાળ શ્રમ સમિતિ (૧૯૭૯) અને સનત મહેતા સમિતિ (૧૯૮૪) નો સમાવેશ થાય છે.

આ અધિનિયમ જોખમી રોજગારોમાં બાળકોના પ્રવેશને રોકવાનું અને બિનજોખમી રોજગારોમાં બાળકોની સેવાઓનું નિયમન કરવાનું ધ્યેય રાખે છે. ખાસ કરીને આ અધિનિયમ..

- કેટલાંક નિર્દિષ્ટ કામ ધંધાઓમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કામ પર લગાડવાની મનાઇ ફરમાવે છે.
- પ્રતિબંધિત વ્યવસાયોની સૂચિમાં વધુ નામોનો ઉમેરો કરવા માટે પ્રક્રિયા નિર્ધારિત કરે છે.
- જે નોકરીઓમાં બાળકોને કામ કરવાનું નિષ્ધિ નથી તેમાં એમની કામ કરવાની પરિસ્થિતિઓનું

(લેખક ભારતીય ખાદ્ય નિગમ (ગાંધીધામ)માં સેવારત અને અંજાર (કચ્છ) સ્થિત મુક્ત લેખક છે.)

નિયમન કરે છે.

- સંબંધિત કાયદાઓમાં 'બાળક'ની વ્યાખ્યામાં એકરૂપતા લાવે છે.

### કાયદાનો વ્યાપ વિસ્તર્યો

ઓક્ટોબર,૨૦૦૬માં ભારત સરકારે ઘરેલુ નોકર તરીકે તેમજ ચા-પાણીની દુકાનો, ઢાબાઓ, ઉપાહારગૃહો, હોટેલો, મોટેલો, રિસોર્ટસ, સ્પા અથવા અન્ય મનોરંજન સ્થળો પર બાળકોને કામે લગાડવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ હેતુ માટે આવશ્યક ત્રણ મહિનાની સૂચના આપતું આ બાબતનું એક જાહેરનામું ૧૦મી જુલાઇ, ૨૦૦૬ના બહાર પાડવામાં આવ્યું હતું. તેની મુદ્દત પૂરી થતાં બાળશ્રમ (નિષેધ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ૧૦મી ઓકટોબર, ૨૦૦૬ના અંતિમ જાહેરનામું બહાર પાડ્યું હતું.

તે દિવસથી દેશભરમાં બાળમજૂરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લદાયો છે. જેના થકી લાખો બાળકોને શોષણમાંથી બચાવી શકાશે. આ અધિનિયમની કલમ-૩ હેઠળ આવરી લેવાયેલા ૧૩ વ્યવસાયો અને ૫૭ પ્રક્રિયાઓમાં ૧૪ વર્ષથી નીચેના બાળકોને કામ પર રાખી શકાશે નહિ. સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ઘરેલું કે જોખમી કાર્યોમાં બાળકોને સામેલ કરવા સામે કાનૂની, દંડનીય અને સજાપાત્ર કાર્યવાહી થઈ શકે છે, જેમાં મહત્તમ બે વર્ષની કેદ અને વીસ હજાર રૂપિયાના દંડની જોગવાઇ થયેલી છે.

### બાળશ્રમ યોજનાઓ

રાષ્ટ્રિય બાળશ્રમનીતિ અંતર્ગત બાળમજૂરોના પુનર્વસન હેતુ દેશમાં જુદા-જુદા વિસ્તારોમાં વિવિધ 'રાષ્ટ્રિય બાળશ્રમ યોજનાઓ' ઘડવામાં આવી છે. આ યોજના તળે આરંભાયેલ એક મહત્વની પ્રવૃત્તિ તરીકે 'વિશષ શાળાઓ'ની સ્થાપના કરાઇ છે. જેમાં રોજગાર છોડી ચૂકેલાં બાળકોને અનૌપચારિક શિક્ષણ, ધંધાકીય તાલીમ, વધારાનો પોષક આહાર વગેરે પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સરકાર બાળશ્રમિકોના પુનઃવસવાટ માટે ખાસ શાળાઓ ચલાવવા માટે વિવિધ બિન-સરકારી સંગઠનોને નાણાકીય ભંડોળ પણ પૂરું પાડે છે. આ રીતે સરકાર બૃહદ્ ભૂમિકા નિભાવી રહી છે તથા નાગરિક સમાજના સહયોગને પણ આકર્ષી રહી છે.

એ ખરું કે બાળ મજૂરી સંબંધી સમસ્યા અને નિરક્ષરતા સાથે જટિલપણે જોડાયેલી હોવાથી માત્ર કાનૂની આધારે જ તેનું નિરાકરણ આવી શકે નહિ. આ પ્રશ્ન ઉકેલવા એક વ્યાપક દ્રષ્ટિ, બહુઆયામી અને સમર્પિત પ્રયત્નો જરૂરી છે તથા સૌથી મહત્વપૂર્ણ તો સામાન્ય માણસે જ આ કુપ્રથાને દૂર કરવા તેને જાકારો આપવો પડશે.

### બાળમજૂરી અટકાવો

દેશમાં બાળમજૂરી અંગેના નૂતન કાયદાના પ્રવેશ વર્ષમાં ૨૬મી ડિસેમ્બર,૨૦૦૬ના આપણા ટપાલ વિભાગ દ્વારા 'બાળશ્રમ રોકો' શિર્ષકે ચાર ખાસ બહુરંગી ટપાલ-ટિકિટોનો એક સુંદર સેટ બહાર પાડવામાં આવ્યો હતો. પ્રત્યેક પાંચ રૂપિયા મૂલ્યની અને આડા આકારની આ સ્ટેમ્પસ પર દોરડા પર ખલ દર્શાવતા, ખભે પાવડો નાખી કામે જતા, કીટલીમાંથી ગ્લાસમાં ચા રેડતા અને માથે ગમેલું ઉપાડી કચરો લઈ જતા બાળ શ્રમિકોની પ્રતિકાત્મક તસવીરો દર્શાવવામાં આવી છે.

● ● ●

## ગ્રાહકોને સૂચના

- **બહારગામના ચેક સ્વીકારવામાં આવતા નથી. પેએબલ અમદાવાદના ચેક સ્વીકારાય છે.**
- **લવાજમની રકમ "S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)" ના નામે મોકલવું.**
- **લવાજમ ચેક / મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી પણ મોકલી શકાશે.**
- **પુસ્તકની કિંમત અને મોકલવાનો ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.**

# ભારતમાં બાળમજૂરીનું કારણ ગરીબી

રામેશ્વરી વાઘેલા

*વિશ્વમાં ભારતમાં સૌથી મોટી સંખ્યામાં બાળમજૂરો છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ આર્થિક રીતે સક્રિય એવા ૧૨૭ લાખ બાળકો ૫-૧૪ વર્ષના છે. શહેરી વિસ્તારમાં બીડી ઉદ્યોગ, માચીસ ઉદ્યોગ, ગાલીચા, સ્લેટ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, પથ્થરની ખાણમાં તથા કચરા ઉકરડામાંથી પ્લાસ્ટીકની થેલી, કાગળ, લોખંડ પિત્તળની વસ્તુઓ વગેરે વિણવાનું કામ બાળકો કરે છે.*

*ગ્રામીણ વિસ્તારમાં મોટાભાગના બાળકો ખેતી અને ખેતમજૂરીના કાર્યોમાં રોકાયેલા છે. અંદાજે ૩૦૦૦૦૦ બાળકો જે પૈકી મોટા ભાગના ૧૪ વર્ષથી ઓછી વય છે તેઓ ભારતના કપાસના ખેતરોમાં અમાનવીય પરિસ્થિતમાં મજૂરી કરે છે.*

વર્તમાન ભારત ઘણીબધી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. જેમાં વસ્તી વધારો, ગરીબી, બેકારી, ભાવવધારો વગેરે છે. આ સમસ્યાઓના વિષચક્રમાં ભારત ફસાઇ ગયું છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણે આ ચક્ર તોડી શક્યા નથી. આપણો વિકાસ આ વિષચક્રને સાથે લઇને જ આગળ ચાલતો રહ્યો છે. અને આ વિષચક્રમાંથી રોજબરોજ નવી નવી પેટા સમસ્યાઓ ગંભીર રૂપ ધારણ કરી રહી છે અને તેમાની એક સમસ્યા ભારતમાં બાળમજૂરોનું વધતું જતુ પ્રમાણ.

**બાળમજૂરોના વધુ પ્રમાણનું કારણ ગરીબી**

ભારતની વસ્તીના લગભગ ૩0% ભાગ આજે પણ ગરીબી રેખાની નીચે જીવન વ્યતિત કરે છે અને ગરીબ કુટુંબમાં બાળકોને આવકનું સાધન ગણવામાં આવે છે. બાળકોના ઉછેરનો વાસ્તવિક ખર્ચ ખુબજ ઓછો આવે છે. "ઝાઝા હાથ રળિયામણા" ની નીતિને કારણે અને નિરક્ષરતાના ઊંચા પ્રમાણને લીધે આ કુટુંબોમાં જન્મદર વધુ જોવા મળે છે. જેથી બાળકોની સંખ્યા વધારે હોય છે અને કુટુંબની નબળી આર્થીક સ્થિતિને કારણે ગુજરાન ચલાવવા નાની ઉંમરમાંજ કામધંધે જોડાવું પડે છે તેથી નાની ઉંમરના ઘણાં બાળકો આપણા દેશનાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કામ કરે છે.

**શહેરી વિસ્તારમાં બાળમજૂરો**

શહેરી વિસ્તારના વ્યવસાયોમાં મુખ્યત્વે બીડી ઉદ્યોગ, માચીસ ઉદ્યોગ, ગાલીચા-કાર્પેટ ઉદ્યોગ, ફટાકડા ઉદ્યોગ, કાચ ઉદ્યોગ,પિત્તળના વાસણનો ઉદ્યોગ એ જ રીતે તાળા ઉદ્યોગ, સ્લેટ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, પથ્થરની ખાણોમાં તથા કચરાના ઉકરડામાંથી પ્લાસ્ટીકની થેલીઓ, કાગળ, લોખંડ પિત્તળની વસ્તુઓ વગેરે વીણવાનું કામ બાળકો કરે છે. એના સિવાય ચાની દુકાનમાં ટેબલ સાફ કરતા કે પછી નાસ્તાની દુકાનમાં પ્લેટ સાફ કરતા કેટલાય બાળકો કામ કરતા દેખાશે. શિક્ષણ મેળવવાની ઉંમરે તેઓને આવી બાળમજૂરી કરવી પડે છે. જેથી તેમના સ્વાસ્થય ઉપર પણ ગંભીર અસર પડે છે. તેમાના ઘણા બાળકોને ક્ષયરોગ,શ્વસનનો રોગ જેવા વિવિધ રોગોના ભોગ બનવું પડે છે.

**ગ્રામીણ વિસ્તારમાં બાળમજૂરી**

ગ્રામીણ વિસ્તારમાં મોટા ભાગના બાળકો ખેતી અને ખેતમજૂરીનાં કાર્યોમાં રોકાયેલા હોય છે. નાના ખેડૂત તથા ખેત મજૂર કુટુંબ પોતાના નાની ઉંમરના બાળકોને શિક્ષણમાંથી જલદી ઉઠાવી લે છે. કેટલાંક બાળકો પ્રાથમિક અભ્યાસ મુશ્કેલીથી પૂરો કરી અલ્પ વયથીજ ખેતીકાર્ય કરવામાં લાગી જાય છે અને તેથીજ વર્તમાન સમયમાં દેશના ત્રણ લાખ બાળકો કપાસના ખેતરોમાં મજૂરી કરે છે. રાજસ્થાન જેવા પછાત રાજ્યમાંથી મોટી સંખ્યામાં બાળમજૂરો દેશના વિવિધ રાજ્યોમાં ઠલવાય છે.ગાઢ અંધકારમાં પોતાનો માર્ગ કાઢતા ભેજાબાજ દલાલો રાજસ્થાનમાંથી હજારો બાળકને ટ્રકમાં પડોશી ગુજરાત રાજ્યમાં ઠાલવે છે. જ્યાં

(લેખિકા શ્રેયસ વિદ્યાલય (અલંકાર) વડોદરામાં શિક્ષીકા છે.)

તેમના પાસે તેજીથી ધમધમતા કપાસના ખેતરોમાં મજૂરી કરાવાય છે. બાળ અધિકાર રક્ષણ માટેના રાષ્ટ્રિય પંચના અધિકારીઓ જણાવે છે કે અંદાજે ૩૦૦૦૦૦ બાળકો જે પૈકી મોટાભાગના ૧૪ વર્ષથી ઓછી વયના છે તેઓ ભારતના કપાસના ખેતરોમાં અમાનવીય પરિસ્થિતિમાં મજૂરી કરે છે. જોકે ગુજરાતમાં મોટાભાગના બાળકો સારી સ્થિતિમાં હોય છે, પણ મહદઅંશે રાજસ્થાનના આદિવાસી પટ્ટાના આ બાળકોને આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તમીલનાડુમાં પણ લઈ જવાય છે.

આમ, ભારતનાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં બાળમજૂરી અને બાળકોના સ્થળાંતરનો જુવાળ ઉગ્ર બની રહ્યો છે. ભારતમાં સૌથી મોટી સંખ્યામાં બાળમજૂરો છે. અને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ આર્થિક રીતે સક્રિય એવા ૧૨૭ લાખ બાળકો ૫-૧૪ વર્ષના છે.

**બંધારણીય જોગવાઈ બાળકો માટે**

બંધારણીય આર્ટિકલ (કલમ) ૨૪ અન્વયે ૧૪ વર્ષથી નીચેના વયના કોઈપણ બાળકને ફેક્ટરી કે ખાણમાં કામ પર લઈ શકાશે નહિ કે જોખમી રોજગારી પર કામો કરવા રાખી શકાશે નહિ. રાજ્યની નીતિઓ અંગેના માર્ગદર્શક સિધ્ધાંતોની કલમ ૩૯-ઈ અને એફ પ્રમાણે કુમળી વયના બાળકોનો કોઈ દુરુપયોગ નહિ થાય તેની બાંહેધરી આપે છે. તેમજ સ્વાસ્થ્યપ્રદ વાતાવરણમાં બાળકોને વિકસવાની તકો અને અનુકૂળતાઓ આપવામાં આવશે. શોષણથી તેમનું રક્ષણ કરવામાં આવશે. બંધારણમાં એવી પણ જોગવાઈ છે કે જે અન્વયે રાજ્ય ૧૪ વર્ષની વય સુધીનાં બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ તેની શરૂઆત કરે ત્યારથી દશ વર્ષના ગાળામાં આપવાનો પ્રબંધ કરવાની કોશિશ કરશે.

દેશમાં ગરીબીના કારણે બંધારણની ઉપરોક્ત જોગવાઈનું પાલન કરવામાં આવતું નથી. જેનું મુખ્ય કારણ બાળમજૂરી કરતાં બાળકોનાં માતા-પિતાની ગરીબી છે. ભારતની વસ્તીના લગભગ ૩૦% ભાગ આજે પણ ગરીબી રેખાથી નીચે જીવન વ્યતિત કરે છે. કુટુંબની ઓછી આવક તથા કુટુંબમાં બાળકોની સંખ્યા વધુ હોવાના કારણે કુટુંબના મુખી પર આર્થિક જવાબદારી વધારે આવે છે. આ જવાબદારીમાં થોડી મદદ મળે તે માટે ગરીબ માતા-પિતા પોતાના બાળકોને બાળમજૂરીનાં રૂપમાં ઓછી મજૂરી પર કામમાં લગાવીદે છે. જેનાથી આ બાળકો પોતાનું પેટ ભરી શકે. તેના વિકાસ, શિક્ષણ તથા સ્વાસ્થ્યના સંબંધમાં વિચારવાનો સમય અને તાકાત તેનાં માતાપિતામાં હોતી નથી. બાળમજૂરોને પ્રોત્સાહિત કરતા બીજા તત્વ ઉદ્યોગપતિઓ છે. જેની શોષણ તથા વધુ નફો કમાવવાની ભાવનાછે. નાના બાળકોને ઓછું વેતન આપીને વધુ સમય સુધી કામ કરાવવું તથા આવા અબોધ બાળકોની મહેનત પર વધારે નફો કમાવવાની પ્રવૃત્તિ આ પ્રથાને પ્રોત્સાહન આપે છે. બાળમજૂરી કરવાની લગભગ ત્યાં સુધી નહિં રોકાય જ્યાં સુધી તેમના કુટુંબને ગરીબી રેખાથી ઉપર ન ઉઠાવવામાં આવે તથા કાયદા દ્વારા બાળમજૂરી કરાવવા વાળા લોકો પર કઠોર પગલાં લેવામાં ન આવે.

● ● ●

*અનુ. પાના નં ૫૯ થી શરૂ*

**સંવેદનાત્મક હિંસા**

સ્ત્રીને ડરાવવી, ધમકાવવી, હિંસાની ધમકી આપવી, મહેણા મારવાં, ગમે તેવા નામ દેવા, સ્ત્રીને અથવા તેની નજીકની વ્યક્તિઓને ઈજા પહોંચાડવી ધમકી આપવી અથવા માનસિક રીતે તોડી પાડે તેવી શાબ્દિક હિંસાનો આમાં સમાવેશ કરવામાં આવે છે. દા.ત. ચારિત્ર્ય અંગેના આક્ષેપો કરવા, બાળક ન હોવા બદલ કે પુત્ર ન હોવા બદલ મહેણા મારવાં, છોકરીને તેની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવા ફરજ પાડવી અથવા તેની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરતી રોકવી.

**જાતિય હિંસા**

જેમાં સ્ત્રીને જાતીય સતામણી અથવા બળજબરીથી જાતિય સબંધ બાંધવી મજબૂર કરવાનો, પરાણે અશ્લિલ સાહિત્ય ફિલ્મ જોવા મજબૂર કરવાનો કે સ્ત્રીને મંજૂર ન હોયતેવી રીતે જાતિય ક્રિયા કરવા મજબૂર કરવાનો સમાવેશ થાય છે.

**આર્થિક હિંસા**

કોઈપણ કાયદા કે રિવાજ હેઠળ સ્ત્રીને મળવાપાત્ર હોય તેવા કોઈપણ આર્થિક સંસાધનથી સ્ત્રીને વંચિત કરવી, સ્ત્રીને જેનો ઉપયોગ કરવાનો હક્ક હોય તેવી મિલ્કત, ઘર કે ઘરવખરીનો નિકાલ કરીદેવા વગેરે.

આમ, કાયદામાં સ્ત્રીઓ માટે ખાસ જોગવાઈ આ અધિનિયમમાં કરીને સ્ત્રીઓને ગૌરવભેર જીવવાની તક ઉભી કરવામાં આવી છે.

● ● ●

# રાષ્ટ્રીય સંપત્તિનું અવમૂલ્યનઃ બાળશ્રમ

ડો. હિંમત સેજલિયા

*આપણે ખરા અર્થમાં દેશની ભાવિ રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય કરી રહ્યા છીએ. મજૂરી કાયદા મુજબ જોખમી ધંધાઓમાં બાળમજૂરોની ઉંમર ૧૮ વર્ષ અને સામાન્ય ધંધાઓમાં ઉંમર ૧૫ વર્ષથી ઓછી હોય તો તે બાળમજૂર કહેવાય છે. દેશના બાળશ્રમિકોનું પ્રમાણ તપાસતા જણાય છે કે ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ બાળકોની કુલ વસ્તીમાં બાળમજૂરોનું પ્રમાણ ૬.૨% હતું. નેશનલ સેમ્પલ સર્વે પ્રમાણે ૯.૭% હતું. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં બાળમજૂરોની સંખ્યા ૧૧૨૮૫૩૪૯ હતી. જેમાં મોટાભાગના બાળશ્રમિકો ગ્રામ્ય ક્ષેત્રના હતા.*

**બા**ળકો કોઇપણ રાષ્ટ્રની મુલ્યવાન સંપત્તિ છે. કોઇપણ સમાજનું મહત્વપૂર્ણ જુથ છે. રાષ્ટ્ર કે સમાજવિકાસ અને બાળવિકાસ એક બીજા સાથે સંકળાયેલા છે. આજના મહાન નેતાઓને બાળપણમાં યોગ્ય માર્ગદર્શન, શિક્ષણ, સારસંભાળ ન મળી હોત તો તેઓ આજની કક્ષાએ ન પહોંચ્યા હોત. બાળકોના ઘડતરથી જ ખરા રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. બાળકોને સમાજ કે રાષ્ટ્રની સાચી સંપત્તિ માનવામાં આવે છે. ભારત સોનાના પાટલા પર બેઠેલો ભિક્ષુ દેશ છે. ભારત પાસે વિપુલ પ્રમાણમાં સંપત્તિ રહેલી છે. પણ આજે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે માનવીને જ નિશાન બનાવી રહ્યો છે. બાળસંપત્તિના દુર્વ્યયને લીધે ભારતનો સર્વાંગી વિકાસ થઇ શક્યો નથી. ભારત એક વિકાસશીલ દેશ છે. વિકાસ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે આજે પણ ગરીબી, બેકારી, વસ્તીવધારો અને બાળશ્રમ જેવી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. આપણે ૧૪ નવેમ્બરને બાળદિવસ તરીકે ઉજવીએ છીએ ત્યારે બે-પાંચ દિવસ બાળકોના હિતની, શિક્ષણ, પ્રગતિની વાતો કરીએ છીએ પણ વિવિધ ફેકટરીઓમાં કામ કરી રહેલા નિઃસહાય બાળકો વિશે વિચારતા નથી. આજે જોખમી કારખાનાઓમાં બાળકોનું બચપણ રડી રહ્યું છે. તેમના નિર્દોષ હાસ્યને બદલે તેનો ચહેરા પર હતાશા જોવા મળે છે. અવારનવાર બાળકો માલિકોના અત્યાચાર, ધાક-ધમકી, જાતીય અને માનસીક સતામણીના ભોગ બને છે. બાળકો નીચેની અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

- ગરીબ બાળકો આજે પણ પોષણયુક્ત ખોરાક અને શિક્ષણથી વંચિત રહે છે.
- સ્ત્રી ભૃણ હત્યા.
- બાળક્ષમ કાયદા દ્વારા પ્રતિબંધીત હોવાછતા જોખમી કારખાનાઓમાં બાળમજૂરી.
- બાળકો પાસેથી પુરતું કામ લઇ પ્રમાણસર વેતન ચુકવવામાં આવતું નથી.
- ગરીબીને લીધે બાળકોને શિક્ષણના અવેજીમાં મજૂરીની પાડવામાં આવતી ફરજો.

ઉપરોક્ત સમસ્યાઓ જોતા જણાય છે કે આપણે ખરા અર્થમાં દેશની ભાવિ રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય કરી રહ્યા છીએ. મજૂરી કાયદા મુજબ જોખમી ધંધાઓમાં બાળમજૂરોની ઉંમર ૧૮ વર્ષ અને સામાન્ય ધંધાઓમાં ઉંમર ૧૫ વર્ષથી ઓછી હોય તો તે બાળમજૂર કહેવાય છે. દેશના બાળશ્રમિકોનું પ્રમાણ તપાસતા જણાય છે કે ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ બાળકોની કુલ વસ્તીમાં બાળમજૂરોનું પ્રમાણ ૬.૨% હતું. નેશનલ સેમ્પલ સર્વે પ્રમાણે ૯.૭% હતું. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં બાળમજૂરોની સંખ્યા ૧૧૨૮૫૩૪૯ હતી. જેમાં મોટાભાગના બાળશ્રમિકો ગ્રામ્ય ક્ષેત્રના હતા. વિશ્વબેંકના અભિપ્રાય મુજબ વિશ્વમાં લગભગ ૨૫ કરોડ બાળમજૂરો છે. જેના ૬૧% ફક્ત એશિયામાં છે. ૩૨% આફ્રિકામાં છે. અને ૭ % લેટિન અમેરિકામાં છે.

(લેખક શ્રીમતિ આર.કે. વઘાસીયા કોમર્સ કોલેજ, અમરેલીમાં ઇન્ચાર્જ પ્રિન્સીપાલ છે.)

જુદા-જુદા ઉદ્યોગોમાં ભારતમાં બાળમજૂરો નીચે મુજબ છે.

| ઉદ્યોગો | બાળમજૂરો |
|---|---|
| કાચની ખાણ | ૨૮૦૦૦ |
| હેન્ડલુમ | ૩૩૦૦૦ |
| વૃક્ષારોપણ | ૭૧૮૧૪ |
| જરીકામ | ૪૫૦૦૦ |
| તાળા ઉદ્યોગ | ૧૦૦૦૦ |
| બાળવેશ્યાવૃત્તિ | ૨૦,૦૦૦૦૦ |
| ફિશ ફ્રિઝીંગ | ૨૦,૦૦૦ |
| પાવરલુમ | ૧૫,૦૦૦ |
| પિત્તળ | ૪૫,૦૦૦ |
| શેતરંજી | ૨,૩૦,૦૦૦ |
| બીડી | ૨,૬૮,૦૦૦ |
| હીરા | ૨૦,૦૦૦ |
| ફટાકડા | ૫૦,૦૦૦ |
| હસ્તશિલ્પ | ૯૨૨૨૧ |

માહિતી પ્રાપ્તિ : રાષ્ટ્રીય શ્રમ સંસ્થા

વર્ષ ૧૯૯૧ની માહિતી મુજબ ભારતમાં કુલ બાળમજુરોની સંખ્યા ૧૧૨૮૫૩૪૯ હતી. જેમાના બાળશ્રમિકોની દ્રષ્ટિએ પ્રથમ ૧૦ રાજ્યો નીચે મુજબ છે.

| રાજ્યો | બાળમજૂરો |
|---|---|
| આંધ્રપ્રદેશ | ૧૬,૬૧,૬૪૦ |
| ઉત્તરપ્રદેશ | ૧૪,૧૦,૦૮૬ |
| મધ્યપ્રદેશ | ૧૩,૫૨,૫૬૩ |
| મહારાષ્ટ્ર | ૧૦૬૮૪૧૮ |
| કર્ણાટક | ૯૭૬૨૪૭ |
| બિહાર | ૯૪૨૨૪૫ |
| રાજસ્થાન | ૭,૭૪,૧૯૯ |
| પશ્ચિમ બંગાળ | ૭,૧૧,૬૯૧ |
| ગુજરાત | ૫,૨૩,૫૮૫ |
| ઓરિસ્સા | ૪,૫૨,૩૯૪ |

**પ્રાપ્તિ સ્થાન : વાર્ષિક રિપોર્ટ ૧૯૯૮-૯૯ શ્રમમંત્રાલય**

**ભારતમાં બાળશ્રમ માટે જવાબદાર કારણો નીચે મુજબ છે.**

- નિરક્ષરતાને લીધે વાલીઓ માને છે કે શિક્ષણને લઇને નોકરી મળવાની નથી. તેથી બાળકોને નાનપણથી ધંધામાં રોકી દે છે. તેઓમાં બાળશ્રમ કાયદાની અજ્ઞાનતા પણ જોવા મળે છે.
- બાળશ્રમ માટે સામાજિક પરિબળો પણ મહત્વનો ભાગ ભજવે છે. વંશપરંપરાગત ધંધાઓ જેવા કે લુહાર, સુથાર, કુંભાર, મોચી વગેરે જ્ઞાતિઓમાં વડીલો તેમના બાળકોને પુખ્યવય સુધીમાં તો નિષ્ણાંત કારીગર બનાવી દે છે તે બાળક પુરતું શિક્ષણ મેળવી શકતું નથી.
- સમૃધ્ધ ભારતમાં ગરીબો વસે છે. કહેવત મુજબ ભારતમાં આજ દિન સુધી ગરીબીનો પ્રશ્ન અસ્તિત્વ ધરાવે છે. જો કે સાપેક્ષ ઘટાડો જોવા મળ્યો છે. ૧૯૯૯-૨૦૦૦માં ગરીબોની સંખ્યા ૨૬ કરોડ હતી. ગરીબીને લીધે ઘણી સમસ્યા ઉત્પન્ન થાય છે. તેમાં બાળશ્રમનો પણ સમાવેશ થાય છે.
- વસ્તીની દ્રષ્ટિએ ભારત બીજું સ્થાન ધરાવે છે. માર્ચ ૨૦૦૧ની વસ્તી ૧,૦૨,૭૦,૧૫,૨૪૭ હતી. ૧૯૯૧ માં વાર્ષિક વસ્તી વૃધ્ધિ દર ૧.૯૭% હતો. વસ્તીવધારાથી આવક ઘટતા કુટુંબનિર્વાહ માટે નાના બાળકો પાસેથી પણ કામ લેવામાં આવે છે.
- ભારતમાં બાળઅધિકારો માટેના પંચ અને કાયદાઓ હોવા છતા તેની બિનઅસરકારકતાને લીધે બાળશ્રમ અટકાવી શકાતો નથી.

**● બાળશ્રમ અટકાવવા નીચે મુજબ ઉપાયો કરવા જરૂરી છે.**

- સમાજમાં બાળઅધિકારો અંગેની જાગૃતિ લાવવા પ્રયાસો કરવા જોઇએ.
- બાળશ્રમ રોકવા અસરકારક કાયદાઓ અને તેના અમલની કડક જોગવાઇઓ દાખલ કરવી જોઇએ.
- બાળશ્રમ આધારીત કારખાનાઓમાં યાંત્રિકકરણ દ્વારા ઉત્પાદન શક્ય બને તેવા પ્રયાસો કરવા જોઇએ
- વસ્તિનિયંત્રણ માટે કુટુંબનિયોજનની અસરકારકતા વધારવી જોઇએ.
- આઝાદી મળ્યાના ૬૦ વર્ષ બાદ આજે પણ દેશ ગરીબી અને બેકારીનો ભયંકર સામનો કરી રહ્યો છે. ૧૯૭૯માં ગુરુપદ સ્વામી સમિતિએ આપેલ અહેવાલ મુજબ કહેલું કે બાળશ્રમ માટે જવાબદાર કારણ દેશની ગરીબી છે.
- બાળશ્રમ રોકવા પ્રાથમિક શિક્ષણ ફરજીયાત અને નિઃશુલ્ક જરૂરી છે.

● ● ●

**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**
**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

# બાળપણનો બચાવ: માત્ર કાયદાથી નહીં

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૬માં ૧૪ વર્ષથી નીચેની વય ધરાવતા બાળકોને રેસ્ટોરન્ટ, હોટલ, ચાની કિટલી, ઢાબા અને ઘરઘાટી તરીકે રોજગારી આપતાં કામે રાખવા પર પ્રતિબંધ લાદયો છે. અને છતાં દેશમાં બાળમજૂરીનું પ્રમાણ ખૂબજ પ્રવર્તી રહ્યું છે. વર્ષ ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ હોટલ, રેસ્ટોરન્ટ, ચાની કિટલી અને રસ્તાઓ પર આવેલા ઢાબાઓમાં ૬૧ હજાર જેટલા બાળકો કામ કરી રહ્યા હતા. આંકડાઓની દ્રષ્ટીએ જોઇએ તો દેશમાં વિશ્વના સૌથી વધુ એવા ૧.૨૬ કરોડ બાળમજૂરો કામ કરી રહ્યા છે. તેની તુલનામાં હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતા બાળકોનો ઉપર મુજબનો આંકડો નાનો જ રહ્યો.

બાળમજૂરીને રોકવા માટે કાયદો એક જરૂરી પગલું હોવા છતાં તેથી કરીને સમસ્યા હલ નથી જ નથી. પ્રતિબંધ મૂકાયો છે પણ તેથી કાંઇ પરિણામ આવતું નથી. પ્રતિબંધ તે શું વાસ્તવવાદી છે ? તેમાં સફળતા મળશે ? બાળકોના વાલી આ મુદ્દે સહકાર આપશે ? થોડી ઘણી રોજગારી મળતી હોય તેને પણ શું બાળકો સરળતાથી છોડી દેશે ? અમેરિકાએ કાપેટ નિકાસો પર પ્રતિબંધ મુકતા નેપાળી બાળકો દેહવિક્રય તરફ વળ્યા હતા. બાંગ્લાદેશના વસ્ત્ર ઉદ્યોગ પર ભીંસ વધતાં, બાળકો પથ્થર ફોડવા જેવા જોખમી વ્યવસાયો તરફ વળ્યા હતા. લગભગ તમામ કિસ્સામાં બાળકો સામાજિક કે પછી આર્થિક દબાણો કે પછી પસંદગીની યોગ્ય તક ના મળ્યાના



સંજોગોમાં જ બાળમજૂરી તરફ વળે છે. બાળમજૂરી કરતા બાળકોના માતાપિતાઓ પણ બેરોજગાર હોય છે કે પછી વર્ષમાં માત્ર ૫૦-૬૦ દિવસની રોજગારી જ મેળવે છે. નીતિના ઘડવૈયાઓ સમાજની કઠોર વાસ્તવિકતાઓથી પરીચિત હોવા જોઇએ. બાળકોને કદાચ મજૂરી કે રોજગારીથી દૂર કરીને સંપૂર્ણપણે શાળામાં મોકલવામાં આવે તો પણ કદાચ માધ્યમિક શાળા સુધીજ ભણી શકશે ? પરંતુ પછી શું ? તેમને રોજગારી અંગેની કોઇ ખાતરી મળે છે ? આપણા દેશમાં રોજગારી મેળવવી આસાન નથી. તેના બદલે બાળકો જો કોઇ વ્યવસાયિક કલા શીખતા હોય તો તેને પ્રોત્સાહન અપાવું જોઇએ. સાથો સાથ તેમના શિક્ષણ માટે યોગ્ય જોગવાઇ પણ કરવી જોઇએ. તેમને ભણતા ભણતા જ કમાણી કરવાની તક મળવી જોઇએ. તેમને રમવા માટે પણ પૂરતો સમય અપાવો જોઇએ. બાળકોના નૈતિક, સંવેદનાકીય અને શારીરિક વિકાસ માટે એમને તમામ સુવિધા પુરી પાડવી તે સમાજની જવાબદારી છે. આપણે સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી આ દિશામાં વિચારવું જોઇએ.

● ● ●

# જેલમાં જન્મ્યા અને જેલમાંજ ઉછરતા હજારો બાળકો

યશવંત કડીકર

*મહારાષ્ટ્રની જેલમાં આવા હજારો બાળકો છે, જેઓ જન્મ્યા જ જેલમાં છે. પોતાની માતાઓની અપરાધની સજા ભોગવી રહેલા આ માસુમ બાળકો સમજે છે કે દુનિયા ફક્ત જેલની અંદરજ હોય છે. કેટલાંક બાળકો તો એવું માનવા લાગ્યા છે કે દુનિયામાં ફક્ત સ્ત્રીઓ જ હોય છે.*

*જ્યારે બાળક પાંચ વર્ષનું થઈ જાય છે તો કાયદો પહેલાં સગાવ્હાલાંને શોધે છે. જે સ્વેચ્છાએ એમની જવાબદારી લેવા માંગતા હોય. જેવી રીતે માનવામાં આવે છે કે લોકો આગળ નથી આવતા.*

*દોઢ વર્ષનો મહેશ એની માતાની સાથે કોટડીમાં લગભગ ૪૫ બીજી સ્ત્રીઓની સાથે રહે છે. તેતો એમજ માને છે કે દુનિયામાં ફક્ત સ્ત્રીઓજ છે.*

યરવાડા મહિલા જેલ પૂનાના અંડરટ્રાયલ સેકસન (જેના પર કેસ ચાલી રહ્યો છે)ના કેટલાક રહેવાસીઓની ઉંમર ચાર વર્ષ કરતાં પણ ઓછી છે.

એમના જન્મથી પહેલાં એમના ભાગ્યનો ફેંસલો 'મહારાષ્ટ્ર પ્રિજન મેન્યુઅલે' કરી દીધો. તેઓ ચાર વર્ષના થાય ત્યાં સુધી પોતાની માતા સાથે 'અંડર ટ્રાયલ' જેલમાં રહેશે. અને એ પછી એમને એમના સગા કે અનાથાશ્રમને સોંપી દેવાશે. કાયદાએ એમના સમાજના મુખ્ય પ્રવાહથી અલગ કરી દીધા અને સાથે એમના બાળપણને પોલીસ, જેલ અધિકારીઓ અને સગાંવ્હાલાં કે અનાથાશ્રમ પર આધારિત કરી દીધું. આપણે જાણીએ છીએ કે કોઇને એમનામાં રસ નથી.

જેલમાં વીતેલું બાળપણ વિચિત્ર હોય છે. દિવસની શરૂઆત થાય છેઃ સવારના છ વાગ્યા થી મેટ્રન દરવાજો ખોલે છે અને બંદીવાનોની ગણતરી કરે છે. રાત વીતી જાય છે અને સૂર્યના કિરણો તિરાડોમાંથી અંદર આવવા લાગે છે. આવા અંધકારમાં ઉછરેલ પાતળો, દૂબળો પીળા ચહેરાવાળો જીતુ જોયા વગરજ જાણી લે છે કે દરવાજા પર કોણ છે, તે માને વળગી પડતાં કહે છે, "મા, મેટ્રન આવી" મેટ્રન ગણતરી કરી આગળ નીકળી જાય છે. એક...બે...ત્રણ... ચાર...અને બે વર્ષનો નાનો જીતુ પોતાના અવાજમાં એની નકલ કરે છે.

દસ વાગે જીતુ અને એની માતા સિમેન્ટવાળા આંગણાંમાં જઇને લાઇનમાં બેસી જાય છે. એમના હાથમાં ભોજન લેવા માટે એલ્યુમિનિયમની એક ડીશ, બે પ્યાલા હોય છે. એક મેટ્રનની દેખરેખમાં ૪૪૦ મિલીમીટર દૂધ (લગભગ અર્ધો ગ્લાસ) પાણી જેવી દાળ અને થોડો ભાત બધાને આપવામાં આવે છે. જીતુનીમાં ભોજનને લઇને અંદર લઇ જઇને પહેલાં જીતુને ખવળાવે છે, પછી પોતે ખાઇ લે છે. ફરી એક વાર ભોજન મળશે બપોર પછી સાડાચાર વાગે. પૂરતાં ભાત-દાળ, દૂધ બિલકૂલ નહીં. જીતુને આ જેલમાંથી બે કલાકની રજા મળે છે. જયારે એ રમવાને સમયે બાલમંદિર જાય છે. હકીકતમાં તો એ "બેરેક"નું નાનું સ્વરુપ છે. જે દિવાલોથી ઘેરાયેલો વરંડો છે. વગર ધોયલા ગાદલાઓમાં નવજાત શીશુઓને રાખવામાં આવે છે.જીતુ જેવા થોડા મોટા બાળકો ઢીંગલી વિગેરે ત્યારેજ રમી શકે છે જો કર્મચારીઓ દ્વારા પ્લાસ્ટિકનાં કવર એના પરથી દૂર હટાવવામાં આવ્યા હોય.

અઠવાડિયામાં એક વાર બાળકોને એમની માતાની સાથે યરવાડા જેલમાંથી મુંબઇની આર્થરરોડ જેલમાં લઇ જવામાં આવે છે. ત્યાં એમની માતાઓના કેસની સુનવણી થતી હોય છે. ત્યાં જગ્યા કરવા માટે મુંબઇના કેટલાંક "અંડર ટ્રાયલ" કેદીઓ અને એમના બાળકોને આકસ્મિક રીતે યરવાડા મોકલી દેવામાં આવે છે. એક જેલ અધિકારીના કહેવા પ્રમાણે આ સાપ્તાહિક પરિવર્તન જ બાળકોની

(લેખક જાણિતા પત્રકાર - સાહિત્યકાર છે.)

દેખભાળમાં બધાક બને છે.

જ્યારે બાળક પાંચ વર્ષનું થઇ જાય છે તો કાયદો પહેલાં સગાવ્હાલાં ને શોધે છે. જે સ્વેચ્છાએ એમની જવાબદારી લેવા માંગતા હોય. માનવામાં આવે છે કે લોકો આગળ નથી આવતા. એવા બાળકોને કોણ ચાહે, જેમની માતા જેલમાં હોય ? શું થશે જો એમની માતાને સજા કરવામાં આવશે ? અને કદાચ જો છૂટી પણ જાય તો કાયદાના કેસોની મુદ્દતોને જોતા કોણ જાણે કેટલો સમય લાગી શકે ?

બહુ ઓછા સગાવ્હાલાં એમને સ્વીકારે છે અને રાતોરાત એમની જિંદગી કોઇ અજાણ્યા માનવીઓ પર નિર્ભર થઇ જાય છે. અને ક્યારેક એવું વિચીત્ર પણ બને છે કે એ અજાણ્યો માણસ એમનો પિતા પણ હોય જેમને જેલની દિવાલોએ એમનાથી અલગ કરી દીધા હતા. અને પિતા કે સગાની ભાળના મળે તો બાળકોને અનાથાશ્રમમાં મોકલી આપવામાં આવે છે. જયાં નિરાધાર અને અપરાધી બાળકોને રાખવામાં આવે છે. ત્યાં ગયા પછી પણ એમના નામ નિરાધાર બાળકોમાં આવી જાય છે. અને અપરાધ અને સજાની દુનિયામાં ઉછરતાં, ચાલાક અને બોલકાં મોટાં બાળકોની વચ્ચે એમની જિંદગીની સફર શરૂ કરી છે.

એમના બાળપણનો શેષ ભાગ રાજ્ય દ્વારા ચલાવાતા અનાથાશ્રમમાં વીતે છે. જ્યાં એમને શિક્ષણ આપવામાં આવે છે અને દેખભાળ કરવામાં આવે છે. પણ એમને એ કદી ખબર નથી પડતી કે પ્રેમ, લાગણી અને કુટુંબનો શો મતલબ હોય છે. અઢાર વર્ષના થયા પછી તેઓ સ્વતંત્ર રીતે એકલવાયુ જીવન જીવવા માટે લાચાર હોય છે.

એક વણલખાયેલો નિયમ એ પણ છે કે બાળક માતાને ફરી કદી ના મળી શકે, "ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ સોશીયલ સાયન્સ" "પ્રયાસ" નામનો એક કાર્યક્રમ ચલાવે છે. આ સંસ્થાના રોશની નાયર કહે છે કે, કાયદો મોટા બાળકોને જેલમાં પ્રવેશવાની મંજૂરી નથી આપતો, અને માતા બાળકને મળવા નથી આવી શકતી કારણકે પ્રદેશ વચ્ચે એમનો ત્યાં આવવાનો ખર્ચ બહુ થાય છે. હકીકતમાં કાયદા માટે આ કોઇ મુદ્દોજ નથી.

પરિમાણે પછીની જિંદગીમાં આવા બાળકો કેટલીય સમસ્યાઓથી પિડાય છે. રોશની કહે છે. "તેં મોડેથી બોલવાનું શરૂ કરે છે. એ સિવાય કેટલાંક બાળકો બોલતાં અચકાતાં હોય છે. 'હાઈપર એક્ટીવીટી' આક્રમક વર્તન, ચીસો પાડવી, કે વધુ પડતા અધિકાર ભોગવવાની ટેવવાળા બને છે. એમને બાળપણથી જ ભ્રામક અને વિરોધી સંદેશ મળે છે. કારણ કૌટુંબિક વ્યવસ્થાથી જુદી રીતે, એમની માતા સિવાય બીજી સ્ત્રી કેદીઓ અને મેટ્રન દ્વારા ધમકાવવામાં અને મારવામાં આવતાં હોય છે."

કુટુંબ, જાતિ, ઓળખ, અને સ્નેહની જે ધારણાઓ કુટુંબમાં સ્વાભાવિક હોય છે. એ બધાનો અભાવ જેલમાં હોય છે. જેનો ભોગ આ બાળકો બને છે. જેમકે હરીશ જે બે વર્ષનો છે તે નથી જાણતો કે ઘર શું હોય છે, યરવાડા જેલ જ્યાં એની માતા જેલમાં છે. એના માટે એકમાત્ર ઘર છે.જ્યાં એણે ખાલી રૂમો, મોટી ભયાનક દીવાલો અને તાળા વાસેલા દરવાજાજ જોયા છે.

દોઢ વર્ષનો મહેશ એની માતાની સાથે કોટડીમાં લગભગ ૪૫ બીજી સ્ત્રીઓની સાથે રહે છે. તેતો એમજ સમજે છે કે દુનિયામાં ફકત સ્ત્રીઓજ હોય છે. તે એ બધાંને 'મમ્મી' કહે છે. બીજો એક બાળક સુનીલ પોતાને છોકરી સમજે છે. અને પોતાને સ્ત્રીલીંગી શબ્દોથી સંબોધિત કરે છે. "હું આવીતી, હું ગઇતી" હરિશ અને મહેશ જેવા બાળકોને જે નુકશાન થઇ ચૂક્યું છે એ કદી ભરપાઇ થાય એમ નથી. એને એથીયે વધુ કરુણાજનક તો એ છે કે બાળકો પોતાને હમેશા સમાજથી પર માને છે. અને થાકીને આત્મહત્યા તરફ વળે છે. એક 'અંડરટ્રાયલ' કેદીની પુત્રી મધુ પહેલાં જેલ અને ત્યાંથી પછી અનાથાશ્રમ પહોંચી અને પછી ચાર વર્ષ પહેલાં ૧૯ વર્ષની ઉંમરે એણે કૂવામાં પડીને આત્મહત્યા કરી. એ એની માતાને પત્રમાં લખતી કે સમાજની દીવાલો એને ભીંસી રહી છે. એ મુક્ત રીતે શ્વાસ પણ નથી લઇ શકતી. એ કોઇની સાથે મૈત્રી પણ બાંધી નથી શકતી. કારણ તે પોતાના વિશે વાત કરતા ડરે છે.

એકવાર યરવાડા જેલમાં જવાનું થયું તો એક ક્ષણ એવી આવી જ્યારે જેલના બાળકોનું એકલવાયુ પણું નજરે પડ્યું. જેલનો દરવાજો ખોલવામાં આવ્યો હતો. જેથી અંડરટ્રાયલ કેદી એમનાં બાળકો મને મળવા માટે વહીવટી કાર્યાલયમાં આવી શકે. તેઓ જમીન પર અને સ્ટૂલ પર બેસી ગયાં. હું જોતો રહ્યો. અને એક એક કરતાં બાળકો માતાના ખોળામાંથી ઉઠીને જવા લાગ્યા. જાણે કોઇ લોહચૂંબક એમને જેલના મૂખ્ય દરવાજા તરફ ખેંચી રહ્યું હોય.

પછી તે બધા જેલના ભારેખમ લોખંડના દરવાજાઓની તીરાડોમાંથી બહારની દુનિયાનું દ્રશ્ય જોવા લાગ્યા. એ દુનિયા જેના દરવાજા એમના માટે બંધ છે.

● ● ●

# પોલીયો શું છે ?

*'ઓપીવી' અસરકારક સાબિત થાય તે હેતુસર તેને રસીકરણ વિકલ્પ રૂપે અનેકવાર આપવી જોઇએ 'ઓપીવી'ના ડોઝની સંખ્યાનો પ્રશ્ન છે ત્યાં સુધી તે બાળકની તંદુરસ્તી અને કેટલા પ્રકારના વાયરસના ચેપની સંભાવના વચ્ચે બાળક જીવી રહ્યું છે તેના પર આધારિત છે. ગીચ વસ્તીમાં બિન આરોગ્યપ્રદ અસ્વચ્છ વાતાવરણ વચ્ચે વસી રહેલા બાળકને 'ઓપીવી'ના વધુ સંખ્યામાં ડોઝની આવશ્યકતા રહે છે.*

*જ્યારે જ્યારે પોલિયોના કેસ નોંધાય છે ત્યારે ત્યારે રસીકરણ ઝુંબેશ પર જ દોષના ટોપલા ઢોળવામાં આવે છે. આ માટે એ સમજ વિકસાવવી જરૂરી બની રહે છે કે બાળકમાં જ્યાં સુધી પૂરેપૂરી રોગપ્રતિકારક શક્તિ ના જન્મે ત્યાં સુધી તેના પર પોલિયોનું જોખમ તોળાયેલું રહે છે. આથી કરીને જ પાંચ વર્ષથી નીચેના બાળકોને રસીકરણના પ્રત્યેક રાઉન્ડ વખતે એકજ સમયાવધિમાં તમામ બાળકો રસીનો ડોઝ આપવામાં આવે તે ખુબજ મહત્વનું છે.*

વર્ષ ૨૦૦૪ સુધીમાં ભારતને પોલિયો મુક્ત બનાવવાની યોજના હતી આ મુદ્દત વીતી ગયાના ત્રણ વર્ષ પછી પણ દેશની સૌથી સફળ મનાઇ રહેલી રસીકરણ ઝુંબેશ પોલિયોમુક્તિના ધ્યેયને આંબવા માટે ઝઝુમી રહી છે. જૂના શંકાસ્પદ વિસ્તારો જ નહીં પરંતુ નવા વિસ્તારોમાંથી પણ પોલિયો કેસના અહેવાલ મળી રહ્યા છે. તાજેતરમાં રાજધાની દિલ્હીમાં જ 'પીવી-૩'ના લક્ષણો ધરાવતો પોલિયો કેસ નોંધાયો છે. શું ભારત પોલિયોમુક્ત બની શકશે ? બાળકોને પીવડાવવામાં આવતાં પોલિયો રસીના ટીપા પોલિયોમુક્તિ માટેનું અસરકારક અને સસ્તું શસ્ત્ર બની શકશે? કે પછી આપણે વધુ ખર્ચાળ અને ઇન્જેક્શનથી અપાતા રસીના વિકલ્પના માર્ગે જ વળવું પડશે ? અત્રે એ મુદ્દે વિષદ છણાવટ કરવામાં આવી છે.

### પોલિયો શું છે ?

'પોલોમીલિટિસ' તે 'પોલિયો વાયરસ'થી થતો ચેપી રોગ છે. આ વાયરસ સંવેદનાતંત્રને નિશાન બનાવીને પક્ષધાતની સ્થિતિ સર્જે છે કે પછી ગણતરીના કલાકોમાં મોત પણ નોંતરે છે.

### પોલિયો કઇ રીતે ફેલાય છે ?

પોલિયો વાયરસ (વિજ્ઞાનની ભાષામાં વાઇલ્ડ પોલિયો વાયરસ કે પછી ડબલ્યુવીપી તરીકે ઓળખાય છે) એ ખૂબજ ચેપી રોગ છે તે પોલિયો પ્રભાવિત વ્યક્તિના સંસર્ગમાં આવેલી આહાર સામગ્રી કે પછી પાણીના માધ્યમથી દર્દીના શરીરમાં પ્રવેશે છે. વાયરસમાંથી અનેક જીવાણું પેદા થઇને રૂધિરના માર્ગે મગજમાં અને કરોડરજ્જુના સંવેદનાતંત્ર સુધી તે પહોંચે છે. ખાસ કરીને પાંચ વર્ષ નીચેની વયના બાળકને આ રોગનો ચેપ લાગે છે.

પોલિયો માત્ર માનવજાતને થતો રોગ છે. વાયરસ પ્રવેશ પછીના ત્રણથી પાંચ દિવસમાં તેના સામાન્ય લક્ષણો જોવા મળે છે અને એકથી બે સપ્તાહમાં તો પક્ષધાત સુધીના લક્ષણો સામે આવી જતા હોય છે. અજાણતા જ મોટી સંખ્યામાં લોકો પોલિયોની સામાન્ય અસરથી પીડાઇ શકે છે. ફ્લુ જેવી ગંભીર બિમારી સાથે પોલિયોનો પ્રવેશ આગળ જતાં શરીરમાં સંવેદના તંત્ર અને નબળાઇના લક્ષણો સર્જે છે.

### પોલિયોના પ્રકાર

વ્યક્તિને પક્ષઘાત તરફ ઢસડી જતો પોલિયો ખાસ કરીને ત્રણ પ્રકારના પોલિયો વાયરસ પીવી-૧ (પોલિયોવાયરસ-૧) પીવી-૨ અને પીવી-૩થી થતો હોય છો. આ ત્રણ પૈકીનો પીવી-૧ પ્રકારનો વાયરસ સૌથી ગંભીર પ્રકારની બિમારી નોંતરે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યા મુજબ ભારતમાં ૨૦૦ બાળકોએ એક બાળક આ વાયરસથી પીડાઇ રહ્યું છે.

પીવી-૨ વાયરસથી પીડાતા ઘણાં લોકોનું નિદાન આરંભે મેનિન્જાઇટિસ તરીકે થયા બાદ તેઓ કોમામાં સરી જતા હોય છે. પરંતુ આવા કિસ્સામાં પક્ષઘાતની સ્થિત એટલી ગંભીર હોતી નથી. પીવી-૨ વાયરસથી પીડિત દર્દી એન્સેફેલિટિક

પોલિયો થી પીડાઇ શકે છે કે પછી સંભવતઃ કોમામાં સરી શકે છે. આ કિસ્સામાં મગજને નુકશાન પહોંચતા સ્મૃતિ પર અસર પડી શકે છે કે પછી તંદ્રાઅવસ્થા સુધીની જ ઊંઘ જેવી સમસ્યા સર્જાઇ શકે છે પીવી-૨ નબળો વાયરસ છે. અને ભારતમાંથી તેને દેશવટો અપાઇ ચુક્યો છે. છેલ્લે ૧૯૯૯માં અલીગઢમાં પીવી-૨ પ્રકારના વાયરસનો કેસ નોંધાયો હતો.

રોગચાળો નહીં પરંતુ છુટાછવાયા કેસો નોંધાતા હોવાના સંજોગોમાં પીવી-૩ વાયરસની હાજરી હોય છે.પીવી-૩ ના કિસ્સામાં ચેપ લાગવાનો દર પ્રતિ હજારે એકનો હોય છે. આ પ્રકારના પોલિયોનું પ્રમાણ છેલ્લા ૨ વર્ષ દરમિયાન પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં જોવા મળ્યું હતું પરંતુ હવે રાજ્યના અન્ય જિલ્લાઓ અને બિહારમાં પણ તેનો ફેલાવો થયો છે. પીવી-૩ પિડિત દર્દીઓ જીવનમાં આગળ જતાં પર્કિન્સથી પડાઇ શકે છે.

અન્ય ૧૨ પ્રકારના પણ વાયરસ છે કે જે પોલિયો સાથે સંકળાયેલા છે અને પક્ષઘાત સર્જી શકે છે. વર્તમાન ઉપરોક્ત ત્રણ જાણીતા પોલિયો વાયરસ માટે જ રસી ઉપલબ્ધ નથી જ. પરંતુ લોકો આ અન્ય વાયરસનો ભોગ બનીને પક્ષધાતથી પીડાવા લાગ્યા છે.

### પોલિયોના ઇલાજ છે ?

ના, એકવાર પોલિયો થઇ ગયા બાદ તેનો કોઇ ઉપચાર નથી. માત્ર ઓરલ પોલિયો વેકસિન સલામત અને અસરકારક બચાવ છે. વારંવાર આ રસી આપવાથી બાળકોનો જીવનભર પોલિયોથી બચાવ થાય છે. આડઅસરનો પ્રશ્ન છે ત્યાં સુધી 'ઓપીવી' શ્રેષ્ઠ રસી છે. આ રસી એટલી તો સલામત છે કે તે માંદા બાળકને કે નવજાત શિશુને પણ આપી શકાય છે. કહેવાય છે કે આ રસીએ વિશ્વભરના લાખો બાળકોને પક્ષઘાતથી બચાવી લીધા છે.

### ઇન્જેક્ટેબલ રસી વિકલ્પ બની શકે ?

'ઓપીવી' તે અસ્વસ્છ સ્થિતિમાં ગીચ વસ્તીમાં વસી રહેલી વસતીને સામુહિકપણે રોગપ્રતિકારક શક્તિ પૂરી પાડતા રસીકરણ માટે મદદરૂપ બને છે. 'ઓપીવી' નો ઉપયોગ કરીને જ ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને નાઇજિરીયાને બાદ કરતા વિશ્વના બાકીના તમામ દેશોમાં પોલીયો નાબુદી સંભવ બની છે.

પરંતુ આ તમામ પોલિયોમુક્ત દેશો પણ સમય જતાં આઇપીવી (ઇન્જેક્ટેબલ પોલિયો વેક્સિન તરફ વળ્યા છે. ઓપીવીથી ભિન્નપણે આઇપીવી તે તમામ પ્રકારના પોલિયો વાયરસ સામે બાળકને વ્યક્તિગત રક્ષણ આપે છે બે વર્ષ પહેલા ભારતના નિષ્ણાંત સલાહકાર જૂથે પણ સલાહ આપી હતી કે પશ્ચિમ ઉત્તરપ્રદેશના પોલિયો માટે વધુ જોખમી સાબિત થઇ ચૂકેલા જિલ્લાઓ માટે સરકારે 'આઇપીવી' ને ઉપયોગમાં લેવાના વિકલ્પને મુદ્દે વિચારણા કરવી જોઇએ. પરંતુ પોલિયોના ઝેરી વાયરસ હજી પણ ઘૂમી રહ્યા હોવાના સંજોગોમાં ભારત જેવા દેશમાં સામુહિક રસીકરણ માટે 'ઓપીવી' તે શ્રેષ્ઠ સાધન છે.

### બાળકને 'ઓપીવી'ના કેટલા ડોઝ આપવા જોઇએ

'ઓપીવી' અસરકારક સાબિત થાય તે હેતુસર તેને રસીકરણ વિકલ્પ રૂપે અનેકવાર આપવી જોઇએ 'ઓપીવી'ના ડોઝની સંખ્યાનો પ્રશ્ન છે ત્યાં સુધી તે બાળકની તંદુરસ્તી અને કેટલા પ્રકારના વાયરસના ચેપની સંભાવના વચ્ચે બાળક જીવી રહ્યું છે તેના પર આધારિત છે. ગીચ વસ્તીમાં બિન આરોગ્યપ્રદ અસ્વચ્છ વાતાવરણ વચ્ચે વસી રહેલા બાળકને 'ઓપીવી'ના વધુ સંખ્યામાં ડોઝની આવશ્યકતા રહે છે.

જ્યારે જ્યારે પોલિયોના કેસ નોંધાય છે ત્યારે ત્યારે રસીકરણ ઝુંબેશ પર જ દોષના ટોપલા ઢોળવામાં આવે છે. આ માટે એ સમજ વિકસાવવી જરૂરી બની રહે છે કે બાળકમાં જ્યાં સુધી પૂરેપૂરી રોગપ્રતિકારક શક્તિ ના જન્મે ત્યાં સુધી તેના પર પોલિયોનું જોખમ તોળાયેલું રહે છે. આથી કરીને જ પાંચ વર્ષથી નીચેના બાળકોને રસીકરણના પ્રત્યેક રાઉન્ડ વખતે એકજ સમયાવધિમાં તમામ બાળકો રસીનો ડોઝ આપવામાં આવે તે ખુબજ મહત્વનું છે.

### ભારતમાં પોલિયો રસીકરણ

'ઓપીવી'રસીકરણ ઝુંબેશે ભારતમાં ભારે પ્રગતિ સાધી છે. ૧૯૮૮માં વૈશ્વિક રસીકરણ કાર્યક્રમનો આરંભ થતાં પહેલાં ભારતમાં પ્રતિવર્ષ બેથી ચાર લાખ કેસ નોંધાતા હોય છે. પરંતુ આજે પોલિયો કેસની સંખ્યા ઘટીને ગણતરીના સેંકડો સુધીજ થઇ શકી છે.

### નવા કેસ કેટલા નોંધાયા ?

ચાલુ વર્ષે દેશમાં પોલિયોના ૨૮૧ કેસો નોંધાયા છે. આ પૈકી ૨૨૩ કેસો સાથે ઉત્તરપ્રદેશ મોખરે છે. તે પછીના ક્રમે બિહારમાં ૪૦, આંધ્રપ્રદેશમાં પાંચ, ઉત્તરાખંડમાં ૪, હરિયાણામાં ૩, મહારાષ્ટ્રમાં ૨ જયારે ગુજરાત,રાજસ્થાન, દિલ્હી અને ઓરિસ્સમાં પોલિયોનો એક- એક કેશ નોંધાયો છે.

સ્ત્રોતઃ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

# કૃષિ ઉપર કરવેરા શા માટે લેવાનું જરૂરી છે.

બી.ડી. વરૂ

*ભારત જેવા રાષ્ટ્રમાં સરકારનાં કરવેરાના અર્થકરણ કરતાં ઘણી વધારે રાજકારણની અગત્યતા ભાગ ભજવે છે. આપણી કરનીતિની મોટી સમસ્યા એ છે કે, વિશ્વનાં કોઈ પણ રાષ્ટ્ર કરતા ભારતમાં કૃષિ પર કરવેરાનું પ્રમાણ ઘણું ઓછું છે. અને સબસીડીનું પ્રમાણ અનહદ વધુ છે. જેની પાછળ કોઈ આર્થિક ગણતરી નથી અને સબળાના ભેદ ગણતરી પૂર્વક જાણી શકાતા નથી. તેમજ રાજકિય દબાણને વશ થઈ આ ક્ષેત્ર તરફ આર્થિક દ્રષ્ટિથી વિચારણા કરવાને બદલે ઉપેક્ષિત ગણી લેવાની ખોટી છાપ ઉભી થઈ છે. તથા સરકારો દેવા માફ કરવા જેવા અર્થતંત્રના ઘાતક પગલાઓ લઈ રહેલ છે. દેશના અર્થતંત્રના સાચા કયાસ માટે અને કૃષિને સાથોસાથ આવક વેરા હેઠળ આવરી લેવાનું જરૂરી બન્યું છે.*

**ભા**રત એ કૃષિ પ્રધાન દેશ છે. ભારતમા કૃષિ વિભાગમાં ભારતની કુલ વસ્તીના ૭૫ થી ૮૦ ટકા લોકો ખેતી સાથે સંકળાયેલા છે. આથી આ દેશમાં કૃષિક્ષેત્રે ઉપર કરવેરાની બાબતનો મુદ્દો ઘણો ચર્ચાનો બન્યો છે.

એક અભ્યાસ પ્રમાણે ૧૯૫૬માં આપણાં દેશમાં જુદા જુદા કારણોસર ખેતી પર કરવેરાની માંગણી થઈ હતી. ભારતમાં ૧૯૩૮માં ખેતી પર કરવેરા લેવાનું શરૂ કરાયું અને તે પણ અમુક રાજ્યોમાં. ૧૯૭૨ માં એક સમિતિ નિમવામાં આવી જે સમિતિએ પણ કૃષિ પરની આવકો ઉપર તેમજ કૃષિ સાથે જોડાયેલ કૃષિ સબંધિ જેવા કે પશુપાલન, મરઘાપાલન, ડેરીફર્મ વિગેરમાંથી થતી આવકોને કરપાત્ર ગણાવી શકાય તેવી ભલામણ કરી હતી. તેમજ ભારતના ભુતપૂર્વ વડાપ્રધાન સ્વ.મોરારજી દેસાઈ પણ ખેતીક્ષેત્રે કરવેરાના હિમાયતી હતા.

ભારતમાં કૃષિક્ષેત્ર ઉપર કરવેરાની બાબતમાં ઘણા વિવાદો ઉભા થયા છે. તેમાં કેટલાક કારણોને ધ્યાનમાં લઈએ. કેટલીક બાબતો તપાસતા ખેતી ઉપર કરેવેરા ન લેવા જોઈએ એવા કારણો મળે છે. કૃષિ ઘટક દીઠ વેરો જમીન મહેસુલનું એક પ્રકારનું સ્વરૂપ છે. ભારતમાં કેટલાક રાજ્યોમાં આ રીતે કરવેરા લેવામાં આવે છે. તેના દ્વારા થતી આવકનું પ્રમાણ ઘણુ અલ્પ હોવાથી પ્રગતિશિલ કરવેરાને અવકાશ છે.

તેમજ અન્ય પ્રત્યક્ષ વેરાઓ જેવાકે ખેતીક્ષેત્રે બચત, સંપત્તિવેરો, સરચાર્જ, જેવા વેરાઓ લેવામાં આવે છે. પણ મુક્તિની મર્યાદા બહું ઉંચી રાખવામાં આવશે તેથી તેની અસરકારકતા રહેતી નથી. જ્યારે ખેતી પર પરોક્ષ રીતે પણ વેરા લેવાય છે. જેવા કે રજીસ્ટ્રેશન ફી, સ્ટેમ્પ ડ્યૂટી, આબકારી જકાત, વેચાણ વેરો આવા પરોક્ષ વેરાઓના કારણે ખેતી પર ભારણ વધુ થાય છે.

- ખેતીએ ભારતનું મુખ્ય હાર્દ છે. આથી આ ક્ષેત્ર પર કામ કરનારાનો વર્ગ ખુબ બહોળો હોવાથી આ માટે કેટલીક નીતિઓ ઘડવી તે અંગે ઘણા વિવાદોને સમર્થ જવાબ મળે. કૃષિ પર કરવેરા શા માટે ? કેટલાક કારણો આ પ્રમાણે આપી શકાય.
- ભારતમાં ખેતીવાડી પર કરવેરા જરૂરી છે. કારણ કે શહેર અને ગ્રામીણ લોકોની આવક વચ્ચે મોટી અસમાનતા છે. આ અસમાનતા દુર કરવા ખેતી ઉપર કરવેરાની આવશ્યકતા છે. શહેરી લોકોની આવક પર લેવાતા કરવેરાથી આવકનો મોટો હિસ્સો કર ભરવામાં જતો હોય છે. ત્યારે તેની વિરૂદ્ધ ગામડાની આવકો પર કરવેરાનું પ્રમાણ ઓછું છે. આમ આવકની અસમાનતા દૂર કરી શહેરી અને ગ્રામીણ આવકને સમાન બનાવવા માટે ખેતીવાડી પર કરવેરાની જરૂરત છે.
- ન્યાય સમાનતા લાવવા માટે પણ ખેતીક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. ત્યારે દેશમાં ૭૦% વસ્તી ખેતીક્ષેત્રે

(લેખક એમ.ડી.કહોર કોલેજ, વડીયા માં પ્રિન્સિપાલ છે.)

અન્ય રીતે સંકળાયેલ છે. આમ છતા ખેતી તરફથી કરવેરામાં ફાળો ૪ થી ૫ ટકા છે.

- વારંવાર ટીકાકારો એવું કહે છે કે ખેતીવાડી એક ઉદ્યોગ છે. છતાં તેનો સ્વીકાર થતો નથી અને આવકને આવકવેરાની વ્યાખ્યામાંથી બાકાત કરવામાં આવે છે. જે કર માળખાની મોટા ખામી છે. તે દૂર થવી જોઇએ.
- વિશ્વના રાષ્ટ્રોની સરખામણીએ સમાનતા પ્રાપ્ત કરવા માટે ભારતની ખેતીવાડી પર કૃષિ કરવેરાની આવશ્યકતા છે.
- ભારતમાં ૧૯૫૧ પછી આયોજન આપનાવવામાં આવ્યું ત્યારબાદ કૃષિક્ષેત્રે કેટલાક ખાસ પ્રોગ્રામોથી વિવિધ પ્રકારની યોજનાઓ કૃષિવિકાસ માટે અમલી બનાવવામાં આવી છે. સાથોસાથ ખેતીના વિકાસ માટે મૂડીરોકાણ પણ ઘણુંજ કરવામાં આવે છે. આથી આયોજન અપનાવ્યા બાદ ખેડૂતોની આવકમાં મોટા વધારો જોવા મળે છે. કેટલીક યોજનાઓ માટે સરકારશ્રીએ ૫૦ ટકા નાણાંનો હિસ્સો આ ક્ષેત્રના વિકાસ માટે રોકેલ છે. તેમાં રાસાયણિક ખાતર, સંશોધિત બિયારણો, તેમજ સિંચાઇની સુવિધાઓ અને જંતુનાશક દવાઓ જેવા વિભાગોમાં ગંજાવર મૂડી રોકાણ કર્યું છે. તેની સામે ભારતના ખેડૂતોની આવકમાં વધારો થયો છે. તેથી આપણા દેશની ખેતી પર કરવેરાની ભલામણ વાજબી છે.
- આપણા દેશમાં દિવસે દિવસે કર ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કરચોરી અટકાવવા માટે સરકારશ્રી વિવિધ કાયદાઓ અમલમાં મુકે છે. પરંતુ વધુ કર ધારકોને બચવાનો અવકાશ ખેતીક્ષેત્રની આવકો બતાવીને કર નહીં ભરવાની સંકટ બારી છે. ખેતીક્ષેત્રમાં કરવેરા નહીં લેવાતા હોવાથી ઘણાં કિસ્સામાં બીજા અન્ય ક્ષેત્રોની આવકને કૃષિની આવકમાં દર્શાવી મોટા પ્રમાણમાં કર ભરવાથી લોકો બચીને કરચોરી કરે છે. આથી, અર્થતંત્રમાં કાળાનાણાંનું પ્રમાણ વધતું જાય છે. અને સાથો સાથે સરકારને આવકમાં ઘટાડો થાય છે. તેથી સમાજમાં વર્ગ વિગ્રહનું પ્રમાણ વધતું જાય છે. ધનિક અને ગરીબ વચ્ચે એક મોટી ખાઈ ઉભી થાય છે. આથી ખેતીવાડી ઉપર કરવેરાનાખીને કરચોરી અટકાવવા માટે ભારતની કૃષિ પર કરની આવશ્યકતા છે.
- અલ્પવિકસિત રાષ્ટ્ર હોવાથી દેશમાં નાણાંની અછત જોવા મળે છે ત્યારે આપણે આપણા વિકાસકામો માટે જરૂરી નાણાંકીય સુવિધા આપણા દેશમાં આંતરીક દેવું, બાહ્ય દેવું અને ખાધપુરવણી જેવાં પગલાં ભરી આપણી દરેક યોજના માટે નાણાંકિય અછત દૂર કરવા માટે ખેતી ક્ષેત્રે કરવેરા નાંખી મોટી આવક મેળવીને બાહ્ય દેવું અને ખાધ પૂરવણી જેવા અનિષ્ટો થી આપણા દેશને બચાવી શકાય. આથી નાણાંકિય સાધને પુરા પાડવા ખેતીક્ષેત્રે કરવેરાની ખુબ આવશ્યકતા ગણવી શકાય
- ભારત જેવા રાષ્ટ્રમાં સરકારનાં કરવેરાના અર્થકરણ કરતાં ઘણી વધારે રાજકારણની અગત્યતા ભાગ ભજવે છે. આપણી કરનીતિની મોટી સમસ્યા એ છે કે, વિશ્વનાં કોઇ પણ રાષ્ટ્ર કરતા ભારતમાં કૃષિ પર કરવેરાનું પ્રમાણ ઘણું ઓછું છે. અને સબસીડીનું પ્રમાણ અનહદ વધુ છે. જેની પાછળ કોઇ આર્થિક ગણતરી નથી અને સબળાના ભેદ ગણતરી પૂર્વક જાણી શકાતા નથી. તેમજ રાજકિય દબાણને વશ થઇ આ ક્ષેત્ર તરફ આર્થિક દ્રષ્ટિથી વિચારણા કરવાને બદલે ઉપેક્ષિત ગણી લેવાની ખોટી છાપ ઉભી થઇ છે. તથા સરકારો દેવા માફ કરવા જેવા અર્થતંત્રના ઘાતક પગલાઓ લઇ રહેલ છે. દેશના અર્થતંત્રના સાચા કયાસ માટે અને કૃષિને સાથોસાથ આવક વેરા હેઠળ આવરી લેવાનું જરૂરી બન્યું છે.

● ● ●

*અનુ. પાના ૩૮ થી શરુ*

૧૨ વર્ષ અને આજીવન જેલવાસની સજાને પાત્ર ગણવો.

### (૧૫) કિશોર ન્યાય સંશોધન અધિનિયમ-૨૦૦૬ મુજબ

કિશોર ન્યાય અધિનિયમ ૧૯૮૬માં બાળકો સાથે મૈત્રીભાવ રાખનાર અપરાધી બાળકોના નામ, ફોટા વગેરે પ્રકાશિત કરવા પર કાનુની દંડ પાત્ર કરવામાટેની જોગવાઇ પણ કાયદામાં કરવામાં આવી છે.

આમ છતા, વર્તમાન સમયમાં આપણે એવા અનેક બનાવો સાંભળીએ છીએ કે જેમાં બાળ શોષણ, બાળમજૂરી, બાળલગ્ન, અને બાળયૌન સંબંધી શોષણ વગેરે. શું ખરેખર બાળકોને આ કાયદાઓનું રક્ષણ મળે છે ખરૂં ? જો વાસ્તવમાં તેમને આ સંરક્ષણ મળે તો આજનું બાળક એ આવતી કાલનો નાગરિક છે તે આવતી કાલનો વિકાસ પ્રગતિ બની શકે.

● ● ●

# કૌટુંબિક હિંસા અધિનિયમ - ૨૦૦૫
# ઘરેલુ હિંસા અધિનિયમ

પ્રો.મુકેશ જોષી

*આ કાયદા હેઠળ રાજ્ય સરકારે પ્રત્યક જિલ્લામાં એક કે વધુ સુરક્ષા અધિકારીની નિમણૂંક કરવાની રહેશે, જેણે હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને દરેક પ્રકારની મદદ કરવાની રહેશે. સુરક્ષા અધિકારીની ફરજ ફરિયાદ નોંધીને પોલીસની દરમિયાનગીરી વગર સીધી મેજિસ્ટ્રેટને પહોંચાડવામાં મદદરૂપ થવાની રહેશે. સ્ત્રીને જરૂર મુજબ કાઉન્સેલર, કાનૂની સહાય, આશ્રયસ્થાન, દાકતરી સારવાર વગેરે મેળવવામાં તે મદદરૂપ થશે.*

*ઉપરાંત આ ફરિયાદની તપાસ કરી તેનો અહેવાલ મેજીસ્ટ્રેટને આપશે. મેજીસ્ટ્રેટ ફરિયાદના બનાવની ગંભીરતા પ્રમાણે હિંસા કરનારને આ કાયદા હેઠળ માન્ય હોય તેવા કાઉન્સેલર પાસે સલાહ લેવા જવાના હુકમથી માંડીને જો અન્ય કોઈ ફોજદારી કાયદા હેઠળ ફરિયાદ નોંધવા જેવી કે ધરપકડ કરવા જેવી હોય તો તેમ કરવાનો, એમ અલગ અલગ પ્રકારના હુકમ જારી કરી શકે છે.*

કુટુંબમાં થતી હિંસા અંગે આપણા દેશમાં વર્ષો સુધી કોઇ ખાસ કાયદો ન હતો. સ્ત્રીઓને સળગાવી દેવાના કે આત્મહત્યા તરફ ધકેલવાના અને અપમૃત્યુના બનાવો વધતા જતા હતા. તેની સામે નારી આંદોલનના સતત પ્રયત્નો બાદ ૧૯૮૪ માં પ્રથમ વખત સાસરિયાઓ દ્વારા પરિણીત સ્ત્રોઓ પર થતી શારીરિક માનસિક હિંસાને ફોજદારી કાયદાની કલમ ૪૯૮(એ) મુજબ ગુનો ગણવામાં આવ્યો. આ એક ફોજદારી કાયદો હોવાથી પોલીસની દરમ્યાનગીરી અનિવાર્ય બની જતી હતી. ફરિયાદ કર્યા બાદ હિંસા કરનાર સાથે રહેવાનું મુશ્કેલ બની જતું હતું. તેથી અતિશય હિંસા સહન કર્યા બાદ જ્યારે કોઇ રસ્તો ન રહે ત્યારે જ સ્ત્રીઓ તેમાં ફરિયાદ કરવાનું વિચારતી હતી. આ કાયદા તીવ્ર હિંસાના બનાવો કે જેમાં સતત હિંસા, અંતિમ કક્ષાના શારીરિક કે માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોય તેવા બનવો વખતે ખૂબજ ઉપયોગી છે.

પરંતુ મોટે ભાગે અંતિમ કક્ષાની હિંસા ત્યારે થાય છે જ્યારે રોજબરોજ થતી હિંસાને રોકવામાં ન આવે. રોજ બરોજ થતી હિંસા અંગે સ્ત્રીઓ પોલીસની મદદ માંગવા દોડી જતી નથી. તેમજ પુરૂષ, સબંધીઓ જેલમાં જાય તેવું પણ ઇચ્છતી હોતી નથી. તેમની ઇચ્છા પુરુષને સજા કરાવવાની નહીં પણ પોતાના પર થતી હિંસા બંધ થાય તેવી હોય છે.

ઉપરાંત સ્ત્રીઓ માત્ર સાસરામાં સાસરિયા દ્વારા હિંસાનો ભોગ બને છે તેવું નથી. અનેક પ્રકારના કૌટુંબિક સબંધોમા પિયરમાં કે અન્ય પ્રકારના કુટુંબોમાં પણ સ્ત્રીઓ હિંસાનો ભોગ બને છે. તે માટે પહેલા કોઇ કાયદો ન હતો.

નવો કૌટુંબિક હિંસા અધિનિયમ એક દીવાની કાયદો છે અને તે ફોજદારી કાયદો ન હોવાથી પોલીસની દરમ્યાનગીરી વગર પણ હિંસાના રોજ બરોજના બનાવોને રોકવામાં મદદરૂપ થાય છે. જેમાં હિંસાનો ભોગ બનનાર સ્ત્રી અથવા તેના વતી સુરક્ષા અધિકારી, અન્ય કોઇ વ્યક્તિ કે સંસ્થા મેજીસ્ટ્રેટને સીધી ફરિયાદ કરી શકે છે.

### આ કાયદા હેઠળ કઇ સ્ત્રીને રક્ષણ મળે ?

આ કાયદો કુટુંબમાં રહેતી કોઇ પણ સ્ત્રી કે છોકરીને પતિ, પિતા, ભાઇ, જેઠ સસરા કે અન્ય પુરુષ સબંધી દ્વારા કરવામાં આવતા હિંસાત્મક વ્યવહાર સામે રક્ષણ આપે છે. લગ્ન કરીને કે લગ્ન કર્યા વગર પણ જો સ્ત્રી-પુરૂષ સાથે રહેતા હોય તો તેવા સબંધોનો પણ આ કાયદામાં સમાવેશ કરવામાં આવે છે.

### કાયદાનો અમલ કઇ રીતે થશે ?

મેજિસ્ટ્રેટને ફરિયાદ કરવા માટે સ્ત્રીને મદદરૂપ થવા આ કાયદા હેઠળ રાજ્ય સરકારે પ્રત્યક જિલ્લામાં એક કે વધુ સુરક્ષા અધિકારીની નિમણૂંક કરવાની રહેશે, જેણે હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને દરેક પ્રકારની મદદ કરવાની રહેશે. સુરક્ષા

(લેખક શ્રી આર.આર.લાલન કોલેજ, ભુજ માં વ્યાખ્યાતા છે.)

અધિકારીની ફરજ ફરિયાદ નોંધીને પોલીસની દરમિયાનગીરી વગર સીધી મેજિસ્ટ્રેટને પહોંચાડવામાં મદદરૂપ થવાની રહેશે. સ્ત્રીને જરૂર મુજબ કાઉન્સેલર, કાનૂની સહાય, આશ્રયસ્થાન, દાકતરી સારવાર વગેરે મેળવવામાં તે મદદરૂપ થશે.

ઉપરાંત આ ફરિયાદની તપાસ કરી તેનો અહેવાલ મેજીસ્ટ્રેટને આપશે. મેજીસ્ટ્રેટ ફરિયાદના બનાવની ગંભીરતા પ્રમાણે હિંસા કરનારને આ કાયદા હેઠળ માન્ય હોય તેવા કાઉન્સેલર પાસે સલાહ લેવા જવાના હુકમથી માંડીને જો અન્ય કોઇ ફોજદારી કાયદા હેઠળ ફરિયાદ નોંધવા જેવી કે ધરપકડ કરવા જેવી હોય તો તેમ કરવાનો, એમ અલગ અલગ પ્રકારના હુકમ જારી કરી શકે છે.

- હિંસા કરનારને ફરજિયાત કાઉન્સેલર પાસે કાઉન્સેલીંગમાં જવાનો હુકમ કરી શકે છે. કાઉન્સેલીંગ ચાલતું હોય તે દરમિયાન હિંસા કરનારથી સ્ત્રીને રક્ષણ મળે, સ્ત્રી તે જ ઘરમાં સુરક્ષિત રીતે રહી શકે તેની લેખિત બાંહેધરી લઇ શકે છે.
- જરૂર પડે હિંસા કરનારને ઘર છોડવાનો કે સ્ત્રી તેમજ બાળકો માટે હિંસા કરનારના ખર્ચે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો હુક્મ પણ કરી શકે છે.
- હિંસા કરનાર સ્ત્રીની નોકરીના સ્થળે હેરાનગતી જ કરે, સંયુક્ત એકાઉન્ટ વાપરી ન શકે તેવા હુક્મ મેજીસ્ટ્રેટ કરી શકે છે.
- આ કાયદા હેઠળ હિંસાનો ભોગ બનનારને પોલીસ કેસ કર્યા વગર દાકતરી સારવાર મેળવવાનો અને તે અંગેનું સર્ટીફિકેટ મેળવવાનો અધિકાર છે. અને દાકતરને તેમ કરવાની ફરજ છે.
- જો સ્ત્રીને આશ્રયસ્થાનમાં રહેવું હોય તો તેની ઓળખ કે જાણ હિંસા કરનારને ન પહોંચે તે રીતે તે આશ્રયસ્થાનમાં રહી શકે છે. તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી સુરક્ષા અધિકારીની છે.

હિંસાના ખૂબ ગંભીર ન હોય તેવા કેસોમાં કાઉન્સેલર પાસે સ્ત્રી તેમજ પુરૂષ બંનેને પોતાની વાત કહેવાની તક મળશે અને જો કાઉન્સેલીંગથી હિંસા રોકાય તો આગળ કોઇ પગલાં ભરવાની જરૂર રહેશે નહીં. આમ આ કાયદો ફરિયાદ કરનાર સ્ત્રી તેમજ જેની સામે ફરિયાદ થાય તે પુરૂષ બંનેને પોતાના સબંધો કાઉન્સેલીંગ દ્વારા સુધારવાની તક આપે છે. પણ જો કાઉન્સેલીંગ ચાલતું હોય તે દરમ્યાન હિંસા કરનાર મેજીસ્ટ્રેટના હુકમનો ભંગ કરે તો તેને જરૂર જેલ તેમજ દંડની સજા થશે. આ કાયદા હેઠળ હિંસાની ફરિયાદ કરવાથી તે ફોજદારી ગુનો નથી બની જતો પરંતુ આ કાયદા હેઠળ મેજીસ્ટ્રેટ હિંસા રોકવા માટે જે હુકમ કરે તેનો ભંગ કરનારને એક વર્ષની જેલ અને અથવા રૂા. ૨૦,૦૦૦ સુધીનો દંડ થઇ શકે છે. હિંસા કરનારને ઉપરાંત હુકમનો અમલ ન કરાવનાર પ્રોટેક્શન ઓફીસરને પણ ઉપર મુજબની સજા થઇ શકે છે.

**હિંસા મુક્ત કુટુંબ એ હિંસા મુક્ત સમાજ માટેનું પ્રથમ પગથિયું છે.**

આ કાયદો પ્રથમ વખત સ્ત્રીઓ પરની કૌટુંબિક હિંસાને તેમના માનવ અધિકારના ભંગ તરીકે જુએ છે અને એક નાગરિક તરીકેના તેના અધિકારનો ભંગ થતો રોકવાની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોને સોંપે છે.

આ કાયદો આવવાથી અને તેના વિશે જાણ થવાથી એકદમ જ બધી જ સ્ત્રીઓ પોલીસ સ્ટેશન અને કોર્ટમાં દોડી જશે અને કુટુંબ વ્યવસ્થા ભાંગી જશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે. ઉપર જણાવ્યા મુજબ આ કાયદામાં પોલીસની દરમ્યાનગીરી વગર કાઉન્સેલીંગથી માંડીને અલગ અલગ પ્રકારના હુકમો થઇ શકે છે જે સ્ત્રીને એક નાગરિક તરીકે આપણા બંધારણે બક્ષેલાં ગૌરવપૂર્ણ રીતે જીવન જીવવાના અધિકારને પ્રસ્થાપિત કરે છે અને કુટુંબ તેમજ સમાજને હિંસા મુક્ત બનાવવામાં મદદરૂપ થાય છે.

**સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા**

સૌસાયટિઝ એક્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ સુરક્ષા અધિકારીને સહાયરૂપ થવા માટેની અરજી કરી શકે છે. સ્ત્રીનું બયાન નોંધી તેઓ સુરક્ષા અધિકારીને પહોંચાડી શકે છે અને સ્ત્રીને કાઉન્સેલીંગ, કાનૂની સહાય કે દાકતરી સારવાર કે આશ્રયસ્થાન વગેરે સેવાઓ મેળવવામા મદદરૂપ થઇ શકે છે.

**આ કાયદા મુજબ હિંસા કોને કહીશું ?**

**શારીરિક હિંસા**

જેમાં એવું કોઇ પણ વર્તન કે જેથી સ્ત્રીને કે તેની કસ્ટડીમાં રહેલા બાળકને શારીરિક ઈજા થાય, તેની જિંદગી માટે ખતરો ઉભો થાય અથવા તેના સ્વાસ્થ્ય પર અસર થાય. દા.ત. તમાચા મારવા, લાત મારવી, ચૂંટલા ખણવા, ધક્કા મારવા વગેરે.

*અનુ. પાના નં ૪૮ ઉપર*

## લેખકોને નિવેદન

- **આગામી અંકથી પુસ્તક સમિક્ષાનો નવો વિભાગ શરૂ થનાર છે, જે લેખક મિત્રોએ તેમના પુસ્તકની સમિક્ષા કરાવવી હોય તેમણે પુસ્તકની બે નકલ તથા સંમતિ પત્ર મોકલી આપવા.**
- લેખની સાથે લેખકે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર અવશ્ય લખવો.
- ટાઈપ કરેલાં લેખો આવકાર્ય છે, જો એમ ન હોય તો લેખ સુવાચ્ય, મોટાં અક્ષરોમાં પાનાની એક બાજુ લખીને મોકલવા. લેખની સીડી અને ઇ-મેઈલ દ્વારા પણ મોકલી શકાશે. લેખ વિન્ડોઝ-૯૮, ભાષા ભારતી દ્વારા કંપોઝ કરેલ હોય તો આવકાર્ય છે. તસ્વીરો, આલેખો, નકશા વગેરે પણ મોકલી શકાશે.
- સંશોધનાત્મક, માહિતીસભર અને વિશ્લેષણાત્મક લેખો આવકાર્ય છે.
- લેખના પ્રકાશન અંગે લેખકોએ કાર્યાલયનો સંપર્ક ન કરવા વિનંતી. લેખની મૂળ નકલ સાચવી રાખવી. ન છાપાયેલ લેખને પરત મોકલવામાં આવતો નથી.
- બે લેખકોએ મળીને લેખ તૈયાર કર્યો હોય તો પણ કોઈ એક લેખકનું જ નામ લખવું.


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

**વિકાસલક્ષી સામાયિક એટલે**

**યોજના**

**યોજના વાંચો, યોજના વંચાવો**